# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

ઐતરાઝ ટૂમાં તાપસી પન્નુ મુખ્ય ભૂમિકા ભજવે તેવી શક્યતા...



પેજ-09

કોહલી પોતાની બેટ પર સ્ટીકર લગાવી મેચ રમવાના કેટલા કરોડ ચાર્જ કરે છે?

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 31.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 19.00 |
| સુરત | 34.00 | 20.00 |

પેજ 5





શેર બજારમાં ધોવાણ સાથે એલઆઈસીના રૂ. 83,000 કરોડ પણ ધોવાયા...

21 FEBRUARY-2025 FRIDAY

જાપાની PM ફુમિયો કિશિદા પર હુમલો કરનારને 10 વર્ષની જેલ



પેજ 10

| શેરબજાર | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75735.96 | ▼ | 203.22 |
| નિફ્ટી | 22913.15 | ▼ | 019.75 |
| સોનું | 86,043.00 | ▲ | 133.00 |
| ચાંદી | 97,199.00 | ▲ | 793.00 |


વર્ષ-14 । અંક-094 । વિક્રમ સંવત-2081 । મહા વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## શહેરો પર મહેરબાન નાણામંત્રી... યુવા-મહિલા-આદિવાસી-ખેડૂતો-સિનિયર સિટિઝનની જિંદગી સુધારવાનો પ્રયાસ

# ગુજરાતનું 3 લાખ 70 હજાર કરોડનું બજેટ રજૂ



**બજેટની મોટી જોગવાઈઓ....**

- શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે 30,325 કરોડ રૂપિયા
- બજેટમાં આદિજાતિ વિકાસ માટે 5,120 કરોડ રૂપિયા
- શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે 30,325 કરોડ રૂપિયા
- પંચાયત-ગ્રામ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે 13,772 કરોડ
- નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર માટે 25,642 કરોડ
- ભાડભૂત બેરેજ યોજના માટે 876 કરોડ રૂપિયાની જોગવાઈ

(એજન્સી) ગાંધીનગર । તા. 20

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આજે સતત ચોથીવાર ગુજરાતનું બજેટ રજૂ કર્યું. રાજ્યના ઈતિહાસમાં અત્યારસુધીનું સૌથી મોટા કદનું રૂ. 3.70 લાખ કરોડનું બજેટ રજૂ કરાયું છે. નાણામંત્રીએ અંદાજિત 85 મિનિટના બજેટ ભાષણમાં યુવાઓ, ખેડૂતો અને મહિલાઓ માટે જાહેરાત કરી. આગામી સમયમાં પાંચ લાખ રોજગારીની તકો ઊભી કરવાની જાહેરાત કરવામાં આવી છે. નાણામંત્રીએ શાયરી કે કવિતાની પંક્તિઓ વગર સીધા અંદાજમાં જ બજેટ રજૂ કર્યું.

જો ખેડૂત તેની એકમાત્ર બચત રહેતી જમીન બિનખેતી કરાવે તોપણ ખેડૂત પ્રમાણપત્ર મેળવી શકશે. વર્તમાન સમયમાં રૂપિયા એક કરોડ સુધીની લોનની રકમ માટેના 'ગીરોખત' પર 0.25% લેખે મહત્તમ રૂા.25,000ની સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ કરવાની થાય છે, જે ઘટાડીને હવે મહત્તમ રૂા.5,000ની સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ કરવાની થશે.

ખેડૂતો હવે ટ્રેક્ટરની ખરીદી કરે તો તેની સહાયમાં વધારો કરીને રૂ. 1 લાખ કરવામાં આવી છે. ઉદ્યોગોમાં સ્ટાર્ટઅપ માટે રૂ. 3600 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. 80 ટકાના બદલે 60 ટકા વિકલાંગતા ધરાવતા દિવ્યાંગોને 'સંત સૂરદાસ યોજના' હેઠળ સહાયનો લાભ અપાશે. આ ફેરફારથી 85 હજાર દિવ્યાંગને લાભ મળશે.



### ▪ દિવ્યાંગોને વાર્ષિક 12 હજાર રૂપિયાની સહાય

નાણામંત્રીએ બજેટમાં કહ્યું કે, "સંત સુરદાસ યોજના" હેઠળ 80 ટકાને બદલે હવેથી 60 ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા 85 હજારથી વધુ દિવ્યાંગજનોને વાર્ષિક 12 હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.

### ▪ કન્યા છાત્રાલય અંગે મોટી જાહેરાત

10 જિલ્લામાં 20 સ્થળે નવી સમરસ કુમાર અને કન્યા છાત્રાલય બનાવવામાં આવશે. તે સિવાય 81 લાખ લાભાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા 4827 કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ હતી.

### ▪ 5 લાખ રોજગારીના સર્જનનો વાયદો

મેન્યુફેક્ચરિંગ પાર્ક અને ટેક્સટાઈલ નીતિથી પાંચ લાખ રોજગારીનું સર્જન કરવામાં આવશે. તે સિવાય SC-ST-OBCને અભ્યાસ માટે 6 ટકા વ્યાજે લોન આપવાની પણ જોગવાઈ કરાઈ હતી. મહાનગરોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવામાં આવશે. વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ મળતી લોન અને સબસિડીની રકમમાં વધારો કરાયો હતો.

### ▪ ITIને અપગ્રેડ કરવા માટે 450 કરોડની ફાળવણી

ઘરનું ઘર સ્વપ્ન સાકાર કરવા 3 લાખ આવાસ પૂરા પાડવાનું આયોજન છે. બજેટમાં પોષણલક્ષી યોજના માટે 8,200 કરોડ રૂપિયા, મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે 200 કરોડ, ITIને અપગ્રેડ કરવા માટે 450 કરોડની જોગવાઈ કરાઈ છે.

### ▪ બજેટમાં 'સેન્ટ્રલાઇઝડ કીચન' યોજનાનું એલાન

ગુજરાત સરકારે પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓને ભોજન સારી ગુણવત્તાનું અને સમયસર મળી રહે તે માટે "સેન્ટ્રલાઈઝડ કીચન" યોજનાની જાહેરાત કરી છે, આ માટે નાણામંત્રીએ 551 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.


### ▪ શિક્ષણ માટે 59,999 કરોડની જોગવાઇ

ગુજરાતની શિક્ષણ પદ્ધતિ ૨૧મી સદીની આવશ્યકતાઓ અને વૈશ્વિક બજારની માંગ અનુસાર બદલાઈ રહી છે. ટેકનોલોજી, ઇનોવેશન અને કુશળતા વિકાસ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગત્યનો ભાગ ભજવશે.

### ▪ નમો લક્ષ્મી યોજના માટે 1250 કરોડની જોગવાઇ

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૭૮૨ કરોડની જોગવાઇ. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૨૫૦ કરોડની જોગવાઇ.

## શહેરો માટે મોટી જાહેરાત... 12 હાઇસ્પીડ કોરિડોર, ત્રણ શહેરોમાં મેટ્રો, ગિફ્ટ સિટીમાં રિવરફ્રન્ટ



ગુજરાતના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ રાજ્યનું બજેટ 2025-26 રજૂ કર્યું છે. જેમાં વિવિધ ક્ષેત્રોમાં વિકાસલક્ષી કાર્યો ઉપરાંત સબસિડી પર ધ્યાન કેન્દ્રિત કરતાં રૂ. 3,70,250 કરોડની ફાળવણી કરવામાં આવી છે. નાણાંમંત્રીએ દિન-પ્રતિદિન વધી રહેલી ટ્રાફિક સમસ્યાઓ તેમજ માર્ગ અકસ્માતોમાં ઘટાડો કરવાના હેતુ સાથે ટ્રાફિકના ઉકેલ માટે રૂ. 1020 કરોડની ફાળવણી કરી છે. જેમાં 'ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર' પ્રોજેક્ટ હેઠળ 1369 કિમીના 12 લેટેસ્ટ હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. કનુભાઈએ જણાવ્યું કે, રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓ માટે હાઈસ્પીડ કોરિડોર અને એક્સપ્રેસ વે વિકસાવવા માટે બજેટમાં કુલ રૂ. 1020 કરોડની ફાળવણી કરવામાં આ છે. વધુમાં 'ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર' પ્રોજેક્ટ હેઠળ 1369 કિમીના 12 નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે.

### રિવરફ્રન્ટના વિકાસ માટે રૂ. 350 કરોડ

દેશના સૌથી લાંબા રિવરફ્રન્ટ માટે વધુ રૂ. 350 કરોડ ફાળવવામાં આવ્યા છે. કનુભાઈ દેસાઈએ સાબરમતી નદી પર અમદાવાદ-ગિફ્ટ સિટી ગાંધીનગરને જોડતાં રિવરફ્રન્ટના બીજા ફેઝની કામગીરી પ્રગતિમાં છે. બાકીના પાંચ ફેઝનું કામ આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. દેશના સૌથી લાંબા રિવરફ્રન્ટના કામ માટે બજેટમાં રૂ. 350 કરોડ ફાળવવામાં આવ્યા છે.

### મેટ્રો રેલ ફેઝ-2ની કામગીરી આ વર્ષે પૂર્ણ થશે

અમદાવાદ, ગાંધીનગર, અને સુરત મેટ્રો વિસ્તરણનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. અમદાવાદમાં મેટ્રો રેલ ફેઝ-2ની કામગીરી ડિસેમ્બર, 2025 સુધીમાં પૂર્ણ થશે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટના 55 ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યા છે. આગામી નાણાકીય વર્ષમાં આ ક્ષેત્રે રૂ. 2730 કરોડ ફાળવવામાં આવ્યા છે.

### માર્ગ-મકાન વિભાગ માટે 24705 કરોડની ફાળવણી

રાજ્યના વિકાસ માટે માર્ગ અને પુલ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. જેમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને હાઈ સ્પીડ કોરિડોરમાં અપગ્રેડ અને નિર્માણ કરવાનું આયોજન છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ. 5000 કરોડ, પ્રવાસન સ્થળોને જોડતાં 150 જેટલા રસ્તાઓને પહોળા-રીસરફેસ કરવા રૂ. 2639 કરોડની જોગવાઈ કરી છે.

### કુદરતી આપત્તિનો સામનો કરવા સજ્જ ઇન્ફ્રાસ્ટ્રક્ચર

ગુજરાતમાં ભૂકંપ, ચક્રવાત જેવી કુદરતી આપત્તિઓની શક્યતાઓ જોવા મળે છે. આપત્તિ વ્યવસ્થાપનને ઝડપી બનાવવાના લક્ષ્ય સાથે કુદરતી આપત્તિનો સામનો કરવા સજ્જ વીજ માળખું, રસ્તાઓ અને અન્ય માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવાની જોગવાઈ પણ બજેટમાં રજૂ કરવામાં આવી છે.

### વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું બજેટ ગણાવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 2025-26ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું"-ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા આ બજેટને તેમણે વડાપ્રધાનના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે. આ માટે રૂ. 50 હજાર કરોડના પ્રાવધાન સાથે વિકસિત ગુજરાત ફંડની સ્થાપનાને તેમણે મહત્વપૂર્ણ ગણાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે, પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામો સર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. અત્યાર સુધીમાં વિકાસની રાહ પર જ્યાં ગુજરાત છે તેનાથી વધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટમાં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

## યુવાનોનું સરકારી નોકરીનું સપનું પૂરું થશે, 22,000થી વધુ શિક્ષકની ભરતીનું આયોજન

### 81 લાખ વિદ્યાર્થીઓને સ્કોલરશીપથી લઈને AI લેબ સુધી : ગુજરાતના બજેટમાં શિક્ષણ માટે મહત્ત્વની જાહેરાત

ગુજરાત રાજ્યના 2025-26ના બજેટમાં સરકારી નોકરીઓને લઈને મોટા આયોજનને લઈને જાહેરાત કરવામાં આવી હતી. જેથી સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ગુજરાતના યુવાનોનું સરકારી નોકરીનું સપનું સાકાર થતું જોવા મળી રહ્યું છે. જેમાં સરકાર દ્વારા આગામી સમયમાં 22,000થી વધુ શિક્ષકની ભરતી કરવાનું આયોજન છે, જ્યારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને અસરકારક બનાવવા માટે SRP, બિન હથિયારી અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ વગેરે સંવર્ગની 14 હજારથી વધુ ભરતી કરવાનું આયોજન છે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ બજેટ રજૂ કરતી વખતે જણાવ્યું હતું કે સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત 22,000 કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. તો બીજી તરફ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1થી 5ની 5000 જગ્યાઓ, ધોરણ 6થી 8ની 7000 જગ્યાઓ અને અન્ય માધ્યમની 1852 જગ્યાઓ એમ કુલ 13852 જગ્યાઓ ભરવા વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેની કામચલાઉ મેરિટ યાદી આજે બપોરે 3:30 વાગે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ કામ ચલાઉ યાદી https://vsb.dpegujarat.in પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ ₹૨૩,૩૮૫ કરોડની જોગવાઇ

- રાજ્ય સરકાર વર્ષ ૨૦૩૦ સુધીમાં માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ૫૦% ઘટાડાના ધ્યેય સાથે રાજ્યના તમામ લોકોની આરોગ્ય અને સુખાકારી વધુ મજબૂત બનાવવા કાર્યશીલ છે. જે માટે હું આ વિભાગના ૨૦,૧૦૦ કરોડના બજેટમાં ૧૬.૩૫%નો વધારો કરી ૨૩,૩૮૫ કરોડની જોગવાઇ સૂચવું છું.
- વર્ષ ૨૦૨૩-૨૪ના નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ Good Health and Well Being (SDG Index No.3) માં ગુજરાતે દેશના તમામ રાજ્યોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો, ગરીબ અને મધ્યમ વર્ગના એમ કુલ મળી અંદાજે ૨ કરોડ ૬૭ લાખ લોકોને કેશલેસ સારવાર માટે ૩૬૭૬ કરોડની જોગવાઇ.
- આરોગ્ય સુવિધાઓના સુદ્રઢીકરણ તેમજ બિનચેપી રોગો અને અન્ય જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ રાજ્ય સરકાર દ્વારા વર્લ્ડ બેન્કના સહકારથી શરૂ કરાયેલ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ માટે ૪૦૦ કરોડની જોગવાઇ.
- અમદાવાદની જેમ મેડીસિટી પ્રકારની ઝોનવાઇઝ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાના અમારા નિર્ધાર અન્વયે વડોદરા ખાતે મલ્ટી સ્પેશિયાલિટી તેમજ કાર્ડિયાક માટેની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણાધીન છે. તે ઉપરાંત સુરત ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ; રાજકોટ ખાતે કેન્સર અને કાર્ડિયાક સેવાઓ; ગાંધીનગર ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ શરૂ કરવા ૨૩૧ કરોડની જોગવાઇ.
- કેન્સરના દર્દીઓને ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ સુધી સારવાર લેવા ન આવવું પડે અને નજીકમાં સુવિધા ઉપલબ્ધ બને તે માટે વલસાડ, ગોધરા, હિંમતનગર અને પોરબંદર ખાતે સારવાર શરૂ કરવા ૧૯૮ કરોડની જોગવાઇ.
- બી. જે. મેડીકલ કોલેજ-અમદાવાદ, મેડીકલ કોલેજ-વડોદરા અને એમ. પી. શાહ મેડીકલ કોલેજ-જામનગર ખાતે પી.જી.ના વિધાર્થીઓ માટે હોસ્ટેલનું બાંધકામ કરવા ૧૩૭ કરોડની જોગવાઇ. G.M.E.R.S. સંચાલિત મેડીકલ હોસ્પિટલો માટે ૧૩૯૨ કરોડની જોગવાઇ
- સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા માટે ૧૦૦ કરોડની જોગવાઇ. સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે તાત્કાલિક સારવારની સેવાઓ સુદ્રઢ કરવા ૫૨ કરોડની જોગવાઇ.
- આદિજાતિ અને સામાન્ય વિસ્તારના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સાધન સામગ્રી પૂરી પાડવા માટે ૫૨ કરોડની જોગવાઇ. એમ્બ્યુલન્સની સુવિધા સુદ્રઢ બનાવવા માટે ૧૦૮ ઇમરજન્સી સેવા હેઠળ ૨૦૦ નવી એમ્બ્યુલન્સ માટે ૪૮ કરોડની જોગવાઇ.
- સુરત અને વડોદરા ખાતે ગાયનેક, પિડીયાટ્રીક વિભાગ અને સંલગ્ન નિયોનેટલ આઈ.સી.યુ., ઓબ્સેટ્રિક આઈ. સી. યુ., ગાયનેક આઈ. સી. યુ. વગેરેની સેવાઓ તથા પિડીયાટ્રીક સર્જરી વિભાગ શરૂ કરવા માટે ૪૪ કરોડની જોગવાઇ.

### કયા મંત્રાલયને કેટલા ફંડની ફાળવણી

- કૃષિ , ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે 22498 કરોડ રૂપિયા
- ઉર્જા અન પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે 6751 કરોડ રૂપિયા
- સામાન્ય વહીવટ વિભાગ માટે 1999 કરોડ રૂપિયા
- કલાયમેન્ટ ચેન્જ માટે 429 કરોડ રૂપિયા, ગૃહ વિભાગ માટે 12659 કરોડ રૂપિયા
- કાયદા વિભાગ માટે 2654 કરોડ રૂપિયા
- માહિતી અને પ્રસારણ વિભાગ માટે 362 કરોડ રૂપિયા
- મહેસુલ વિભાગ માટે 5427 કરોડ રૂપિયા
- વન અને પર્યાવણ વિભાગ માટે 3140 કરોડ રૂપિયા

### મહત્ત્વના વિભાગો માટેની ફાળવણી

- શ્રમ-કૌશલ્ય અને રોજગાર વિભાગ માટે 2,782 કરોડ
- આરોગ્ય અને પરિવહન-કલ્યાણ વિભાગ માટે 23,385 કરોડ
- સામાજિક ન્યાય, અધિકારીતા વિભાગ માટે 6,807 કરોડ
- મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે 7,668 કરોડ
- અન્ન-નાગરિક અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે 2,712 કરોડની જોગવાઇ
- રમત-ગમત, યુવા-સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગ માટે 1,093 કરોડની જોગવાઇ
- માર્ગ-મકાન વિભાગ માટે 24,705 કરોડ રૂપિયાની જોગવાઇ
- આદિજાતિ વિકાસ માટે 5,120 કરોડ રૂપિયાની જોગવાઇ
- શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે 30,325 કરોડ રૂપિયાની જોગવાઇ
- પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે 13,772 કરોડ રૂપિયાની જોગવાઇ

### ઉડ્ડયન - યાત્રાધામ માટે જાહેરાત

- નવલખી અને મગદલ્લા બંદર માટે 250 કરોડ રૂપિયા
- યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે 2,748 કરોડ રૂપિયા
- દાહોદમાં નવું ગ્રીન ફિલ્ડ એરપોર્ટ વિકસાવાશે.
- પોરબંદર, ભાવનગર, સુરત એરપોર્ટના વિસ્તરણ માટે 210 કરોડ રૂપિયા
- પારસી સર્કિટ, ક્રૂઝ ટુરિઝમ, બીચ હોટલ્સ માટે 50 કરોડની જોગવાઇ
- નાના શહેરોને મોટા શહેરોનો હવાઇ માર્ગે જોડવા 45 કરોડની ફાળવણી

### 1 કરોડ સુધીની લોનના એગ્રીમેન્ટ પર હવે મહત્તમ 5000 સ્ટેમ્પ ડ્યુટી

વડીલોપાર્જીત મિલકતમાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હકકમીના લેખ પર, પ્રવર્તમાન 4.90% સ્ટેમ્પ ડયુટીના બદલે પુત્રોના વારસદારોની જેમ ફક્ત રૂા.200ની સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની થશે. વર્તમાન સમયમાં રૂપિયા એક કરોડ સુધીની લોનની રકમ માટેના 'ગીરોખત' પર 0.25% લેખે મહત્તમ રૂા.25,000ની સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની થાય છે, જે ઘટાડીને હવે મહત્તમ રૂા.5,000ની સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની થશે. જેથી હાઉસીંગ લોન ધારકો તેમજ નાના ઉદ્યોગકારો જેવા વર્ગોને આર્થિક લાભ થશે તેમજ સરળતા વધશે.

### પોતાનું ઘર લેવાનું સપનું જોતાં લોકો માટે સબસિડીમાં 50 હજારનો વધારો

રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, 'આ બજેટમાં ઘરનું ઘર સ્વપ્નને પરિપૂર્ણ કરવા ગરીબો માટે 3 લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓમાં હાલની 1 લાખ 20 હજાર રૂપિયાની સહાયમાં મકાનદીઠ 50 હજાર રૂપિયાના માતબર વધારા સાથે 1 લાખ 70 હજાર રૂપિયા કરવામાં આવ્યા છે.

### કિસાન સૂર્યોદય યોજના માટે 2175 કરોડ

નાણામંત્રીએ બજેટ રજૂ કરતા ખેડૂતો માટે મહત્વની જાહેરાત કરી છે. જેમાં ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે કિસાન સૂર્યોદય યોજનાનો અમલ, 97 ટકા ગામોમાં દિવસે વીજળી મળી રહી છે, યોજનાને વધુ સુદ્રઢ કરવા માટે 2175 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

### આંગણવાડી માટે 274 કરોડ રૂપિયાની જોગવાઇ

બાળકોના પોષણ અને વિકાસને સુદ્રઢ કરવા આંગણવાડીઓની ભૌતિક સુવિધામાં વધારો કરવા સરકારે નિર્ણય કર્યો છે. તેને વધુ કાર્યક્ષમ બનાવવા આંગણવાડી યોજના માટે 274 કરોડ રૂપિયાની જોગવાઇ કરાઈ છે.

### શ્રમિક બસેરા યોજના" માટે 200 કરોડ રૂપિયા

શ્રમિકોને નજીવા દરે ભોજન મળી રહે તે હેતુથી "શ્રમિક અન્નપૂર્ણા યોજના" હેઠળ 290 કેન્દ્રો કાર્યરત છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ ઔદ્યોગિક વિસ્તારમાં અને બાંધકામ વિસ્તારમાં વધારવામાં આવશે. પાયાની સુવિધાઓ સાથે રહેઠાણની વ્યવસ્થા મળી રહે તે હેતુથી "મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના" માટે 200 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

# PDEU માં Chem-O-Clave 2025 નું આયોજન

## રાસાયણિક ઈજિનિયરિંગમાં નવીનતા અને જ્ઞાન માટેનું એક

(એજન્સી) ગાંધીનગર । તા. 20


પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે IICHE-કેમિકલ ઈજિનિયરિંગ સ્ટુડન્ટ ચેપ્ટર આનંદ સાથેChem-O-Clave 2025 ની જાહેરાત કરે છે, જે રાસાયણિક ઈજિનિયરિંગ ક્ષેત્રમાં નવીનતા, સહકાર અને જ્ઞાન વહેંચવાની પ્રતિબદ્ધતા ધરાવતો એક અગ્રણી ઈવેન્ટ છે.

આ બે દિવસીય સંમેલન વિદ્યાર્થીઓ, સંશોધકો અને ઉદ્યોગના નિષ્ણાતોને એકસાથે લાવશે, જ્યાં તેઓ આધુનિક પ્રગતિઓ પર ચર્ચા કરી શકે અને ટકાઉ ટેક્નોલોજીઓ શોધી શકે. હાજર રહેનારાઓ માટે નિષ્ણાતોની રજૂઆતો, રોમાંચક સ્પર્ધાઓ અને નેટવર્કિંગની તક હશે, જે તેને આશાસ્પદ ઈજિનિયરો માટે અમૂલ્ય અનુભવ બનાવશે. ઈવેન્ટની શરૂઆત 21મી ફેબ્રુઆરીએ નોંધણી અને ઉદઘાટન સમારંભથી થશે, ત્યારબાદ 'રાસાયણિક ઈજિનિયરિંગમાં ઉદ્ભવતી પ્રવૃતિઓ' વિષય પર મુખ્ય ભાષણ યોજાશે. આ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા મૌખિક પ્રસ્તુતિઓ અને 'આઈડિયાથોન' ની પ્રથમ રાઉન્ડ યોજાશે, જ્યાં ટીમો ઉચ્ચ સ્તરના સોફ્ટવેરનો ઉપયોગ કરીને નવીન મોડલ્સ તૈયાર કરશે. 22મી ફેબ્રુઆરીની સવારે 'Chemfuge Quiz' સાથે શરૂઆત થશે, જે ભાગલેણારોના તકનીકી જ્ઞાનને પરખશે. ત્યારબાદ 'અલમ્નાઈ રાઉન્ડ ટેબલ' યોજાશે, જેમાં PDEU ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉદ્યોગમાંથી મેળવેલા તેમના અનુભવો વહેંચશે. બપોર બાદ 'આઈડિયાથોન' ની અંતિમ રાઉન્ડ યોજાશે, જે પછી ઉત્તમ યોગદાન આપનારાઓને માન્યતા આપવા માટે સમ્માન સમારંભ અને સમાપન વિધિ થશે. Chem-O-Clave 2025 એ રાસાયણિક ઈજિનિયરિંગ રસ ધરાવતા લોકો માટે શીખવા, જોડાવા અને નવીનતા લાવવાનો એક મહત્વપૂર્ણ ઈવેન્ટ છે. PDEU, ગાંધીનગરમાં અમારો ભાગ બનો અને આ પરિવર્તનશીલ અનુભૂતિનો હિસ્સો બની જાઓ!

# સતધામ અમદાવાદ દ્વારા શહેરમાં સૌપ્રથમવાર પ.પૂ. સત્ શ્રી સ્વામીજીની "રાષ્ટ્ર કથા"નું આયોજન

(એજન્સી) અમદાવાદ । તા. 20

સતધામ અમદાવાદ દ્વારા શહેરમાં સૌપ્રથમવાર "જનની જન્મભૂમીશ્ચ સ્વર્ગાત અપિ ગરીયસી" અને "મેરા ભારત મહાન" આ સૂત્રોને લક્ષ્યમાં રાખી નીકોલમાં આવેલા ખોડિયારધામ ગ્રાઉન્ડ ખાતે વિશ્વમાં સૌપ્રથમવાર તા. 21 થી 27 ફેબ્રુઆરી, 2025 દરમિયાન પ.પૂ. સત્ શ્રી સ્વામીજીની "રાષ્ટ્ર કથા"નું આયોજન કરવામાં આવ્યું છે. એક સપ્તાહ ચાલનારી આ રાષ્ટ્ર કથાનો સમય રાત્રે 8.30 થી 11.30નો રહેશે. આ કથાનું જીવંત પ્રસારણ જીટીપીએલમાં 555 નંબરની ચેનલ ઉપર થશે અને સતશ્રી કથા યુટ્યુબ ચેનલ ઉપર પણ પ્રસારિત થશે. સતધામ અમદાવાદના પૂ. સર્વમંગલ સ્વામીજી એ "રાષ્ટ્ર કથા" અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મહાન દેશભક્તો અને મહાપુરૂષોના જીવન ચરિત્રો દ્વારા ભારતીય સંસ્કારોનું સિંચન અને પ્રબળ દેશભક્તિની ભાવનાની જ્યોત આજના યુવાનોના દિલમાં જગાવવાના હેતુથી ખોડિયારધામ ગ્રાઉન્ડ ખાતે તા. 21 થી 27 ફેબ્રુઆરી, 2025 દરમિયાન પ.પૂ. સત્ શ્રી સ્વામીજીની "રાષ્ટ્ર કથા"નું આયોજન કરવામાં આવ્યું છે. પ.પૂ. સત્ શ્રી



સ્વામીજી મહારાજ તેમની દિવ્ય વાણીથી આ કથામાં "યોગી ભારત-નીરોગી ભારત", "હરિયાળુ ભારત-રળીયામણું ભારત", "શિક્ષીત ભારત-વિકસિત ભારત", "સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત" બનાવવાની પ્રેરણા આપશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં સામાજિક સંબંધોમાં આવતી સમસ્યાઓ, વિવિધ પ્રકારનાં વ્યસનો, મોબાઇલ એડીક્શન, માનસિક તણાવ, જેવા વિવિધ પ્રશ્નોથી આજનો દરેક માનવી એટલી હદે ઘેરાયેલો છે, કે તે પોતે પોતાની જવાબદારીઓથી દૂર ભાગે છે, અને સ્વાભાવિક છે કે સામાજીક જવાબદારીઓથી દૂર ભાગતા માનવીમાં રાષ્ટ્ર ભાવનાનો અભાવ અવશ્ય જોવા મળે છે. વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલા માણસોને સતાવતી વિવિધ સમસ્યાઓમાંથી બહાર લાવવા પ.પૂ. સત્ શ્રી સ્વામીજી ની "રાષ્ટ્ર કથા" ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે. પ.પૂ. સત્ શ્રી સત્ શ્રી સ્વામીજી આપણા શાસ્ત્રોનાં ગહન અભ્યાસથી પ્રાપ્ત કરેલાં જ્ઞાનને વિવિધ કથાના માધ્યમથી લોકો સુધી પહોંચાડી નિર્વ્યસની, સંસ્કારી અને આદર્શ સમાજનાં નિર્માણ ઘડતરમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

# વઘઇ જતા શિવારીમાળ નજીકનાં વળાંકમાં મોટરસાયકલ સ્લીપ થઈ જતા ચાલકનું મોત



ડાંગ : પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ વઘઇ તાલુકાનાં દોડીપાડા ગામનો રહેવાસી સતીષભાઈ બાળુભાઈ ગાયકવાડ તેઓની મોટરસાઈકલ.ન.જી. જે.30.સી.5095 લઈને સાપુતારા ખાતે નવોદય વિધાલયમાં ધોરણ 12માં અભ્યાસ કરતા દીકરા આદિત્યને મળવા માટે નીકળ્યા હતા.તે અરસામાં વઘઈથી સાપુતારાને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં શિવારીમાળ ગામ નજીક લેઉવા પાટીદાર આશ્રમ શાળા નજીકનાં વળાંકમાં આ મોટરસાયકલ અચાનક સ્લીપ થઈ જતા મોટરસાયકલ ચાલક ફંગોળાઈને માર્ગમાં પટકાતા ઘટના સ્થળે ગંભીર ઈજાઓને પગલે તેનું મોત નીપજ્યુ હતુ.આ બનાવની જાણ સાપુતારા પોલીસની ટીમને થતા ઘટના સ્થળે દોડી ગઈ હતી.હાલમાં સાપુતારા પોલીસની ટીમે મૃતકની લાશનો કબજો મેળવી પી.એમ અર્થે ખસેડી વધુ તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# શિવરાત્રીના શુભ પર્વે ચાણસ્મા તાલુકાના ભાટસર ગામ નાગેશ્વર મહાદેવનો પાંચમો પાટોત્સવ ની ઉજવણી કરાશે

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના ભાટસર ગામે પૌરાણિક પાર્ષદ શિવલિંગ સ્થાપીત નાગેશ્વર મહાદેવ શિવાલય ના પાંચમાં પાટોત્સવનું શિવરાત્રી ના શુભ દિને .ભવ્ય આયોજન કરાયું છે જે દરમિયાન લઘુરુદ્.યજ્ઞ સંકલ્પોક્ત રૂદ્રાભિષેક. ભજન સંધ્યા સહિત ધાર્મિક કાર્યક્રમો નું ભાટસર ગ્રામજનો દ્વારા સુંદર આયોજન કરાયું છે જ્યારે દર્શનાર્થે આવતા શિવભકતો માટે ફરાળી પ્રસાદ નું સુંદર આયોજન કરાયુ હતું જ્યારે પવિત્ર શ્રાવણ માસમાં શ્રવણીયા સોમવાર દરમિયાન નાગેશ્વર મહાદેવ ખાતે મેળો ભરાય છે નાગેશ્વર મહાદેવ ખાતે ગુજરાત ભર માંથી શિવભકતો દર્શનાર્થે પધારી ધન્યતા અનુભવતા હોવાનું ભાટસર ના શિવભક્ત ડાહયાભાઈ દેસાઇ એ જણાવ્યું હતું.

# સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામમાં લોખંડની કોશના ઘા ઝીંકી પોતાની પત્નીની હત્યા કરતો હેવાન પતિ




કિશોર આર. સોલંકી । જાફરાબાદ

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામમાં પત્નીની હત્યા કરી પતિ ફરાર થઈ ગયો છે. ૩૨ વર્ષીય આશાબેન નિમાવત ની તેમના પતિ પરેશ નિમાવતે લોખંડની કોશ વડે હત્યા કરી છે. પરિણીતા ગામમાં વૃધ્ધો માટે રસોઈ બનાવવાનું કામ કરતી હતી અને માસિક રૂપિયા ૧૧,૦૦૦ કમાતી હતી પેટના ભાગે ૭ થી વધુ ગંભીર ઘા મારી દીધા હતા આરોપી ફરાર થઈ ગયો છે. તો તેમના ૩ સંતાન નોધારા બન્યા છે. સાવરકુંડલા પંથકમાં ખળભળાટ ગામમાં ૩૨ વર્ષીય પરિણીતાની હત્યા કરાયેલી લાશ રહેણાંક મકાનમાં મળતા ચકચાર મચી હતી આ ઘટનાની જાણ થતાં એસપી સંજય ખરાતે ગુનાની ગંભીરતા સમજી તાત્કાલિક સૂચના આપી હતી જેથી સાવરકુંડલા રૂલર પોલીસ અધિકારીઓ ઇન્ચાર્જ ડીવાયએસપી ચિરાગ દેસાઈ સહિતના અધિકારીઓ ની ટીમ ઘટના સ્થળે દોડી ગયા હતા મૃતક આશાબેન નિમાવત ને શરીરના ભાગે જમીનમાં ખોદવા માટેની લોખંડની કોશ વડે ૭ થી ૮ ઘા મારેલા છે.

આ ઘા ગંભીર રીતે મારેલા હોવાને કારણે પાછળ સુધી ઘા જોવા મળ્યા હતા હત્યા કરાયેલી લાશ ને પી.એમ. માટે સાવરકુંડલા હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પોલીસે તપાસ કરતા મૃતક પત્નીની પતિ એજ હત્યા કરી ફરાર થયો છે. હાલ પોલીસ ની ટીમો દ્વારા મૃતકના પતિની શોધખોળ હાથ ધરી છે. હત્યા અંગે સાવરકુંડલા રૂલર પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. પોલીસે અલગ અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મૃતક આશાબેન ખડકાળા ગામમાં વૃધ્ધો લોકો માટે ભોજન બનાવવાનું કામ કરતી હતી મૃતક મહિલા આશાબેન નિમાવત ના પતિ પરેશ નિમાવત લિલિયાના પૂજાપાદર ગામનો વતની છે.

# ચાણસ્મા પાલિકામાં ચૂંટાઈ આવેલા 3 નગર સેવકો કોંગ્રેસ સાથે જોડાયા



નીતિન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા નગર પાલિકા ની ચૂંટણી પૂર્ણ થઇ 15 બીજેપી 5 કોંગ્રેસ અને 4 અપક્ષ સહીત 24 નગર સેવકો ચૂંટાઈ આવ્યા છે હવે પાલિકા પ્રમુખ માટે બન્ને પક્ષ નાં અગ્રણીઓ દ્વારા રાજકીય દવા શરૂ કરાયા છે ત્યારે અપક્ષ નાં ચાર નગર સેવકો પેકી 1 પરસોત્તમભાઈ પટેલ 2 શર્મિષ્ઠા બેન પટેલ 3 શારદાબેન સથવારા 3 નગર સેવકો ચાણસ્મા તાલુકા કોંગ્રેસ નાં અગ્રણીઓ ની ઉપસ્થિત માં કોંગ્રેસ પ્રમુખ શક્તિ સિંહ ગોહિલ નાં વરદ હસ્તે કોંગ્રેસ નાં ખેશ પહેરી કોંગ્રેસ ની વિચારધારા સાથે જોડાયા હતાં જયારે વધુ 1 અપક્ષ નગર સેવક કોંગ્રેસ વિચાધારા સાથે જોડાશે તેવી આશા ચાણસ્મા શહેર પ્રમુખ વરુણ ભાઈ વ્યાસે જણાવ્યું હતુ જયારે કોંગ્રેસ ભવન ખાતે કોંગ્રેસ ની વિચારધારા ને જોડાવવા ગયેલા ચૂંટાઈ આવેલા 3 નગરસેવકો સાથે ચાણસ્મા તાલુકા કોંગ્રેસ નાં અગ્રણી ઓં પેકી રાજુલભાઈ પટેલ રમેશભાઈ દેસાઈ શહેર કોંગ્રેસ પ્રમુખ વરુણભાઈ વ્યાસ સહીત વિજેતા થયેલા કોંગ્રેસ નાં નગર સેવકો ઉપસ્થિત રહયા હતાં

# આગામી બોર્ડની પરીક્ષાઓને લઈને બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

## પરીક્ષા કેન્દ્રના સ્થળના હદ મર્યાદાથી બહાર 100 મીટરના ત્રિજ્યા વિસ્તારમાં વિવિધ કૃત્યો પર પ્રતિબંધ

(માહિતી બ્યુરો,પાલનપુર)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમ્યાન ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ યોજાવાની છે. બનાસકાંઠા જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, પરીક્ષા શાંત અને સ્વચ્છ વાતાવરણમાં યોજાય તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કરે તેમજ બનાસકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા સ્થળોની અંદર તથા તેની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં ઝેરોક્ષની દુકાનો બંધ રહે તેમજ માણસોના ટોળા એકઠા ન થાય તે માટે બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મિહિર પટેલ (આઈ.એ.એસ) દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના સામેલ તમામ નિયત થયેલ પરીક્ષા કેન્દ્રોના સ્થળો ઉપર તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી પરીક્ષા કેન્દ્રના સ્થળના હદ મર્યાદાથી બહાર ૧૦૦ મીટરના ત્રિજ્યા વિસ્તારમાં વિવિધ કૃત્યો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેમાં પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બિન અધિકૃત માણસોએ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા પરીક્ષા કેન્દ્રોની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં દાખલ થવું નહી, પરીક્ષા સ્થળોની આજુબાજુના ૫૦૦ મીટરના વિસ્તારમાં તમામ ઝેરોક્ષની દુકાનો બંધ રાખવાની રહેશે, કોઈપણ ઈસમ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગીરી કરવી નહી, પરીક્ષા સંબંધી ચોરી કરાવી શકાય તેવી કોઇ વસ્તુ/ઇલેક્ટ્રોનિક યંત્ર, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહિ કે કરાવવામાં મદદગારી કરવી નહિ, કોઈપણ વ્યક્તિ પેજર, સેલ્યુલર ફોન, મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, સ્માર્ટ વોચ, વાયરલેસ સેટ, વોકીટોકી સેટ કે કોઇપણ આધુનિક સંદેશાવ્યવહારના સાધનો સાથે લઈ જઈ શકશે નહી અથવા તેનો ઉપયોગ કરી શકશે નહી, પરીક્ષાર્થીઓને શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું / કરાવવું નહી, સદરહુ આદેશ સ્કવોટ અધિકારીશ્રીઓ, બોર્ડ પ્રતિનિધી અને સરકારી પ્રતિનિધીઓને લાગુ પડશે નહિ. આ હુકમ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તથા કેંદ્ર નિયામક, સ્કવોડ અધિકારીશ્રીઓ તરીકે નિમણુંક પામેલ અધિકારી, ઈન્વીજીલેટર તથા સરકારી પ્રતિનિધિ સહિતના તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે. આ આદેશનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

# મહીસાગર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા તા. 20 ફેબ્રુઆરીથી 31 માર્ચ 2025 સુધી બી.પી. (બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર) રોગોની તપાસ માટેની મેગા ડ્રાઈવનું આયોજન

જગદીશ ત્રિવેદી લુણાવાડા

જિલ્લામાં ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ આશરે ૫,૪૮,૯૬૬ નાગરિકો માટે આરોગ્ય ટીમ ઘરે ઘરે મુલાકાત લઈને તપાસ, નિદાન કરશે મેગા ડ્રાઈવનો મહત્તમ લાભ લેવા મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થએ અપીલ કરી.

નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનીકેબલ ડીસીઝ (NP-NCD) અંર્તગત મહીસાગર જીલ્લાના લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી બી.પી. (બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર)ની નોંધણી માટેની મેગા ડ્રાઈવ યોજાઇ રહેલ છે આ ઝુંબેશમાં નાગરિકોને આરોગ્ય તપાસ કરાવવાની અપીલ કરતા મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ



સિદ્ધાર્થે જણાવ્યું હતું કે ૩૦ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિએ નજીકના આયુષ્યમાન આરોગ્ય મંદિર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને જીલ્લા હોસ્પિટલની મુલાકાત લઈ ડાયાબિટીસ અને હાયપરટેન્શનની તપાસ અચૂક કરાવવી જોઇએ. બી.પી.(બ્લડ પ્રેશર), ડાયાબીટીસ (સુગર)ની દવા સામાન્ય રીતે રોજે રોજ લેવી પડે એવી હોય છે. જો આ બન્ને રોગમાં દવા નિયમીત લેવામાં ન આવે તો મગજ, હૃદય, કિડની, લીવર, ફેફસા, આંતરડા જેવા ખૂબ જ અગત્યના અંગોને ગંભીર નુકશાન થાય છે.જેના કારણે જીવનભરની અપંગતા આવે અને મૃત્યુ પણ થઈ શકે છે. આથી સરકારશ્રી દ્વારા બન્ને રોગોની દવા નિરંતર તમને નિશુલ્ક પુરી પાડી શકે તે માટે અચુક નોંધણી કરાવો.

૩૦ વર્ષ કે તેથી વધુ વયના તમામ લોકોએ આરોગ્ય કાર્યકર પાસે પોતાનું બી.પી.(બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર) વર્ષમાં ૨ વાર અચુક તપાસ કરાવવી જોઈએ. જે તમે નજીકના કોઈપણ આરોગ્ય કેન્દ્ર/સરકારી દવાખાને તમે નિઃશુલ્ક કરાવી શકો છો એ નાગરિકોનો અધિકાર છે. અત્રે નોંધનીય છે કે મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ આશરે ૫,૪૮,૯૬૬ ના નાગરિકો માટે આરોગ્ય ટીમ ઘરે ઘરે મુલાકાત લઈને તપાસ, નિદાન કરશે અને શોધાયેલ દર્દીઓને સારવાર હેઠળ મુકવામાં આવશે.

# અબડાસા- લખપત- નખત્રાણાના અંગ્રેજી શિક્ષણ ઝંખતા વિધાર્થીઓ માટે ભારે આર્થિક ભારણ

મહેશ એલ.સોની નખત્રાણા

કરછમાં શિક્ષણ ક્ષેત્રે ભારે અવ્યવસ્થાએ પશ્રિમ કરછના ત્રણ તાલુકાના વિધાર્થીઓ પર ભારે આર્થિક બોજ નાખ્યો છે એક તો ધોરણ 10 તેમજ 12 માટે કોઈ સરકારી શાળા નથી પ્રાઈવેટ શાળાની ફી સાથે ટ્યુશન ફી તો ફરજિયાત છે પણ આ વિસ્તારમાંથી આવતા વિધાર્થીઓ માટે જો પરિવાર સાથે જીલ્લા મથકે રહેવા આવેતો મકાન ભાડા તેમજ ઘર ખર્ચ નો હિસાબ લગાવે તો વર્ષના અઢી લાખ જેટલો ખર્ચ થાય છે સરકાર કરછના છેવાડાના વિસ્તારના યુવાનો વિધાર્થીઓ ભણી ગણીને આગળ વધે તેમાટે ઉદાસીન જણાય છે હાલમાં કરછ જ્યારે ઔધોગિકરણ તરફ આગળ વધી રહ્યો છે ત્યારે કરછમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિશેષ મહત્વ આપવું જોઈએ કરછમાં આઈ. ટી .આઈ ના નવા ટ્રેનીંગ સેન્ટર ખોલવામાં આવ્યા હોય ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ ધ્યાન રાખવું જરૂરી છે અબડાસા લખપત તેમજ નખત્રાણા માં ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ ક્ષેત્રે ઘટતું કરવું જોઈએ કરછ જિલ્લા કોંગ્રેસ સેવાદળ ના પ્રમુખ રાજેશ સોનીએ આ અંગે ઉચ્ચ કક્ષાએ પત્ર લખી યોગ્ય કરવા માંગ કરી છે. વર્ષોથી કરછ શિક્ષણ ના દરેક વિભાગ સ્ટાફ ઘટની સમસ્યાથી પિડાય છે ત્યારે લગભગ 300 કીમી ના એરિયામાં પથરાયેલા કરછમાં સ્થાનિકે જ લોકો ઉચ્ચ શિક્ષણ મેળવી રોજગાર મેળવે એવી માંગ પત્રમાં કરાઈ છે.

# ડાંગ દરબાર મૂળ જગ્યાએથી અન્ય જગ્યાએ ખસેડવામાં આવશે તો ડાંગ કોંગ્રેસ દ્વારા ચક્કાજામનું અલ્ટીમેટમ

ડાંગ : ડાંગ દરબારનો મેળો એ ડાંગ જિલ્લાની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરે છે. ત્યારે ઐતિહાસિક લોકમેળો ડાંગ દરબાર -૨૦૨૫ જે પરંપરાગત સ્થળ પર યોજાય છે તે જ સ્થળ પર આ મેળાનું આયોજન કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ સ્નેહલ ઠાકરે અને કોંગ્રેસનાં નેતા મનીષ મારકણાની આગેવાનીમાં ડાંગ જિલ્લા કલેકટર, પ્રાંત અધિકારી, મામલતદાર તથા આહવા ગ્રામ પંચાયતના સરપંચને સંબોધતુ આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.ડાંગ દરબાર એ ફકત એક લોક મેળો જ નહી પરંતુ તેનુ ઐતિહાસીક મહત્વ પણ ઘણું જ વિશેષ છે. ડાંગ દરબાર એ ડાંગના ગૌરવ અને હોળી પર્વ નિમિતે આદિવાસીઓના રીત-રિવાજોની પરંપરા સાથે સીધો સબંધ ઘરાવતો ઉત્સવ છે. પ્રતિ વર્ષ આ મેળાની ભવ્યતા, લોકપ્રિયતા અને આકર્ષણ વધતુ રહ્યુ છે. ડાંગ દરબારનો સમય એ ડાંગનાં રાજવીઓના માન સન્માન અને ડાંગની પારંપરીક ભાતીગળ સંસ્કૃતીને ઉજાગર કરતો મેળો તો છે જ પરંતુ આ મેળા થકી ડાંગના તમામ તેમા ખાસ કરીને આહવાના સ્થાનિક વેપારીઓ પણ સારો વેપાર મેળવે છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ લોકમુખે અને સોશિયલ મિડીયામાં ડાંગ દરબાર મેળો અન્યત્ર ખસેડવાની ચર્ચાઓએ જોર પકડયુ છે. ડાંગ દરબાર એ સરકારી તિજોરી ભરવા કે

**પશ્ચિમ રેલવે**

**બાંધકામના કામો**

મુખ્ય વહીવટી કાર્યાલય (બાંધકામ) માર્ગ સલામતી પ્રોજેક્ટ, પશ્ચિમ રેલવે, ચર્ચગેટ ઈ-ટેન્ડર નંબર આમંત્રિત કરે છે:- CAO/C/RSP/WR/2024-25 L/01, તારીખ:- 18-02-2025.
કાર્યનું નામ :- ગ્રેડ સેપરેટર્સ (ROB/RUB/મર્જર/ડભોઈ - છોટાઉદેપુર વિભાગ (17 નંગ) અને વડોદરા વિભાગનો વડોદરા - ગેરતપુર વિભાગ (2 નંગ) (કુલ 19 નંગ) પરના રસ્તાઓનું વિલીનીકરણ/ડાઈવર્ઝન (ROB/RUB/મર્જર/ડાઈવર્ઝન)ના સંબંધમાં સંભવિતતા અભ્યાસ, તપાસ, વિગતવાર સર્વે, વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયારી અને વિગતવાર ડિઝાઈન કાર્ય હાથ ધરવું.
કાર્યનું અંદાજીત ખર્ચ :- રૂ: 3,40,20,828.18. ઈએમડી:- રૂ: 3,20,100/-. બિડિંગ માટે ઑનલાઇન ટેન્ડરની ઉપલબ્ધતા:- 26-02-2025 થી 11:00 કલાકથી 12-03-2025 સુધી 15:00 કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 1098

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**

**TRD કાર્ય**

ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : DRM/RJT/E-Tender/EL/TRD/2024-2025/22 તારીખ 20.02.2025 ઈ-ટેન્ડર સંખ્યા : DRM-RJT-EL-TRD-2024-25-22 કામનું નામ : રાજકોટ ડિવિઝનના વિવિધ સ્થળોએ કાટ લાગેલા MS બોન્ડને ગેલ્વેનાઈઝ્ડ બોન્ડથી બદલવાના સંદર્ભમાં TRD કાર્ય. (i) અંદાજિત કિંમત : ₹51,46,411.33/- માત્ર (ii) અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹1,03,000/- (iii) ઓનલાઈન અરજીની તારીખ અને સમય : 20.03.2025 ના રોજ 15:00 કલાકે. ઓફિસ સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 વેબસાઇટ : "www.ireps.gov.in" 173

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# અમરેલી સીટી પોલીસ સ્ટેશનના અપહરણ/ પોકસો ગુનામાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત



નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ. એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે આરોપી કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૮ માસથી નાસતા ફરતો હોય, આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. પકડાયેલ આરોપીની માનસીંગ રામજીભાઇ વાઘેલા, ઉ.વ.૩૨, રહે.રાંઢીયા, તા.જિ.અમરેલી. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા હેડ કોન્સ. મહેશભાઇ મુંઘવા, કુલદીપભાઇ દેવભડીંગજી, તુષારભાઇ પાંચાણી, દયાબેન જસાણી તથા પો.કોન્સ. ભાવિનગીરી ગૌસ્વામી દ્વારા કરવામાં આવેલ છે.

# ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર કે ઝીંગા ફાર્મ ચલાવતા લોકો સામે કડક કાર્યવાહી કરાય છે: ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિધાનસભા ગૃહમાં નવસારી જિલ્લાની જમીનોમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર કે ઝીંગા ફાર્મ ચાલી રહેલ હોવાની રજૂઆતો સંદર્ભે પૂછાયેલ પ્રશ્નનો ઉત્તર આપતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર કે ઝીંગા ફાર્મ ચલાવતા લોકો સામે રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે છે. મંત્રીએ ઉમેર્યું કે, તા.૩૧/૧૨/૨૦૨૪ ની સ્થિતિએ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી ગામનો અહેવાલ તા. ૨૩/૧૨/૨૦૨૪ ના રોજ, કરાંખટ ગામનો અહેવાલ તા. ૦૧/૦૨/૨૦૨૫ ના રોજ જ્યારે વાંસી અને બોરસી ગામનો અહેવાલ તા. ૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મળ્યા છે. મંત્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું કે, મહેસૂલ વિભાગે તા.૦૧/૦૯/૨૦૨૪ થી આજ સુધી રાજ્યના કુલ ૪૭૧ સર્વે નંબરોની કુલ ૨૨૪૦ હેક્ટર સરકારી પડતર જમીનમાંથી દબાણો દૂર કરેલ છે, જેની જંત્રી આધારીત કિંમત આશરે રૂપિયા ૮૯૦ કરોડ થાય છે. રાજ્યમાં હાલમાં સરકારી પડતર જમીનોમાંથી દબાણ દૂર કરવાની ઝુંબેશ ચાલુ છે. જે અંતર્ગત જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ નિયમોનુસાર પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ દબાણ દૂર કરવામાં આવે છે, તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.મત્સ્ય ઉછેર માટે જમીન ભાડા પટ્ટે આપવા બાબતે પ્રત્યુત્તર આપતા મંત્રીએ ઉમેર્યું કે, ભાડાપટ્ટાની મુદત પ્રથમ તબક્કે ૨૦ વર્ષની હોય છે. આ મુદત બાદ જમીન જે શરતોએ ફાળવી હોય તે તમામ શરતોનું પાલન કરવામાં આવે છે તેની ખાતરી કર્યા બાદ ભાડાપટ્ટાની મુદત બીજા તબક્કે ૧૦ વર્ષ લંબાવી શકાય છે. ત્યારબાદ ભાડાપટ્ટો લંબાવવા કલેકટરશ્રીએ સરકારની મંજુરી લેવાની હોય છે.ભાડા પટ્ટાની જમીનના દર વિશે માહિતી આપતા મંત્રીએ કહ્યું કે, વ્યક્તિ અને સ્વ સહાય જૂથને પ્રથમ ૩ વર્ષ માટે પ્રતિ હેકટર રૂ.૧૦૦૦ ત્યારબાદ ૪ થી ૬ વર્ષ માટે પ્રતિ હેકટર રૂ.૫૦૦૦, ૬ વર્ષ બાદ સાતમા વર્ષે, ૩ વર્ષના ગાળા માટે ૧૫% નો વધારો વસૂલવાનો રહેતો હોય છે જ્યારે સહકારી મંડળીઓના કિસ્સાઓમાં હરાજી માટેની તળીયાના ભાવ રૂ.૫૦૦૦ પ્રતિ હેકટર અને કંપનીના કિસ્સામાં હરાજી માટેની તળીયાના ભાવ રૂ.૧૦૦૦૦ પ્રતિ હેકટર છે. સહકારી મંડળી તથા કંપની દ્વારા બોલી લગાવી જે કિંમત નક્કી થાય તે કિંમત પ્રથમ ૩ (ત્રણ) વર્ષ માટે વસૂલવાની રહે છે. ૪ થી ૬ વર્ષ માટે ૨૦ % નો વધારો વસૂલવામાં આવે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ફાયરબ્રિગેડ દ્વારા દિલધડક રેસ્ક્યૂ; પત્નીનું મોત, પતિ અને માતા હોસ્પિટલમાં દાખલ

# ગોંડલમાં મકાન ધરાશાયી થતાં એક પરિવારનાં 3 દટાયાં...

ગોંડલ | ગોંડલના ગરબીચોક પાસે આવેલી સહજાનંદ સોસાયટીમાં આજે સવારે 7 વાગ્યા આસપાસ રિનોવેશન થઈ રહેલું એક મકાન અચાનક ધરાશાયી થયું હતું. એમાં પતિ-પત્ની અને માતા દટાયાં હતાં. બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઘટનામાં પત્નીનું મોત થયું હતું અને ઈજાગ્રસ્ત પતિ તથા માતાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે.

ઘટના અંગે ગોંડલ ડિવિઝનના Dy.SP કે.જી. ઝાલાએ જણાવ્યું હતું કે બે માળના મકાનનું રિનોવેશન ચાલી રહ્યું હતું. આ દરમિયાન એકાએક મકાન તૂટી પડતાં એમાં રહેતાં સુનીલભાઈ વરધાણી, તેમનાં પત્ની ઉષાબેન વરધાણી તેમજ તેમની માતા નીતાબેન વરધાણી કાટમાળમાં દબાયાં હતાં. મકાન ધડાકાભેર તૂટી પડતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ગોંડલ નગરપાલિકા ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, સાથે એક JCB, ક્રેન, એમ્બ્યુલન્સ સાથે રેસ્ક્યૂની કામગીરી હાથ ધરાઈ હતી.







### પત્નીનું મોત, પતિ-માતાનું રેસ્ક્યૂ

રેસ્ક્યૂ-ઓપરેશન દરમિયાન કાટમાળમાંથી ઉષાબેન વરધાણીને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાતાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં. બાદમાં મીતાબેન વરધાણીને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે તેમજ મકાનના પિલર નીચે દબાયેલા સુનીલભાઈ વરધાણીનું ફાયરબ્રિગેડ દ્વારા દિલધડક રેસ્ક્યૂ કરી તેમને પણ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા તેમજ તેમનો પુત્ર જ્યોતિરાદિત્ય સિંહ જાડેજા અને સ્થાનિક નગરસેવક ગૌતમભાઈ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

---

### પોરબંદરમાં વિવાદાસ્પદ ડિમોલિશન ડ્રાઈવ...

## છાયાચોકી રોડ પર દુકાનો-મકાનોના ઓટલા તોડી પડાતાં લોકોમાં રોષ

(એજન્સી) પોરબંદર | તા.20

પોરબંદર મહાનગર પાલિકાએ આજે છાયાચોકીથી પંચાયત ચોકી સુધીના વિસ્તારમાં મોટા પાયે ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરી હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે બુલડોઝરની મદદથી દુકાનો અને મકાનોના ઓટલા દૂર કરવામાં આવ્યા હતા.

સ્થાનિક સુધરાઈ સભ્ય મોહનભાઈ મોઢવાડીયાએ ડેપ્યુટી કમિશનર મનન ચતુર્વેદીને રજૂઆત કરી હતી. તેમણે વિનંતી કરી હતી કે જે દુકાનદારો સ્વૈચ્છિક રીતે ઓટલા દૂર કરે, ત્યાં બુલડોઝર ન ચલાવવામાં આવે. જોકે, અધિકારીઓએ આ રજૂઆત ધ્યાને લીધી ન હતી.

ડેપ્યુટી કમિશનર મનન ચતુર્વેદીએ જણાવ્યું કે, છાયા ચોકીથી છાયા સુધીના રસ્તાને આઈકોનિક રોડ બનાવવાનું આયોજન છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સ્થાનિક રહીશોનું કહેવું છે કે શહેરમાં મોટા પાયે થયેલી અન્ય અતિક્રમણ પર મનપા ધ્યાન આપતી નથી. નાના વેપારીઓ અને રહેવાસીઓએ જરૂરિયાત મુજબ બનાવેલા નાના ઓટલા તોડવામાં આવી રહ્યા છે. મહાનગર બન્યા બાદ વેરામાં વધારો અને હવે આ ડિમોલિશનને કારણે શહેરીજનોમાં ભારે રોષ છે.

---

## બોટાદમાં દારૂનો જથ્થો નષ્ટ:35 કેસમાં જપ્ત કરાયેલા 2.87 લાખના દારૂ-બિયર પર રોલર ફેરવાયું

બોટાદ | બોટાદ શહેર પોલીસે વર્ષ 2022થી 2024 દરમિયાન વિવિધ 35 કેસમાં જપ્ત કરાયેલા વિદેશી દારૂ અને બિયરનો જાહેરમાં નાશ કર્યો છે. બોટાદના ખસ રોડપર પ્રાંત અધિકારી આરતી ગોસ્વામી અને ડીવાયએસપી મનીષા દેસાઈની ઉપસ્થિતિમાં દારૂના જથ્થા પર રોલર ફેરવવામાં આવ્યું હતું.



પોલીસે નાશ કરેલા દારૂના જથ્થામાં કુલ 2091 બોટલનો સમાવેશ થાય છે. આ જથ્થાની કુલ કિંમત રૂપિયા 2 લાખ 87 હજાર આંકવામાં આવી છે. મામલતદાર સહિતના અન્ય અધિકારીઓ પણ આ કાર્યવાહી દરમિયાન હાજર રહ્યા હતા. પોલીસે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આ જથ્થાનો નાશ કર્યો હતો.

---

## 50 સેકન્ડના વીડિયોમાં વ્યથા ઠાલવી યુવકે ધોળીધજા ડેમમાં ઝંપલાવ્યું, પરિવારમાં શોકનો માહોલ...

# 'હું સારો સન કે બ્રધર ન બની શક્યો, માફ કરજો'

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમમાં પડતું મૂકીને એક યુવકે આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. આત્મહત્યા કરતાં પહેલાં યુવકે 50 સેકન્ડનો એક વીડિયો બનાવ્યો હતો, જેમાં તે તેના પરિવારની માફી માગતો જોવા મળે છે.

યુવાને આત્મહત્યા પહેલાં 50 સેકન્ડનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો, જેમાં તે જણાવી રહ્યો છે કે હું સારો સન ન બની શક્યો, સારો બ્રધર પણ ન બની શક્યો, સારો મિત્ર પણ ન બની શક્યો. આટલાં વર્ષો જોબ ન કરી અને તમને બહુ હેરાન કર્યા, આવું નહોતું કરવું જોઈતું. હું થાકી ગયો છું અંદરથી, બહુ તકલીફમાં છું, મને માફ કરી દેજો પ્લીઝ. ગિરીશભાઈ, રાહુલભાઈ, બનેવી, મમ્મી, બેન મમ્મીને સાચવજે પ્લીઝ. ગિરીશભાઈ રાહુલભાઈ મમ્મીને સાચવજો પ્લીઝ. હું મરી જઉં પછી મારી છેલ્લી વિશ છે કે મારા વિશે પોલીસમાં કાંઈ બહાર ન આવે કે કોઈને જાણ ન કરશો, મને માફ કરી દેજો પ્લીઝ...મને માફ કરી દેજો...પ્લીઝ માફ કરી દેજો.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ બુધવારે બપોરે એક યુવકે ધોળીધજા ડેમમાં પડતું મૂક્યું હોવાની જાણ ફાયર વિભાગને થતાં ફાયર વિભાગના અધિકારીઓ અને પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગના તરવૈયાઓએ બે કલાક સુધી ડેમના ઊંડા પાણીમાં તપાસ કરતાં યુવકનો મૃતદેહ મળ્યો હતો. આ અંગે પોલીસે યુવકના વાલીવારસા અંગે તપાસ કરતાં યુવકની ઓળખ સુરેન્દ્રનગરના હરિપાર્કમાં રહેતા 30 વર્ષીય પ્રફુલ ચાવડા તરીકેની થઈ હતી. પોલીસે પરિવારજનોને જાણ કરી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આગળની તપાસ હાથ ધરી છે.



### જાણ થતાં જ પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચ્યો

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ બુધવારે બપોરે એક યુવકે ધોળીધજા ડેમમાં પડતું મૂક્યું હોવાની જાણ ફાયર વિભાગને થતાં ફાયર વિભાગના અધિકારીઓ અને પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગના તરવૈયાઓએ બે કલાક સુધી ડેમના ઊંડા પાણીમાં તપાસ કરતાં યુવકનો મૃતદેહ મળ્યો હતો. આ અંગે પોલીસે યુવકના વાલીવારસા અંગે તપાસ કરતાં યુવકની ઓળખ સુરેન્દ્રનગરના હરિપાર્કમાં રહેતા 30 વર્ષીય પ્રફુલ ચાવડા તરીકેની થઈ હતી. પોલીસે પરિવારજનોને જાણ કરી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આગળની તપાસ હાથ ધરી છે.

### 'આત્મહત્યા કરવાના વિચાર આવે તો એકલા ન રહેવું'

મનોવિજ્ઞાનના પ્રોફેસર ડો.મનીષ વ્યાસ જણાવે છે કે કોઈપણ વ્યક્તિ આત્મહત્યા કરતાં પહેલાં એના અંશ જુદી જુદી રીતે વાણી-વર્તનમાં મળતા હોય છે . દાખલા તરીકે સૂનમૂન બેસી રહેવું, નેગેટિવ વાતો કરતા હોય છે. આવી વ્યક્તિ સાથે પોઝિટિવ વાત કરવી જોઈએ અને જો કોઈને મરી જવાના કે આત્મહત્યાના વિચાર આવે તો એકલા ન રહેવું જોઈએ. પરિવારજનો, હિતેચ્છુઓ, મિત્રો સાથે મુશ્કેલીની વાત કરવી જોઈએ. નબળા વિચાર આવે તો સૌપ્રથમ માતા-પિતાને વાત કરવી જોઈએ, કેમ કે તેમનાથી શ્રેષ્ઠ માર્ગદર્શન બીજું કોઈ આપી ન શકે.

---

# પોલીસ કમિશનરના જાહેરનામાનો ઉલાળ્યો : વડોદરામાં 10 વાગ્યા પછી પણ ડીજે વાગતા વિદ્યાર્થીઓને મુશ્કેલી

(એજન્સી) વડોદરા | તા. 20

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસએસસી અને એચએસસી બોર્ડની પરીક્ષા આગામી તારીખ 27ના રોજ શરૂ થનાર છે. ત્યારે વડોદરા શહેરમાં રાત્રિ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ધ્વનિ પ્રદૂષણના કારણે અભ્યાસમાં મુશ્કેલીઓ ઉભી થાય છે. વડોદરા પોલીસ કંટ્રોલરૂમમાં આ અંગેના રાત્રિના દસ વાગ્યા પછી કોલ મળી રહ્યા છે, ત્યારે આવા પ્રદૂષણ સામે પોલીસ કાર્યવાહી કરે તેવી માગ ઊઠી છે.

વડોદરા સહિત રાજ્યમાં રાત્રિના દસ વાગ્યા બાદ લાઉડ સ્પીકર અને મોટા અવાજ કરતા ડીજે સામે પ્રતિબંધ હોવા છતાં શહેરમાં ઠેર-ઠેર ડીજે વાગતા હોય છે. આમ તો શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું હોય છે. છતાં પણ શહેરમાં અનેક પોલીસ મથકોની પાસે ડીજે મોટા અવાજે વાગતા હોય છે અને પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી. આખરે હેરાન થતા નાગરિકો અને પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓના વાલીઓ કંટ્રોલ રૂમમાં કોલ કરી જાણકારી આપે, બાદમાં પોલીસ પહોંચી ડીજે બંધ કરાવે છે. પોલીસ જાય ત્યારે ફરી ડીજે શરૂ થઈ જતાં હોય છે.

આ અંગે અમે વડોદરા પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક કર્યો હતો અને જાણવાનો પ્રયાસ કર્યો કે, આ ધ્વનિ પ્રદૂષણના કારણે કેટલા કોલ મળે છે. ત્યારે અમને પહેલા તો માહિતી આપવા માટે આનાકાની કરવામાં આવ્યા બાદમાં માત્ર બે દિવસની માહિતી અપાઈ હતી. જેમાં 36 અને 40 કોલ કંટ્રોલ રૂમમાં મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક માસથી ઠેર-ઠેર લગ્ન પ્રસંગો ચાલી રહ્યા છે. ત્યારે આવા અનેક કોલ વડોદરા પોલીસ કંટ્રોલરૂમમાં મળી રહ્યા છે. ત્યારે સ્થાનિક પોલીસ કાર્યવાહી કરવાના બદલે કંટ્રોલરૂમમાંથી કોલ મળે તેની રાહ જોતી હોય તેવું લાગી રહ્યું છે. આગામી દિવસોમાં ધોરણ 10 અને 12ની પરીક્ષા શરૂ થાય છે, ત્યારે સ્થાનિક પોલીસ આવા તત્વો સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

આ અંગે સ્કૂલના આચાર્ય અને શિક્ષણવિદ પરેશ શાહે જણાવ્યું હતું કે, ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષા શરૂ થવાની માત્ર એક અઠવાડિયાનો સમય બાકી છે. આમ જોવા જઈએ તો જે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી આખા વર્ષમાં જે મહેનત કરી છે અને છેલ્લા દિવસો બાકી છે. ત્યારે આવા સમયની અંદર લગ્નગાળાની સિઝન છે. એ સિવાય ઉત્સવની અંદર ક્યાંકને ક્યાંક લોકો સંકળાયેલા હોય છે. વધુમાં કહ્યું કે, આવા સમયની અંદર વડોદરા શહેર હોય કે ગુજરાત રાજ્યના પોલીસ વિભાગ એમના તરફથી 10:00 વાગ્યાનો એક સમય મર્યાદા નક્કી કરાયેલ છે.

---

### મહિલાએ મિત્રતા રાખવા ઈન્કાર કર્યો તો બદનામ કરવા સો.મીડિયામાં અશ્લીલ ફોટા અને કોમેન્ટ કરી

## મહિલાના નામે ફેક એકાઉન્ટ ચલાવતો આરોપી ઝડપાયો

(એજન્સી) સુરત | તા. 20

સુરત શહેરમાં એક મહિલા પર એક જાણીતાં વ્યકિત દ્વારા મિત્રતા રાખવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું. મહિલાએ ઈન્કાર કર્યો તો આરોપીએ મહિલાના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી અશ્લીલ ફોટા અને અભદ્ર ટિપ્પણીઓ પોસ્ટ કરીને તેણીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો. આખરે, પીડિતાએ રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી, જેના આધારે પોલીસે આરોપીને વલસાડથી ઝડપી લીધો.

પોલીસની ટીમે IP એડ્રેસ અને CDR એનાલિસિસ દ્વારા ફેસબુકના મેટા પ્લેટફોર્મની સહાયથી આરોપીનું લોકેશન શોધ્યું. આરોપી અજીત શિવશંકર યાદવ (ઉંમર 28), મૂળ બિહારના નાલંદા જીલ્લાના દુર્ગાપુર ગામનો વતની છે અને હાલ વલસાડ જિલ્લાના વાપી વિસ્તારમાં



કલરકામ કરી રહ્યો હતો. રાંદેર પોલીસની ટીમે તાત્કાલિક વલસાડ જઈ આરોપીને ઝડપી પાડ્યો અને તેના મોબાઈલ ફોન કબજે કર્યા.

પોલીસ તપાસમાં ખુલ્યું કે, આરોપી છેલ્લા 8 મહિનાથી મહિલાના નામે ફેક એકાઉન્ટ ચલાવી રહ્યો હતો. તે મહિલાના વ્યક્તિગત ફોટા અપલોડ કરતો અને અશ્લીલ કોમેન્ટ્સ પોસ્ટ કરતો હતો. વધુમાં, મહિલાનો મોબાઈલ નંબર જાહેર કરીને તેને બદનામ કરવાની કોશિશ કરી હતી.

આરોપીએ પોલીસ સમક્ષ ગુનાની કબૂલાત કરી છે અને રાંદેર પોલીસ તેની વિરુદ્ધ IPCની સંબંધિત કલમો તેમજ IT એક્ટ 2008ની કલમ 67 અને 67(A) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી રહી છે.

એસીપી બી.એમ. ચૌધરીએ જણાવ્યું કે સુરતમાં સાયબર ક્રાઈમના ગુનાઓ વધી રહ્યા છે, ખાસ કરીને મહિલાઓના નામે ફેક એકાઉન્ટ બનાવી તેમને બદનામ કરવાના કિસ્સાઓમાં વધારો થયો છે. રાંદેર પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે અને વધુ તપાસ ચાલુ છે. પોલીસે લોકોને ચેતવણી આપી છે કે, જે કોઈ પણ સાયબર ગુનામાં સંડોવાશે, તેમના વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

---

## સરસ્વતી વિદ્યાલયની લાઈબ્રેરીમાં એસીમાં બ્લાસ્ટ, તમામ વિદ્યાર્થીઓ સલામત; વાલીઓ શાળાએ દોડી આવ્યા...

# સુરત ખાનગી સ્કૂલમાં આગ લાગતા દોડધામ

(એજન્સી) સુરત | તા. 20

સુરતમાં અશ્વિનીકુમાર રોડ પર આવેલી સરસ્વતી વિદ્યાલયમાં આજે લાઈબ્રેરીમાં એસીમાં બ્લાસ્ટ સાથે આગ લાગી ગઈ હતી. જેના પગલે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. ત્યારબાદ સ્કૂલમાં તાત્કાલિક બાળકોને રજા આપી દેવામાં આવી હતી. આ સાથે જ વાલીઓ બાળકો સહી સલામત છે કે નહીં તે જોવા માટે સ્કૂલે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી ગયો હતો અને આગ પર કાબુ મેળવી લીધો હતો. હાલ આ ઘટનામાં કોઈ જાનહાની સર્જાઈ નથી.

મળતી માહિતી પ્રમાણે, સુરતના અશ્વિનીકુમાર રોડ પર ગૌશાળા સર્કલ પાસે આવેલી સરસ્વતી વિદ્યાલયમાં આજે સવારે 9.21 કલાકે લાઈબ્રેરીમાં એસી મા બ્લાસ્ટ બાદ આગ લાગી ગઈ હતી. આગની જાણ થતા આજે સ્કૂલમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. આસપાસના ક્લાસરૂમમાં રહેલા તમામ બાળકોને તાત્કાલિક નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. આ સાથે જ ફાયર વિભાગને પણ જાણ કરી દેવામાં આવી હતી અને સ્કૂલમાં રહેલી ફાયર સેફટી દ્વારા આગ પર કાબુ મેળવવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા હતા.

સુરત ફાયર વિભાગ ને જાણ કરવામાં આવતા ઘાંસીશેરી કતારગામ અને કાપોદરાની ફાયર સ્ટેશનની ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.



### આગની જાણ થતા વાલીઓ શાળા પર દોડી આવ્યા

સ્કૂલમાં આગ લાગી હોવાની જાણ થતા વિદ્યાર્થીઓમાં પણ થોડોક ડરનો માહોલ જોવા મળ્યો હતો. સ્કૂલે દોડી આવેલા વાલીઓમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો હતો. કેટલાક બાળકો વાલીઓને ભેટીને રડી પણ પડ્યા હતા. જોકે આગ લાયબ્રેરીમાં લાગી હોવાથી સ્કૂલના બાળકોને કોઈપણ પ્રકારની અસર થઈ નથી. જ્યારે લાઈબ્રેરીમાં થોડું નુકસાન થયું છે. વાલીઓ પણ પોતાના બાળકોને સુરક્ષિત જોઈને રાહતનો શ્વાસ લીધો હતો. કાપોદ્રા સબ ફાયર ઓફિસર ગઢવીએ જણાવ્યું હતું કે, હાય વિભાગ ને કોલ મળતાની સાથે જ ટીમો સ્કૂલ ખાતે પહોંચી ગઈ હતી. લાઈબ્રેરીમાં એસી ચાલુ કરતાં ની સાથે જ ધડાકા સાથે આગ લાગી ગઈ હતી.

---

## બોટાદમાં સ્કૂલ બસ અને બાઈક વચ્ચે અકસ્માત : ભાવનગર હોસ્પિટલ ખસેડાયા

બોટાદ | બોટાદના પાળીયાદ રોડ પર હવેલી ચોક પાસે આજે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આદર્શ ખાનગી સ્કૂલની બસ અને એક બાઈક વચ્ચે થયેલા આ અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.



ઈજાગ્રસ્ત બાઈક ચાલકની ઓળખ ખસ ગામના મહોબતસિંહ ચાવડા તરીકે થઈ છે. તેમની ગંભીર સ્થિતિને જોતાં તેમને વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થયા હતા. સામાજિક આગેવાનોએ આ ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી છે. સામાજીક આગેવાન ગંગાબેન મકવાણાના જણાવ્યા મુજબ, શહેરની મોટાભાગની ખાનગી સ્કૂલ બસના ડ્રાઈવરો મોટી ઉંમરના છે અને તેઓ શહેરમાં બેફામ રીતે બસ ચલાવે છે. સામાજિક આગેવાનોએ ખાનગી સ્કૂલના સંચાલકોને વિનંતી કરી છે કે તેઓ બસ ડ્રાઈવરો સામે યોગ્ય પગલાં લે અને આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બને તે માટે કડક નિયમો અમલમાં મૂકે.

---

## મિત્રના 9 વર્ષના દીકરા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય: ફરિયાદ બાદ આરોપીની ધરપકડ...

(એજન્સી) સુરત | તા. 20

સુરતના ભેસ્તાન વિસ્તારમાં 9 વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરનાર આરોપી મોહીદૂર જહીદુલ શેખને પોલીસે ઝડપી લીધો છે. મિત્રના દીકરાને કપડાં અને ઈયરફોન આપવાની લાલચ આપી મેદાનમાં લઈ જઈ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. બાળકે આપવીતી માતાને જણાવતા માતાએ આરોપી વિરુદ્ધ ભેસ્તાન પોલીસ મથકે FIR નોંધાવી હતી. ફરિયાદ બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આરોપીની ધરપકડ કરી છે.

મોહીદૂર ભેસ્તાન વિસ્તારમાં રહેતા તેના જ મિત્ર સાથે કામ કરતો હતો. ગાઢ મિત્રતા હોવાના કારણે તે અવારનવાર મિત્રના ઘરે જમવા જતો હતો. 16 ફેબ્રુઆરી 2025ના રોજ સાંજે 7:00થી 7:30 વાગ્યાની વચ્ચે મોહીદૂર તેના મિત્રના ઘરે આવ્યો હતો. એ સમયે મિત્રની પત્ની રસોડામાં જમવાનું લેવા ગઈ અને આ સમયનો લાભ લઈ મોહીદૂરે 9 વર્ષના માસૂમ બાળકને કપડાં અને ઈયરફોન આપવાની લાલચ આપી નજીકના મેદાનમાં લઈ ગયો હતો. અહીં તેણે બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું.

### ખેડૂતો બંને પાકની લણણીમાં વ્યસ્ત બન્યા : શિવરાત્રીમાં બટાકા અને શક્કરિયાની વાનગી ભક્તો આરોગતા હોવાથી માંગ વધુ

# કપડવંજમાં 1909 હેક્ટરમાં શક્કરિયા અને 1925 હેક્ટરમાં બટાકાનું વાવેતર

(એજન્સી) કપડવંજ । તા 20

શિવરાત્રી પર્વને એક અઠવાડિયાનો સમય બાકી રહ્યો છે. ત્યારે શિવરાત્રીમાં ફરાળમાં આરોગવામાં આવતા બટાકા અને શક્કરિયાનું કપડવંજ તાલુકામાં ૩,૮૩૪ હેક્ટરમાં વાવેતર થયું છે. શિવરાત્રી દરમિયાન બંને પાકની માંગમાં વધારો જોવા મળે છે. ત્યારે ખેડૂતો બટાકા અને શક્કરિયાના પાકની લણણીમાં વ્યસ્ત બન્યાં છે. શિવરાત્રીના દિવસે ભક્તો ભોળાનાથની આરાધના કરતા હોય છે. સાથે જ ફરાળમાં શક્કરિયા, બટાકાની વિવિધ સાત્વિક વાનગીઓ બનાવી આરોગતા હોય છે. ત્યારે કપડવંજ તાલુકામાં શક્કરિયાનું ૧,૯૦૯ હેક્ટર તથા બટાકાનું ૧,૯૨૫ હેક્ટર ઉત્પાદન



થયું છે. જેમાં મોટી ઝેર ગામમાં સૌથી વધુ ૧૦૬ હેક્ટર બટાકાનું ઉત્પાદન થયું છે. જ્યારે દાસલવાડામાં સૌથી વધુ ૪૭૦ હેક્ટર શક્કરિયાનું ઉત્પાદન થયું છે. શિવરાત્રી પર્વે ફરાળમાં બટાકા અને શક્કરિયાનો ઉપયોગ થાય છે. ઉપરાંત કાતરી, વેફર, ફરસાણ સહિતની વાનગી બનાવવા માટે બટાકાનો ઉપયોગ થતો હોય છે. ગૃહ ઉદ્યોગ તથા મોટા ઉત્પાદકો દ્વારા બારેમાસ બટાકાનો ઉપયોગ કરવામાં આવતા રોજગારી વધે છે. શક્કરિયાને માત્ર ખોરાક તરીકે જ નહીં પરંતુ બ્યુટી પ્રોડક્ટ્સમાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે. શક્કરિયાનો ઉપયોગ કરી સ્કીન કેર પ્રોડક્ટ, પાઉડર, ક્રીમ બનાવવામાં આવે છે. તેમજ તેના સ્ટાર્ચમાંથી મોરસ બનાવી વિદેશમાં નિકાસ કરવામાં આવે છે. કપડવંજ તાલુકાના ખેડૂતોને બટાકાનો મણનો ભાવ રૂ. ૧૬૦થી ૨૪૦ મળ્યો હતો. જ્યારે શક્કરિયાનો ભાવ રૂ.૫૦૦થી ૬૦૦ મળ્યો હતો. શિવરાત્રીને ગણતરીના દિવસો બાકી હોવાથી ખેડૂતો બટાકા અને શક્કરિયાના પાકની લણણીમાં વ્યસ્ત બન્યા છે.

## આપઘાત કરવા જતી મહિલાને જોવાની લાહ્યમાં 4 વાહનો અથડાયા

(એજન્સી) ભરૂચ । તા 20

ભરૂચની પવિત્ર નર્મદા નદી ઉપર વાહન વ્યવહારને લઈ નર્મદા મૈયા બ્રિજનું નિર્માણ કર્યુ છે પરંતુ નર્મદા મૈયા બ્રિજ સુસાઈડ પોઈન્ટ બની ગયો હોય તેમ વધુ એક મહિલા ગત મોડી રાત્રે નદીમાં કૂદવા જતાં કાર ચાલકે જોવા માટે બ્રેક લગાવતા તેની પાછળ અન્ય ૪ વાહન ચાલકો એક પછી એક અથડાયા હતા.જેના કારણે વાહનોની લાંબી કતારો જામી હતી. અંકલેશ્વર-ભરૂચને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર ગઈકાલે



રાત્રે એક મહિલા નદીમાં કૂદવા માટે દોડી રહી હતી.તે ઘટનાને નિહાળવા માટે એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવી રહેલા ૪ વાહનો એક પછી એક અથડાતા અકસ્માત થયો હતો. અકસ્માતને પગલે બ્રિજ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી વાહન વ્યવહાર પુનઃ શરૂ કરાવ્યો હતો. સમગ્ર ઘટનામાં નર્મદા મૈયા બ્રિજ પર કૂદવા આવેલી મહિલા ને પોલીસના હવાલે કરતા પોલીસે પરિવારને સમજાવટ કરી મામલાને થાળે પાડયો હતો.

### કાર્યાલયમાં રજૂઆત કરાતા ચીફ ઓફિસરને રોડનું સમારકામ કરવા જણાવાયું હતું

# નડિયાદના વોર્ડ-6માં બિસ્માર રસ્તાનું સમારકામ કરવામાં તંત્રના ઠાગાઠૈયા

(એજન્સી) નડિયાદ । તા 20

નડિયાદના વોર્ડ નં.૬માં ગાજીપુરવાડા મસ્જીદથી મહમદી મસ્જીદ સુધીનો રસ્તો બિસ્માર બનતા અવારનવાર તંત્રને રજૂઆત કરાઈ હતી. નવેમ્બર-૨૦૨૩માં પાલિકાની સામાન્ય સભામાં રોડનું સમારકામ કરવા ઠરાવ કરવામાં આવ્યો છતાં અત્યારસુધીમાં સમારકામ ન કરાયું હોવાના સ્થાનિકોએ આક્ષેપ લગાવ્યા હતા. તેમજ સત્વરે સમારકામની માંગ કરી હતી. નડિયાદના વોર્ડ નં.૬માં આવેલી ગાજીપુરવાડા મસ્જીદથી મહમદી મસ્જીદ સુધીનો રસ્તો છેલ્લા ઘણાં વર્ષોથી ઉબડ-ખાબડ બન્યો છે. ઠેર ઠેર ઉંડા ખાડા પડી જતાં વાહનચાલકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. એમ્બ્યુલન્સ સહિતના ઈમરજન્સી



વાહનોને પણ નીકળવામાં મુશ્કેલી થઈ રહી છે. આ વિસ્તારના રોડના કામો કરવા અંગે વર્ષ ૨૦૨૧થી તમામ સામાન્ય સભામાં રજૂઆત કરવામાં આવી છે છતાં તંત્ર દ્વારા રોડનું સમારકામ કરવામાં દુર્લક્ષ સેવવામાં આવતું હોવાના આક્ષેપ શહેરીજનોએ લગાવ્ય છે. અગાઉ તા.૧૦ નવેમ્બર ૨૦૨૩ની પાલિકાની સામાન્ય સભામાં રોડનું સમારકામ કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો. છતાં કોઈ કાર્યવાહી ન થતાં તત્કાલીન કાઉન્સિલર માજીદખાન પઠાણ દ્વારા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં તેમજ તા. ૨૬ જુલાઈ ૨૦૨૪ના પત્રથી મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યાલયમાં રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે જનસંપર્ક અધિકારીએ પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓને યોગ્ય કાર્યવાહી કરવા જણાવતા તેમણે ચીફ ઓફિસરને રોડનું સમારકામ કરવા જણાવ્યું હતું. જેને લાંબો સમય વિત્યો હોવા છતાં રોડનું સમારકામ કરવામાં ન આવતા સ્થાનિકો રોષે ભરાયા છે અને સત્વરે સમારકામની માંગ કરી છે.

### અંજારના સુગારીયા ગામના 6 મંદિરોના એક સાથે તાળાં તૂટયા

## ગામના જ યુવાનોએ મોજશોખ પૂરા કરવા પોતાની જ કુળદેવીના મંદિરમાં ચોરી કરી

(એજન્સી) ગાંધીધામ । તા 20

ધામક સ્થાનો જ્યાં લોકો પોતાની શક્તિ મુજબ દાન આપતા હોય એ્હે તેવી જગ્યાઓએ ખાસ કરીને કચ્છમાં ચોરીઓ થવા લાગી છે. પહેલા અંજારમાં અને બાદમાં વાગડમાં પણ આવા જ બનાવો બન્યા હતા. જેમાં પોલીસે મહામહેનતે આરોપીઓને ઝડપી લીધા હતા. જેમાં બહારથી આવેલા ઈસમોએ મંદિર ચોરીઓને અંજામ આપ્યો હતોવાનું ખૂલ્યું હતું. પરંતુ અંજાર તાલુકાનાં સુગારીયા ગામે તો ગામના જ ૨ યુવાનોએ માત્ર પોતાનો મોજશોખ પૂરો કરવા પોતાની કુળદેવીઓ સહિત ગામના જ ૬ મંદિરોને નિશાન બનાવી રૂ. ૪૦,૫૦૦ની કિમતના આભૂષણો માત્ર ૩ કલાકમાં જ ચોરી કરી લીધા હતા. પરંતુ પોલીસે ગણતરીના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી લીધો હતો અને ગામના ૨ ઈસમોને ઝડપી લીધા હતા. બનાવ અંગે અંજાર પોલીસે માહિતી આપતા જણાવ્યુ હતું કે, મંગળવારે રાત્રે બનેલા સામૂહિક મંદિર ચોરીના બનાવ અંગે અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ગામમાં જ રહેતા જીવાભાઈ ગુજરીયા (આહીર)એ પોલીસને જણાવ્યું કે મંગળવારે રાત્રે બેથી પાંચના અરસામાં ચોરીનો બનાવ બન્યો હતો. અજાણ્યા તસ્કરોએ જાડેજા પરિવારના કુળદેવી મોમાય માતાના મંદિર, તેની બાજુમાં આવેલા શિતળા માતાના મંદિર, મંરડ પરિવારના કુળદેવી મોમાય માતાના મંદિર, વાછરા દાદાના મંદિર, સુથાર પરિવારના ચામુંડા માતાના મંદિર અને ગામની ભાગોળે આવેલા મોમાય માના મંદિરમાં ચોરી કરી હતી. આ તમામ મંદિરોમાંથી તસ્કરોએ ચાંદીના ૫૯ છત્તર, સોનાના ૩ છત્તર અને બે હજારના વાસણો મળીને ૪૦ હજાર ૫૦૦ની કિંમતની ચીજવસ્તુ ચોરી કરી ગયાં હતા. આ બનાવ બન્યાના ગણતરીના જ કલાકોમાં આરોપીઓને ઝડપી લીધા હતા. આ અંગે અંજાર પોલીસના પી.આઈ. એ.આર. ગોહિલે માહિતી આપતા જણાવ્યુ હતું કે, સુગારીયા ગામમાં જ રહેતા ૨૮ વર્ષીય પુનિત શામજીભાઈ મરંડ અને ૩૧ વર્ષીય પ્રદીપસિંહ જયેન્દ્રસિંહ જાડેજાને પોલીસે ઝડપી લીધા છે અને મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે. આ આરોપીઓએ પોતાના મોજશોખ પૂરા કરવા માટે આ ચોરીને અંજામ આપ્યો હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું.

### દેવગઢ બારિયાના અંતેલા ગામ પાસે

## રસ્તાની બાજુ કાર ઉભી રાખી ઉભેલી વ્યક્તિનું અન્ય કારને અડફેટે મોત

(એજન્સી) દાહોદ । તા 20

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના અંતેલા ગામે રસ્તાની સાઈડમાં કાર ઉભી રાખી લઘુશંકા કરવા માટે ઉભા રહેલી વ્યક્તિને પાછળથી એક કારના ચાલકે અડફેટમાં લેતાં જીવલેણ ઈજાથી મોત નિપજ્યુ હતુ. ગત તા.૧૮ ના રોજ વજસીભાઈ ભીમસીભાઈ ભાટીયા (ઉ.વ ૫૫) (રહે. ચપર, તા.કલ્યાણપુર, જી. દેવભુમિ દ્વારકા)ના પોતાની કાર લઈ અંતેલા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં.તેઓએ લઘુશંકા કરવા માટે કારને રસ્તાની સાઈડમાં ઉભી રાખી ઉભા હતાં.તે સમયે ત્યાંથી એક કારનો ચાલક જેનું નામ




સિધ્ધાર્થ નામનો છોકરાએ પુરઝડપે હંકારી લાવી વજસીભાઈને ટક્કર મારતાં જીવલેણ ઈજાથી તેમનું મોત નીપજ્યું હતું જ્યારે અકસ્માત સર્જનાર ગાડીનો ચાલક નાસી ગયો હતો.સંબંધે હાજાભાઈ ભીમસીભાઈ ભાટીયાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જમીન વારસાઈનું ખોટું સોગંદનામુ કરનાર તત્કાલિન તલાટી સહિત બે સામે ફરિયાદ

(એજન્સી) ભાવનગર । તા 20

મહુવા તાલુકાના રાણપરડા ગામમાં આવેલ ખેતીની જમીનમાં વારસાઈની નોંધ કરાવવા માટે મહુવા મામલતદાર કચેરીમાં ખોટું સોગંદનામુ-પેઢીનામું તૈયાર કરી તેનો અસલ તરીકે ઉપયોગ કરી છેતરપિંડી કરવામાં આવતા રાણપરડા ગામના યુવાને તેના પિતરાઈ ભાઈ અને તત્કાલિન તલાટી કમ મંત્રી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. બનાવની વિગત એવી છે કે, મહુવા તાલુકાના રાણપરડા ગામમાં રહેતા અને વકીલાત કરતા ભાવેશભાઈ રણછોડભાઈ શિયાળે દાઠા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, રાણપરડા ગામમાં આવેલ સર્વે નં. ૨૩૦ પૈકી ૧૧ની ૮-૫૨-૮૮ જમીન તેમના મોટા દાદા બોઘાભાઈ હરજીભાઈ શિયાળે તેમના મોટા દિકરા રામજીભાઈ બોઘાભાઈ શિયાળ પુખ્ત વયના હોવાથી વર્ષ-૧૯૭૦માં તેમના નામની વારસાઈ નોંધ કરાવી હતી. આ જમીનમાં હાલ તેમના પિતા સહિત ચાર ભાઈઓના ભાગમાં ૫૬ વિઘા પૈકી દરેકના ભાગે ૧૪ વીઘા જમીન આવેલી છે. જ્યારે, ફરિયાદીના પિતરાઈ ભાઈ રામજીભાઈ છેલ્લા ૩૦ વર્ષથી માનસિક અસ્થિર હોય આ જમીનમાં વારસાઈની નોંધ થઈ શકી ન હતી અને તેમનું તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ અવસાન થયા બાદ આ જમીનમાં વારસાઈ નોંધ કરાવવા માટે તેમના દીકરાઓને જાણ કરી હતી. પરંતુ, તેઓ વારસાઈ નોંધ માટે સહમત ન થતા કોર્ટમાં દાવો દાખલ કરાયો હતો. મહુવા કોર્ટમાં આ જમીનમાં વારસાઈના નામો ઉમેરવા સહમતિ થતા સમાધાન થયું હતું. પરંતુ ત્યારબાદ પણ રામજીભાઈના દિકરાઓએ તેમના પિતા અને અન્ય વારસદારોના નામ દાખલ કરવાની સ્પષ્ટ ના પાડતા તેમણે ફરી મહુવા કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ વિવાદવાળી જમીનમાં તેમના દાદાના દિકરા હિંમતભાઈ રામજીભાઈ શિયાળ ખોટા પુરાવા ઉભા કરશે તેવી શંકા જતા તેમણે રાણપરડા ગામના જે-તે સમયના તલાટી કમ મંત્રીને અન્ય વારસદારોની સંમતિ વગર કોઈ પેઢીનામું કે અન્ય પુરાવા નહીં બનાવી આપવા લેખિત જાણ કરી હતી. દરમિયાન દરખાસ્તના કામ અંગે રેવન્યુ રેકોર્ડ રજૂ કરવાની જરૂર પડતા રાણપરડા ગામની જમીનની ૦૭-૧૨-૦૮અની નકલ કઢાવતા તા.૦૯ જાન્યુઆરી,૨૦૨૩ ની તારીખથી રામજીભાઈ બોઘાભાઈ શિયાળના વારસદાર તરીકે વારસાઈ નોંધ થયેલી હતી.

### સગીરના પરિવારના 4 શખ્સોની અટકાયત

## આંકલાવના ગામમાં કિશોરીના પિતા પર છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ

(એજન્સી) આણંદ । તા 20

આંકલાવ તાલુકાના એક ગામમાં ગઈકાલ રાતે કિશોરીને હેરાન કરનારાના ઘરે ઠપકો આપવા ગયેલા દંપતી સાથે પરિવારજનોએ ઝઘડો કર્યો હતો. જેમાં સગીરે કિશોરીના પિતાને છરીના ઘા ઝીંકી દઈ હુમલો કરતા ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ અંગે આંકલાવ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ચાર શખ્સોની અટકાયત કરી હતી. આંકલાવ તાલુકાના એક ગામમાં રહેતા ૧૭ વર્ષના સગીરને ગામની જ કિશોરીને પોતાની સાથે સંબંધ રાખવા માટે અવારનવાર દબાણ કરી હેરાન કરતો હતો. જેથી કિશોરીના માતા-પિતાને આ અંગેની જાણ થતા તેઓ ગઈકાલ રાતે સગીર યુવકના ઘરે ઠપકો આપવા ગયા હતા. જ્યાં સગીર તેના માતા-પિતા અને ભાઈએ ઉશ્કેરાઈને ઝઘડો કર્યો હતો. સગીરે છરીના ઘા ગળા અને પેટના ભાગે મારતા કિશોરીના પિતા ઈજાગ્રસ્ત બન્યા હતા. ૧૦૮ મારફતે ગંભીર ઈજાગ્રસ્ત કિશોરીના પિતાને સારવાર અર્થે ખસેડાયા હતા. આંકલાવ પોલીસે કિશોરીની માતાની ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી સગીર સહિતના ચારની અટકાયત કરી હતી.

## દેવકી વણસોલ ગામે ગાડીની ટક્કરે રોડ ક્રોસ કરતી મહિલાનું મોત થયુ

(એજન્સી) નડિયાદ । તા 20

નડિયાદ- મહેમદાવાદ રોડ ઉપર દેવકી વણસોલ પાટિયા પાસે રોડ ક્રોસ કરતી મહિલાને ગાડીએ ટક્કર મારતા ગંભીર ઈજા થવાથી મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. મહેમદાવાદ તાલુકાના દેવકી વણસોલમાં રહેતા સુખાભાઈ રામાભાઈ પરમાર અને તેમના પત્ની શોભનાબેન ગઈકાલે રાતે ખાત્રજ ચોકડીથી રિક્ષામાં બેસી દેવકી વણસોલ પાટિયા પર ઉતર્યા



હતા. રિક્ષામાંથી ઉતર્યા બાદ તેઓ રોડ ક્રોસ કરતા હતા ત્યારે નડિયાદ તરફથી આવેલી ગાડીની ટક્કર વાગતા શોભનાબેન પરમારને માથા અને શરીર ઉપર ગંભીર ઈજા થઈ હતી. જેથી ઈજાગ્રસ્ત શોભનાબહેનને તુરંત જ સારવાર માટે મહેમદાવાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાંથી ડોક્ટરે શોભનાબેનને નડિયાદ હોસ્પિટલમાં લઈ જવા જણાવ્યું હતું પરંતુ , સુખાભાઈ પરમાર પત્નીને પોતાના ઘરે લઈ ગયા હતા. જ્યાં આજે બપોરે શોભનાબેન પરમાર (ઉં.વ. આશરે ૬૫)નું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે સુખાભાઈ રામાભાઈ પરમારની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે ગાડીના ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## ૨જી માર્ચ સુધી ભાવનગર-ઓખા ટ્રેન સુરેન્દ્રનગર સુધી જ દોડાવાશે

ભાવનગર । તા 20


ભાવનગરથી દોડતી ઓખા ટ્રેનને આગામી ૨જી માર્ચ સુધી સુરેન્દ્રનગર સુધી જ દોડાવવાનો રેલવે તંત્રએ નિર્ણય લીધો છે. બ્લોક લેવાના કારણે આ ટ્રેનને આંશિક રીતે રદ કરવામાં આવી હોય, દ્વારકા જતાં યાત્રિકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. રાજકોટ-હાપા સેક્શનમાં આવેલા પડધરી-ચણોલ-હડમતિયામાં ડબલ ટ્રેકના કામના કારણે બ્લોક લેવામાં આવનાર હોવાથી આવતીકાલ તા.૨૦-૨થી તા.૪-૩ સુધી આ સેક્શનમાં રેલ ટ્રાફિકને અસર થશે. બ્લોક લેવાના કારે ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેનને તા.૧૯-૨થી તા.૨-૩ સુધી ઓખાના બદલે સુરેન્દ્રનગર સુધી જ ચલાવવામાં આવશે. જ્યારે આવતીકાલ તા.૨૦-૨થી તા.૩-૩ સુધી ઓખાથી ભાવનગર આવતી ટ્રેનને સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી ચલાવવામાં આવશે.

## ટેમ્પો ચાલકે બે બાઈકને અડફેટે લેતા એક યુવકનું મોત, બેને ઈજા


(એજન્સી) નેત્રંગ । તા 20

નેત્રંગ તાલુકાના કોયલી માંડવી ગામે આજે વડફળીયામા રહેતા રજનેશભાઈ રાજુભાઈ વસાવા(ઉ.વ. આશરે ૨૦ ) તેનો મિત્ર જયદીપભાઈ ભીમસીંગભાઈ વસાવા (ઉ.વ. આશરે ૨૦) તા.૧૭ ના રોજ રજનેશ ભાઈની બાઈક લઈ સવારના ઝઘડીયા ખાતે આવેલા જીઆઈડીસીમા આવેલી હિન્દુસ્તાન એચ એસ.સી એલ કંપનીમા નોકરી માટે ગયા હતા. જેઓ સાંજના કંપની ઉપરથી ૫.૩૦ વાગ્યે ઘરે પરત આવવા માટે વાલીયા થઈ આવી રહ્યા હતા. ડહેલી-ચાસવડ રોડ ઉપરથી કોયલીમાંડવી તરફ આવી રહ્યા હતા.તે સમયે ૭થી ૮ વાગ્યા દરમિયાન સીંગલા ગામના પાટિયા નજીક ઈટકલા જવાના માર્ગ પૂરઝડપે આવી રહેલા ટેમ્પા ચાલક બાઈકને ટક્કર મારતા સવાર રજનેશ ભાઈ વસાવા અને પાછળ બેઠેલો જયદીપભાઈ વસાવા જમીન ઉપર ફંગોળાતા ઈજા થઈ હતી. જેમા જયદીપભાઈ વસાવાને ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતુ. ટેમ્પો ચાલકે બાઈકને ટક્કર માર્યા બાદ ચાસવડ તરફથી સીંગલા ગામના બે યુવકો બાઈક લઈ આવી રહ્યા હતા.તે સમયે ટેમ્પો ચાલકે બાઈકને ટક્કર મારતા કિશન કિશન ચંદ્રસીંગ વસાવા રહે સીંગલાને નાની મોટી ઈજા થઈ હતી. જ્યારે મુકેશ મનસુખભાઈ વસાવા રહે સીંગલાને ગંભીર ઈજા થતા અકસ્માત સ્થળે એકત્ર થયેલા લોકોએ ૧૦૮ સેવાને ફોન કરતા ૧૦૮ સેવાથી બંને ઈજાગ્રસ્તોને વાલીયા રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે.




**વૃષભ (બ,વ,ઉ)**
રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**મિથુન (ક,છ,ઘ)**
તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે.




**કર્ક (ડ,હ)**
તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો.




**સિંહ (મ,ટ)**
તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો.



**કન્યા (પ,ઠ,ણ)**
અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.



**તુલા (ર,ત)**
તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.



**વૃશ્ચિક (ન,ય)**
એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.




**ધન (ભ,ધ,ફ)**
તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો.



**મકર (ખ,જ)**
તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.



**કુંભ (ગ,શ,સ)**
તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

### ભારતીય દવા ઉદ્યોગની કુલ નિકાસના 38 ટકાથી વધુ અમેરિકામાં : જેનેરિક દવા માટે અમેરિકા મોટું બજાર

# ટ્રમ્પની 25 ટકા ટેરિફની હિલચાલ ભારતના ફાર્મા ઉદ્યોગનું આરોગ્ય બગાડશે



(એજન્સી) મુંબઈ । તા 20

મંગળવારે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાર્માસ્યૂટિકલ્સ તથા સેમીકન્ડકટર આયાત પર પ્રારંભમાં ૨૫ ટકા ડયૂટી લાગુ કરી પછી તેને તબક્કાવાર વધારવાનો ઈરાદો વ્યકત કર્યો છે. ટ્રમ્પ આ ટેરિફ લાગુ કરશે તો, ભારતમાં સૌથી વધુ માઠી અસર ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓ-ઉદ્યોગ પર પડવાની દહેશત છે. ભારતીય ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગ દ્વારા તેની કુલ નિકાસના ૩૮ ટકાથી વધુ દવાઓની નિકાસ અમેરિકામાં થાય છે. ભારતની એવી કેટલીક મોટી ફાર્મા કંપનીઓ છે, જે તેમની મોટી નિકાસ અમેરિકામાં કરીને આવક મેળવે છે. ટ્રમ્પ તેનો આક્રમક મિજાજ બતાવતા રહી હવે ટેરિફનો હાઉ બતાવતા રહી સતત વિશ્વના ઘણા દેશોને ડિલ ટેબલ પર આવવા મજબૂર કરી રહ્યા છે. અમેરિકામાં ફાર્મા આયાત પર જો ૨૫ ટકા રેસિપ્રોકલ ડયૂટી લાગુ કરાશે તો તેનાથી ભારતના ફાર્મા ઉદ્યોગને ફટકો પડી શકે છે. ભારતના મોટાભાગના જેનેરિક દવા ઉત્પાદકો અમેરિકાને પોતાની સૌથી મોટી બજાર ગણાવી રહ્યા છે. નાણાં વર્ષ ૨૦૨૪માં અમેરિકામાં ભારતની ફાર્મા નિકાસનો આંક ૮.૭૦ અબજ ડોલર અથવા તો ફાર્માની કુલ નિકાસના ૩૧ ટકા જેટલી રહી હતી એમ ફાર્માસ્યૂટિકલ્સ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સુત્રોએ જણાવ્યું હતું. અમેરિકાની બજારમાં ભારતના જેનેરિક દવાના નિકાસકારો ખર્ચાળ દવાનો સસ્તો વિકલ્પ પૂરો પાડે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૨માં અમેરિકામાં લખાયેલા જેનેરિક પ્રીસ્ક્રિપ્સનમાંથી પચાસ ટકા જેટલા પ્રીસ્ક્રિપ્સન ભારત દ્વારા પૂરા પડાયા હતા અને આને કારણે અમેરિકાની આરોગ્યસંભાળ પદ્ધતિમાં ૪૦૮ અબજ ડોલરની બચત થવા પામી હતી. સન ફાર્મા, ઝાયડસ, ડો. રેડ્ડીસ, સિપ્લા, લ્યુપિન સહિતની કેટલીક ભારતીય ફાર્મા કંપનીઓ અમેરિકામાં મોટી બજાર ધરાવે છે.

## સ્મોલ, મિડ કેપ શેરોમાં ફંડો, ઓપરેટરો ફરી લેવાલ ઈન્ડેક્સ બેઝડ વોલેટીલિટીના અંતે સ્થિરતા

(એજન્સી) મુંબઈ । તા 20

અમેરિકામાં ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ-ડ્રગ, ચીપની આયાત પર ૨૫ ટકા સુધી ટેરિફ લાદવાના અને આ માટે નિર્ણય બીજી એપ્રિલના લેવાઈ શકે છે એવા ટ્રમ્પના સંકેતે આજે ફરી વૈશ્વિક બજારોમાં તેજીને બ્રેક લાગી સાવચેતી જોવાઈ હતી. બીજી તરફ અમેરિકા-ભારત વચ્ચે બિઝનેસ ડિલના પરિણામે ભારત પર ટેરિફનો બોજ ઓછો રહેવાની શકયતાએ અને મોર્ગન સ્ટેનલી, સિટી રિસર્ચ સહિતે ભારત માટે પોઝિટીવ આઉટલૂક આપતાં ભારતીય શેર બજારોમાં આજે આરંભમાં ફંડો સેન્સેક્સ, નિફટી બેઝડ બેંકિંગ શેરોની આગેવાનીએ તેજીમાં આવ્યા હતા. પરંતુ વધ્યામથાળેથી ફરી સાવચેતીમાં ઈન્ડેક્સ બેઝડ સુધારો અંતે ધોવાયો હતો. જ્યારે સ્મોલ, મિડ કેપ શેરોમાં ફંડો, ઓપરેટરો, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોનું વ્યાપક વેલ્યુબાઈંગ રહેતાં સેન્ટીમેન્ટ સુધરવાની આશા બંધાઈ હતી.બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડસઈન્ડ બેંક, કોટક બેંક, એચડીએફસી બેંક, સ્ટેટ બેંક સહિતમાં લેવાલી અને લાર્સન એન્ડ ટુબ્રો, રિલાયન્સ, એનટીપીસી, આઈટીસી, ટાટા સ્ટીલ સહિતમાં આરંભમાં આકર્ષણે સેન્સેક્સ એક તબક્કે ૩૭૧.૧૯ પોઈન્ટ ઉછળીને ઉપરમાં ૭૬૩૩૮.૫૮ સુધી પહોંચ્યા બાદ વધ્યામથાળે ફંડોની આઈટી શેરો ટીસીએસ, ઈન્ફોસીસ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનોલોજીમાં વેચવાલી વધતાં અને ભારતી એરટેલ, હિન્દુસ્તાન યુનિલિવર, મારૂતી સુઝુકી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સન ફાર્મા, પાવર ગ્રીડ કોર્પ, અલ્ટ્રાટેક સિમેન્ટ, નેસ્લે ઈન્ડિયામાં વેચવાલીના પરિણામે ઉછાળો ધોવાઈ નીચામાં ૭૫૫૮૧.૩૮ સુધી આવી અંતે ૨૮.૨૧ પોઈન્ટ ઘટીને ૭૫૯૩૯.૧૮ બંધ રહ્યો હતો. નિફટી ૫૦ સ્પોટ પણ આરંભમાં ઉપરમાં ૨૩૦૦૦ની સપાટી કુદાવી ૨૩૦૪૯.૯૫ સુધી પહોંચ્યા બાદ પાછો ફરી નીચામાં ૨૨૮૧૪.૮૫ સુધી આવી અંતે ૧૨.૪૦ પોઈન્ટ ઘટીને ૨૨૯૩૨.૯૦ બંધ રહ્યો હતો.

## લેન્ક્સેસએ ઈન્ડિયા એપ્લીકેશન ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદઘાટન કર્યુ



(એજન્સી) મુંબઈ । તા 20

જર્મન સ્પેસિયાલિટી કેમિકલ કંપની લેન્ક્સેસએ થાણે, મુંબઈ ખાતે પોતાની ઈન્ડિયા એપ્લીકેશન ડેવલપમેન્ટ સેન્ટર (IADC)નું ઉદઘાટન કર્યુ છે, જે તેની નવીનતા અને ગ્રાહક સેવા ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે. આ સેન્ટર લેન્ક્સસ હાઉસમાં એક આખો માળ (ફ્લોર) ધરાવે છે જે ભવિષ્યના વિસ્તરણ માટેની ક્ષમતા સાથે બે બિઝનેસ એકમો માટેના કેન્દ્ર તરીકે સેવા પૂરી પાડે છે. 'ભારત લેન્ક્સેસ માટે અગત્યનો વૃદ્ધિ વિસ્તાર છે, જે સહયોગ અને નવીનતા માટે પુષ્કળ તકો પ્રદાન કરે છે,' એમ ઉદઘાટન સમારંભમાં લેન્ક્સેસ AGના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન મેથીયાસ ઝેચર્ટએ જણાવતા ઉમેર્યુ હતું કે 'નવુ એપ્લીકશન ડેવલપમેન્ટ સેન્ટર ઓર્ગેનિક, નવીનતા આધારિત વૃદ્ધિને આગળ ધપાવવાની સાથે અમારા સ્થાનિક ગ્રાહકોની જરૂરિયાત અનુસાર વિકસાવવામાં આવેલા ઉકેલો પૂરા પાડવા માટેની અમારી પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરે છે. એક કંપની તરીકેની 20મી જન્મજયંતિ સાથે ભારત માટે આ અગત્યની સિદ્ધિ પ્રાપ્ત કરતા હું રોમાંચ અનુભવુ છું: આમ આ બેવડી ઉજવણીની તક છે.

### વીમા આવરણ વધારવાથી બેન્કો પર આવનારા બોજની ગણતરી શરૂ

# બેન્ક થાપણો પેટેના વીમા કવચની રકમ રૂપિયા 10 લાખ કરવા સરકારની તૈયારી

(એજન્સી) મુંબઈ । તા 20




બેન્કના થાપણદારોને તેમની થાપણ સામે અપાતા રૂપિયા પાંચ લાખના વીમા કવચને ૧લી એપ્રિલથી બમણું કરી રૂપિયા ૧૦ લાખ કરવા સરકાર વિચારી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. થાપણદારો ખાસ કરીને સિનિયર સિટિઝનોની ચિંતાને ધ્યાનમાં રાખી આ કવચ વધારવા સરકાર વિચારી રહી છે. વીમા કવચ વધારવા અંગેનો નિર્ણય વર્તમાન મહિનાના અંત પહેલા આવી જવાની વકી છે અને તેનો અમલ ૧લી એપ્રિલથી કરાશે એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. વીમા કવચ વધારવામાં આવે તો બેન્કો પર કેટલો બોજ આવી શકે છે, તેની હાલમાં ગણતરી ચાલી રહી છે. વીમા કવચ માટેના પ્રીમિયમની રકમ બેન્કોએ ડિપોઝિટ ઈન્સ્યૂરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશનને ચૂકવવાની રહે છે. ૨૦૧૮માં દેશની બેન્કોમાં સિનિયર સિટિઝનોની થાપણનો આંક જે રૂપિયા ૧૩.૭૦ લાખ કરોડ હતો તે ૨૦૨૩માં ૧૫૦ ટકા જેટલો વધી રૂપિયા ૩૪.૨૦ લાખ કરોડ પર પહોંચી ગયો છે. એસેસેબલ ડિપોઝિટસના પ્રતિ ૧૦૦ રૂપિયા પર બેન્કોએ ૧૨ પૈસા પ્રમાણે વીમા પ્રીમિયમ ચૂકવવું પડે છે. બેન્કોમાં ખાતેદારોની થાપણ સામેના વીમા કવચની મર્યાદા વધારવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે. આ મુદ્દે સરકાર એક વખત નિર્ણય કરશે ત્યારબાદ નાણાં મંત્રાલય તે મતલબનું નોટિફિકેશન જાહેર કરશે એમ નાણાંકીય સેવા બાબતોના સચિવ એમ નાગારજુએ બે દિવસ પૂર્વે જણાવ્યું હતું. ગયા સપ્તાહે મુંબઈસ્થિત ન્યુ ઈન્ડિયા સહકારી બેન્કનું પ્રકરણ પ્રકાશમાં આવ્યા બાદ થાપણ સામે વીમા કવચની મર્યાદાનો મુદ્દો ઊભો થયો છે. પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેન્કની કટોકટી બાદ બેન્ક થાપણ સામેનું વીમા કવચની રકમ રૂપિયા એક લાખ પરથી વધારી રૂપિયા પાંચ લાખ કરવામાં આવી છે. નાણાં વર્ષ ૨૦૨૪માં કોર્પોરેશને કુલ રૂપિયા ૧૪૩૨ કરોડના દાવાની પતાવટ કરી હતી જેમાંના મોટાભાગના સહકારી બેન્કોને લગતા હતા. ૩૧મી માર્ચ, ૨૦૨૪ સુધીમાં કોર્પોરેશન સમક્ષ ૧૯૯૭ બેન્કોએ વીમા આવરણ મેળવ્યા હતા.

## વારી એનર્જીસને ખાબા રિન્યૂએબલ એનર્જી પાસેથી 362.5 મેગાવોટનો ઓર્ડર મળ્યો



(એજન્સી) મુંબઈ । તા 20

વારી એનર્જીસ લિમિટેડે એન્જી ઈન્ડિયાની પેટા કંપની ખાબા રિન્યૂએબલ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ પાસેથી તેની 362.5 મેગાવોટની સોલર પેનલ માટે એક મહત્વપૂર્ણ નવો ઓર્ડર મળ્યાંની જાહેરાત કરી છે. આ ઓર્ડરમાં અદ્યતન 600Wp એલીટ BiN-08 એન ટાઈપ ટોપકોન સોલર મોડ્યુલની સપ્લાય સામેલ છે, જે ઊર્જા કાર્યક્ષમતા અને સસ્ટેનેબિલિટીમાં વધારો કરવા માટે ડિઝાઈન કરાઈ છે. આ મોડ્યુલ્સ ભારતની અગ્રણી હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કંપનીઓ પૈકીની એક એનએચપીસી માટે વિકસિત કરાશે. આ ભાગીદારી ઉચ્ચ-ગુણવત્તાયુક્ત સોલર સોલ્યુશન્સ પ્રદાન કરવાની વારીની કટીબદ્ધતાને મજબૂત કરવાની સાથે-સાથે પ્રદેશમાં સ્વચ્છ ઊર્જાની વધતી માગને પણ હાઈલાઈટ કરે છે. વારી એનર્જીસ લિમિટેડના હોલ-ટાઈમ ડિરેક્ટર અને સીઈઓ ડો. અમિત પૈથનકરે કહ્યું હતું કે, "અમે આ મહત્વપૂર્ણ ઓર્ડર માટે ખાબા રિન્યૂએબલ એનર્જી અને એનએચપીસી સાથે ભાગીદારી કરતાં ઉત્સાહિત છીએ. અમારા એલીટ BiN-08 એન ટાઈપ ટોપકોન મોડ્યુલ્સ વિશાળ રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે જરૂરી પ્રદર્શન અને ટકાઉપણું પ્રદાન કરે છે.

### એરંડા વાયદો ઉછળ્યા પછી ફરી નીચે ઊતર્યો : સૌરાષ્ટ્રના બજારોમાં સિંગતેલ તથા કોટન વોશ્ડના ભાવ ઉંચકાયા

# ક્રૂડતેલની તેજીના પગલે વૈશ્વિક ખાદ્યતેલોમાં પણ ચમકારો: ભારતમાં ડયુટી વધવાની શક્યતા

(એજન્સી) મુંબઈ । તા 20

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે વિવિધ ખાદ્યતેલોના ભાવ મક્કમ હતા. માગ જળ વાઈ રહી હતી. વિશ્વ બજારમાં મલેશિયા ખાતે પામતેલનો વાયદો આજે ૧૫૪થી ૧૭૧ પોઈન્ટ વધી આવ્યાના સમાચાર મળ્યા હતા. મુંબઈ હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવ આયાતી પામતેલના વધી રૂ.૧૩૭૦ રહ્યા હતા. મુંબઈ સિંગતેલના ભાવ વધી રૂ.૧૪૫૦ તથા કપાસિયા તેલના ભાવ વધી રૂ.૧૩૩૦ રહ્યા હતા. સોયાતેલના ભાવ રિફાઈન્ડના વધી રૂ.૧૩૩૦ રહ્યા હતા. સનફલાવરના ભાવ વધી રૂ.૧૩૬૫ તથા રિફાઈન્ડના રૂ.૧૪૪૦ રહ્યા હતા. મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ વધી રૂ.૧૩૨૫ તથા રિફાઈન્ડના રૂ.૧૩૫૫ રહ્યા હતા. કોપરેલના ભાવમાં પણ દક્ષિણ પાછળ તેજી આગળ વધી હતી. દરમિયાન, મુંબઈ દિવેલના હાજર ભાવ આજે વધુ રૂ.૨ વધતાં હાજર એરંડાના ભાવ કિવ.ના વધુ રૂ.૧૦ ઉંચકાયા હતા જ્યારે એરંડા વાયદાના ભાવ ઊછળી ઉંચામાં રૂ.૬૮૦૦ નજીક પહોંચ્યા પછી ઉંચેથી ઘટી રૂ.૬૭૦૦ રહ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ જો કે એરંડા ખોળના રૂ.૧૦૦ નરમ રહ્યા હતા. સિંગખોળના ભાવ ટનના રૂ.૫૦૦ ઉંચા બોલાઈ રહ્યા હતા. દરમિયાન, કંડલા ખાતે ભાવઆરબીડી પામોલીનના રૂ.૧૩૭૫ રહ્યા હતા. પામતેલના રૂ.૧૩૬૦ અને સોયાતેલ રિફાઈન્ડના રૂ.૧૩૨૫ ફેબ્રુઆરી તથા ૧૩૩૦ માર્ચના રહ્યા હતા. હઝીરા ખાતે સોયાતેલ રિફાઈન્ડના ભાવ રૂ.૧૩૧૩થી ૧૩૧૮ રહ્યા હતા. ખપોલી ખાતે સનફલાવર તેલના ભાવ રિફાઈન્ડના રૂ.૧૪૪૦ ફેબ્રુઆરીનાતથા રૂ.૧૪૫૫ માર્ચના રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે કોટન વોશ્ડના ભાવ વધી રૂ.૧૨૭૦થી ૧૨૮૦ રહ્યા હતા. ત્યાં સિંગતેલના ભાવ વધી રૂ.૧૪૦૦ તથા ૧૫ કિલોના રૂ.૨૨૫૦ બોલાતા થયા હતા. પાતાલગંગા પામોલીનના ભાવ રૂ.૧૩૭૦ રહ્યા હતા. નવી મુંબઈ બંદરે આરબીટી પામના ભાવ રૂ.૧૩૭૫ રહ્યા હતા. દરમિયાન, બજારમાં ચર્ચાતી વાતો મુજબ સરકાર ખાદ્યતેલોની ઈમ્પોર્ટ પરની ડયુટી (સેસ)માં વધારો કરવા વિચારી રહી છે. દેશના ખેડૂતોને સપોર્ટ કરવા આયાત ડયિટીમાં વૃદ્ધીની શક્યતા વિચારાઈ રહી છે. ભારતમાં ડયુટી વધશે તો ઘરઆંગણે ખાદ્યતેલોના ભાવ વધશે સામે વિશ્વ બજારમાં ખાદ્યતેલોના ભાવ દબાણ હેઠળ આવશે એવી શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાતેલના ભાવ ૨૧ પોઈન્ટ નરમ રહ્યાના સમાચાર મળ્યાહતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલ વધતાં તેની પાછળ વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ ઉંચા જતા જોવા મળ્યા હતા.

## 1,25,000 યુવાનોને મળી ઓફર, દિગ્ગજ કંપનીઓ સાથે શીખશે કામ

(એજન્સી) મુંબઈ । તા 20

પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના હેઠળ હવે યુવાનો માટે ઈન્ટર્નશિપની નવી તકો આવી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દેશભરના યુવાનોને ટેકનિકલ તાલીમ આપીને આત્મનિર્ભર બનાવવાનો છે. જેના માટે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનાના બીજા તબક્કા માટે અરજીઓ મગાવવામાં આવી છે. આ યોજના હેઠળ દેશભરની અગ્રણી કંપનીઓ દ્વારા 1.25 લાખથી વધુ ઈન્ટર્નશિપ પોઝિશન ઓફર કરવામાં આવી છે. તમામ રસ ધરાવતા યુવાનો હવે શૈક્ષણિક અને અન્ય જરૂરી લાયકાત ધરાવતા આ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી કરી શકે છે. આ વખતે 25 અલગ અલગ ક્ષેત્રોમાં ઈન્ટર્નશિપની તક આપવામાં આવી રહી છે. જેમાં બેન્કિંગ, ઓટોમોબાઈલ, ઉડ્ડયન, કૃષિ, ફાર્મા, આઈટી, હાઉસિંગ, પેટ્રોલિયમ, એફએમસીજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે. યુવાનોને દેશના 36 રાજ્યના 740થી વધુ જિલ્લાઓમાં ઈન્ટર્નશિપ કરવાની તક મળશે. સરકાર દ્વારા ઈન્ટર્નશિપ માટેની વય મર્યાદા 21થી 24 વર્ષ નક્કી કરવામાં આવી છે. 1,25,000 પોસ્ટ્સ પર ઈન્ટર્નશિપની તકો ઉપલબ્ધ થશે. 12 મહિનાની ઈન્ટર્નશિપ કરનારા યુવાનોને દર મહિને 5000 રૂપિયા આપવામાં આવશે. આમાંથી કેન્દ્ર સરકાર 4,500 રૂપિયા આપશે. જ્યારે કંપની તેના CSR ફંડમાંથી 500 રૂપિયા આપશે. આ ઉપરાંત પસંદ કરાયેલા ઉમેદવારોને એક વખતની 6,000 રૂપિયાની રકમ પણ આપવામાં આવશે.

## સેન્સેક્સ 203 પોઈન્ટ ઘટીને 75,735 પર બંધ:નિફ્ટી પણ 19 પોઈન્ટ ગગડ્યો

(એજન્સી) મુંબઈ । તા 20

આજે એટલે કે 20 ફેબ્રુઆરીએ સેન્સેક્સ 203 પોઈન્ટના ઘટાડા સાથે 75,735 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 19 પોઈન્ટ ઘટીને 22,913ની સપાટીએ બંધ થયો હતો. તેમજ, BSE સ્મોલકેપ 599 પોઈન્ટ વધીને 46,054ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 15 ઘટ્યા અને 15માં તેજી રહી. નિફ્ટીના 50 શેરોમાંથી 22 ઘટ્યા અને 28માં તેજી રહી. NSE સેક્ટોરલ ઈન્ડેક્સના બેન્કિંગ, IT, ફાર્મા અને FMCG સેક્ટર ઘટાડા સાથે બંધ થયા છે. એશિયન બજારમાં, કોરિયાના કોસ્પીમાં 0.39%નો ઘટાડો જોવા મળ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ 1.48% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.16% ઘટ્યો છે. 19 ફેબ્રુઆરીના રોજ, વિદેશી રોકાણકારો (FII) એ 1,881.30 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DII) એ પણ 1,957.74 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. 19 ફેબ્રુઆરીના રોજ, અમેરિકાનો ડાઓ જોન્સ 0.16% ના વધારા સાથે 44,627 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 0.24% વધીને 6,144 પર બંધ થયો. નેસ્ડેક 0.075%નો ઉછાળો રહ્યો. ગઈકાલે એટલે કે 19 ફેબ્રુઆરીના રોજ, સેન્સેક્સ 28પોઈન્ટના ઘટાડા સાથે 75,939 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 12 પોઈન્ટ ઘટીને 22,932 પર બંધ થયો. તેમજ, BSE સ્મોલકેપ 1,071 વધીને રૂ. 45,455 પર બંધ થયો હતો.

## 360 વન એસેટે ગોલ્ડ ઇટીએફ લોંચ કર્યું

મુંબઈ : 360 વન એસેટ મેનેજમેન્ટ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ) (360 વન એસેટ)એ 360 વન ગોલ્ડ ઈટીએફ લોંચ કરવાની જાહેરાત કરી છે. આ ઓપન-એન્ડેડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ઈટીએફ) ઘરેલુ સોનાની કિંમતોને અનુસરવા અથવા ટ્રેક કરવા માટે ડિઝાઈન કરાયું છે. આ પેસિવ રીતે મેનેજ થતું ફંડ રોકાણકારોને તરલતા, પારદર્શિતા અને ખર્ચ-કાર્યક્ષમતા સાથે સોનામાં એક્સપોઝર પ્રાપ્ત કરવાનો સુવિધાજનક અને કાર્યક્ષમ રીતે પ્રદાન કરે છે. ન્યુ ફંડ ઓફર (એનએફઓ) 20 ફેબ્રુઆરી, 2025થી 28 ફેબ્રુઆરી, 2025 સુધી ખુલ્લો રહેશે. અરજીની લઘુત્તમ રકમ રૂ. 500 (અને ત્યારબાદ રૂ. 1ના ગુણાંકમાં) રહેશે. એનએફઓની કિંમત પ્રતિ યુનિટ રૂ. 10 છે. 360 વન ગોલ્ડ ઈટીએફ તેની કુલ એસેટના ઓછામાં ઓછા 95 ટકા ગોલ્ડ અને ગોલ્ડ-સંલગ્ન ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં કરશે, જે ઘરેલુ સોનાની કિંમતોમાં વધઘટ સાથે જોડાણ સુનિશ્ચિત કરે છે. બાકીના 5 ટકા ડેટ અથવા મની માર્કેટ સિક્યુરિટીઝમાં ફાળવી શકાય છે, જેથી તરલતા અને સંચાલકીય જરૂરિયાતોને મેનેજ કરી શકાય.

### એલઆઈસીનું એકંદર હોલ્ડિંગ રૂપિયા 14.72 ટ્રિલિયન થયું :ટીસીએસ, એસબીઆઈ, એલએન્ડટી, જિઓ ફાઈનાન્સિઅલ, એચસીએલ ટેકમાં મોટું ધોવાણ

# શેર બજારમાં ધોવાણ સાથે એલઆઈસીના રૂ. 83,000 કરોડ પણ ધોવાયા...




(એજન્સી) મુંબઈ । તા 20

ગયા વર્ષના ઓકટોબરથી દેશના શેરબજારોમાં શરૂ થયેલો આક્રમક ઘટાડો ૨૦૨૫માં પણ ચાલુ રહેતા સરકાર હસ્તકની વીમા કંપની લાઈફ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી)ના પોર્ટફોલિઓમાં ૨૦૨૫ના પ્રથમ દોઢ મહિનામાં કુલ રૂપિયા ૮૩૦૦૦ કરોડનું ગાબડુ પડયું છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે ડિસેમ્બર, ૨૦૨૪ ત્રિમાસિકના અંતે દેશની લિસ્ટેડ કંપનીઓમાં એલઆઈસીનું એકંદર હોલ્ડિંગ જે રૂપિયા ૧૪.૭૨ ટ્રિલિયન રહ્યું હતું તે ૧૯ ફેબ્રુઆરીના અંતે ઘટી રૂપિયા ૧૩.૮૯ ટ્રિલિયન પર આવી ગયું છે. આમ ૨૦૨૪ના અંત અત્યારસુધીમાં એલઆઈસીના ઈક્વિટી હોલ્ડિંગમાં રૂપિયા ૮૩૨૪૦ કરોડ અથવા અંદાજે ૫.૫૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. ડિસેમ્બર ત્રિમાસિકના અંતે એલઆઈસીનું ૩૩૦ કંપનીઓમાં એક ટકાથી વધુ હોલ્ડિંગ હતું તેના અભ્યાસને આધારે આ અંદાજ મેળવાયો હોવાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓના એકંદર માર્કેટ કેપમાં આ ૩૩૦ કંપનીઓનો હિસ્સો ૬૭ ટકા જેટલો થવા જાય છે. એલઆઈસીના હોલ્ડિંગ સાથેની કંપનીઓ જેમ કે ટીસીએસ, એસબીઆઈ, એલએન્ડટી, જિઓ ફાઈનાન્સિઅલ સર્વિસીસ, એચસીએલ ટેકનો, અદાણી વગેરેના શેરભાવમાં વર્તમાન વર્ષના પ્રારંભથી નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. મોટાભાગના ક્ષેત્રો જેમ કે ફાઈનાન્સિઅલ, ફાર્મા, વીજ, માળખાકીય વગેરેમાં વિદેશી રોકાણકારોની જંગી વેચવાલી આવતા શેરભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું હતું. અમેરિકા દ્વારા શરૂ થયેલી ટેરિફ વોરને પરિણામે દેશના શેરબજારમાં શરૂ થયેલી વોલેટિલિટીને ધ્યાનમાં રાખતા શેરભાવ ફરી ઊંચકાવાની શકયતા હાલમાં જોવાતી નથી .ગયા વર્ષના ઓકટોબરથી અત્યારસુધીમાં ભારતીય ઈક્વિટી કેસમાં વિદેશી રોકાણકારોની અંદાજે રૂપિયા ૨.૯૪ લાખ કરોડની નેટ વેચવાલી આવી છે. બીએસઈ પર લિસ્ટેડ શેરોની સંયુકત માર્કેટ કેપમાં સપ્ટેમ્બર, ૨૦૨૪ની ટોચેથી છેલ્લા સાડાચાર મહિનામાં રૂપિયા ૭૪ લાખ કરોડથી વધુનું ધોવાણ થયાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે. વણસતી ભૂરાજકીય સ્થિતિ અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપોને કારણે કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં આવેલી મંદીની અસર માત્ર ભારત જ નહીં પરંતુ અન્ય દેશો પર પણ પડી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-8

# ભૂકંપ કોઈ મોટા સંકટ તરફનો સંકેત તો નથી?



દિલ્હી-એનસીઆરમાં ૧૭ ફેબ્રુઆરીની સવારે ૫ .૩૬ વાગ્યે ભૂકંપના તેજ આંચકાએ લોકોની ઊંઘ ઉડાડી દીધી અને દહેશતમાં લોકો ઘરોની બહાર આવીગ યા. ઝાટકા એટલા તેજ હતા કે ઈમારતો હાલવા લાગી અને એવું લાગ્યું કે જાણે કોઈ બોમ્બ બ્લાસ્ટ થયો છે. જોકે નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (એનસીએસ) અનુસાર નવી દિલ્હીમાં આવેલ ભૂકંપ રિક્ટર સ્કેલ પર ૪.૦ની તીવ્રતાનો જ હતો, પરંતુ તેનું કેન્દ્ર દિલ્હીમાં જમીનથી માત્ર પાંચ કિલોમીટરની ઊંડાઈ પર જ હતું, જેથી તેનું ઊંડાણ ઓછું હોવા અને કેન્દ્ર દિલ્હીમાં હોવાને કારણે જ દિલ્હી-એનસીઆરમાં ઝાટકા વધુ અનુભવાયા. રાહતની વાત એ રહી કે ભૂકંપના ઝાટકાથી જાનમાલનું કોઈ નુક્સાન ન થયું, પરંતુ લોકોના મનમાં સવાલ એ જ છે કે ક્યાંક દિલ્હી એનસઆર સહિત ઉત્તર ભારતમાં હળવા અને મધ્યમ ભૂકંપના ઝાટકા હિમાલય ક્ષેત્રમાં કોઈ મોટા ભૂકંપની આશંકા તો નથી વધારી રહ્યા ને? અસલમાં કેટલાક ભૂગર્ભ વૈજ્ઞાનિકોનું માનવું છે કે હંમેશાં કેટલાય નાના ભૂકંપ મોટ તબાહીના સંકેત હોય છે. દિલ્હી-એનસીઆરને લઈને ખતરો એટલા માટે પણ વ્યક્ત કરાય છે કે છેલ્લા કેટલાક દાયકાઓમાં દિલ્હી-એનસીઆરની આબાદી ઘણી વધી છે અને એવામાં જો અહીં ૬થી વધુ તીવ્રતાનો ભૂકંપ આવે છે તો તે ભારે તબાહી મચાવી શકે છે. એનસીએસના વૈજ્ઞાનિકો અનુસાર દિલ્હીને હિમાલયી બેલ્ટથી ઘણો ખતરો છે, જ્યાં ૮ની તીવ્રતાવાળા ભૂકંપ આવવાની પણ ક્ષમતા છે. દિલ્હીથી લગભગ બસો કિલોમીટર દૂર હિમાલય ક્ષેત્રમાં જો ૭ કે તેનાથી વધુ તીવ્રતાનો ભૂકંપ આવે છે તો દિલ્હી માટે મોટો ખતરો છે. જોકે આવો ભીષણ ભૂકંપ ક્યારે આવશે તે વિશે સચોટ અનુમાન લગાવવું સંભવ નથી. તેના માટે ના કોઈ ઉપકરણ છે કે ના કોઈ મિકેનિઝમ. દિલ્હીમાં મોટા ભૂકંપના ખતરાને જોતાં ભારતીય હવામાન વિભાગના ભૂકંપ રિસ્ક એસેસમેન્ટ સેન્ટર દ્વારા થોડા સમય પહેલાં દિલ્હી-એનસીઆરમાં ઈમારતોના માપદંડમાં જલ્દી બદલાવ કરવાની સલાહ અપા હતી. રાષ્ટ્રીય ભૂ-ભૌતિકીય સંશોધન સંસ્થા (એનજીઆરઆઇ)ના વૈજ્ઞાનિકો અનુસાર દિલ્હી-એનસીઆરમાં આવી રહેલા ભૂકંપોને લઈને અધ્યયન ચાલી રહ્યું છે. તેમનું કહેવું છે કે તેના કારણોમાં ભૂજળનું ઘટતું સ્તર પણ એક મુખ્ય કારણ સામે આવી રહ્યું છે, તે ઉપરાંત અન્ય કારણો પણ શોધવામાં આવી રહ્યાં છે. એવામાં સૌથી મોટો સવાલ એ છે કે શું દિલ્હીની ઊંચી-ઊંચી આલિશાન ઈમારતો અને એપાર્ટમેન્ટ કો મોટા ભૂકંપને સહન કરવાની સ્થિતિમાં છે? વિશેષજ્ઞો અનુસાર દિલ્હીમા 'વારંવાર આવી રહેલા ભૂકંપના ઝાટકાથી ખબર પડે છે કે દિલ્હી-એનસીઆરના ફોલ્ટ આ સમયે સક્રિય છે અને આ ફોલ્ટમાં મોટા ભૂકંપની તીવ્રતા ૬.૫ સુધી રહી શકે છે. તેથી વિશેષજ્ઞ કહે છે કે વારંવાર લાગતા ભૂકંપના આ ઝાટકાને મોટા ખતરાનો સંકેત માનતાં દિલ્હીએ નુક્સાનથી બચવાની તૈયારીઓ કરી લેવી જોઈએ. દિલ્હી અને આસપાસના ક્ષેત્રોમાં નિરંતર લાગતા ઝાટકાને જોતાં દિલ્હી હાઈકોર્ટ પણ કેટલીય વાર આકરું વલણ અપનાવી ચૂકી છે. હાઈકોર્ટે થોડા સમય પહેલાં જ દિલ્હી સરકાર, ડીડીએ, એમસીડી, દિલ્હી છાવણી પરિષદ, નવી દિલ્હી નગરપાલિકા પરિષદને નોટિસ જારી કરતાં પૂછ્યું હતું કે તેજ ભૂકંપ આવતાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેવાં પગલાં ભરવામાં આવ્યાં છે? અદાલત દ્વારા ચિંતા વ્યક્ત કરતાં કહેવામાં આઆવ્યું હતું કે સરકાર અને અન્ય નિગમો હંમેશની જેમ ભૂકંપના ઝાટકાને હળવાશથી લઈ રહ્યા છે, જ્યારે તેમણે આ દિશામા ગંભીરતા દેખાડવાની જરૂર છે. અદાલતનું કહેવું હતું કે ભૂકંપ જેવી વિપદાને પહોંચી વળવા માટે ઠોસ યોજના બનાવવાની જરૂર છે , કારણ કે ભૂકંપથી લાખો લોકોના જીવ જઈ શકે છે. દિલ્હી સરકાર તથા એમસડી દ્વારા દાખલ કરવામાં આવેલ જવાબ પર કડક ટિપ્પણી કરતાં અદાલત ત્યાં સુધી કહી ચૂકી છે કે ભૂકંપથી શહેરને સુરિક્ષત રાખવા માટે ઉઠાવવામાં આવેલ પગલાં કે પ્રસ્તાવ માત્ર કાગળિયાના વાઘ છે અને એવું નથી દેખાતું કે એજન્સીઓએ ભૂકંપ સંબંધે અદાલત દ્વારા પહેલાં આપેલા આદેશોનું પાલન કર્યું હોય. દિલ્હી-એનસીઆર ભૂકંપની દૃષ્ટિએ ઘણું સંવેદનશીલ છે, જે બીજા નંબરના સૌથી ખતરનાક સિસ્મિક ઝોન-૪માં આવે છે.

# દાહોદ ડાયટ ખાતે 10મો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ । દાહોદ લીમખેડા



GCERT ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ આયોજિત 10 મો એજ્યુકેશન ફેસ્ટીવલ 2024/25 કાર્યક્રમ યોજાયો હતો. જેનો શુભારંભ કાર્યક્રમ જિલ્લા કલેકટર શ્રી યોગેશ નિરગુડે(IAS)ની અધ્યક્ષતામાં યોજાયો હતો.કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન કરતા તેમને સૌ શિક્ષક ભાઈ-બહેનોને સમગ્ર વર્ષ દરમિયાન વર્ગખંડમાં બાળકો સમક્ષ નવતર અભિગમ થકી વર્ગકાર્ય કરવા પર ભાર મૂક્યો હતો. 10 માં એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ કાર્યક્રમ જિલ્લાની વિવિધ શાળાઓમાંથી 35 શિક્ષક ભાઈઓ-બહેનો દ્વારા 35 નવતર અભિગમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. 10 માં એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ શુભારંભ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્મિત લોઢા(IAS) પ્રાયોજનાં વહીવટદાર શ્રી દેવેન્દ્ર પ્રકાશ મીના(IAS),પ્રાંત અધિકારી દાહોદ શ્રી મિલીન દવે,જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ. એલ. દામા,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એ.એ.બારીઆ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી આર.એ. ગડરિયા, ડાયટ ના પ્રાચાર્ય શ્રી આર.જી.મુનીયા,ઈનોવેશન સેલ કો.ઓર્ડીનેટર શ્રી એમ.એન.ડામોર, ડાયટ પરિવારનાં સભ્યો,જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી સુરતાનભાઈ કટારા,જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘનાં અધ્યક્ષ શ્રી દેશિંગભાઈ તડવી,બંને સંગઠનોના વિવિધ હોદ્દેદારો,જિલ્લાના દરેક તાલુકાના TPEO, તાલુકાઓના BRC.Co.ઓર્ડીનેટર, CRC. Co.ઓર્ડીનેટર,ઈનોવેટીવ શિક્ષક ભાઈઓ-બહેનો,પ્રદર્શન નિહાળવા આવેલા સારસ્વત ભાઈઓ-બહેનો સહિત બાળકો ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જાફરાબાદના દુધાળામાં ફરી સિંહો રોડ પર લટાર મારતા જોવા મળ્યા

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

દુધાળા ગામે આવેલ વિશ્વાસ પેટ્રોલ પંપ ના સી.સી.ટી.વી કેમેરા મા બે ડાલા મથા સિંહો થયા કેદ દુધાળા થી પસાર થતો



ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર વિશ્વાસ પેટ્રોલ પંપ પાસે બે સિંહો રોડ પસાર કરતા હોય તેવા સીસીટીવી કેમેરા મા કેદ જાફરાબાદ ના દુધાળા ગામે નેશનલ હાઈવે ઉપર સિંહો ની લટાર સીસીટીવી માં કેદ સિંહો જંગલો સોડી ગામ તરફ વળ્યા અમરેલી જિલ્લા ના ગામડા ઓમા રોડ ઉપર અનેક વાર સિંહો આવી ચડતા હોય છે. અવાર નવાર સિંહો રોડ ઉપર જોવા મળતા હોય છે બે દિવસ માં બે વાર સિંહો એ દર્શન આપ્યા એકજ રોડ પર અને એકજ ગામ માં સિંહો ના આટા ફેરા થી સ્થાનિકો મા ભયનો માહોલ.

# મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે અમદાવાદમાં 102 વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ આપી, મહિલા શિક્ષણ પ્રત્યેની કટીબદ્ધતા મજબૂત કરી

(એજન્સી) અમદાવાદ । તા. 20



ભારતના અગ્રણી કારોબારી સમૂહ તથા મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની પેરેન્ટ કંપની મલાબાર ગ્રૂપે શૈક્ષણિક વર્ષ 2024-25 માટે અમદાવાદમાં વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક શિષ્યવૃત્તિ આપી છે. અમદાવાદમાં એલિસબ્રિજ, મીઠાખળી છ રસ્તા પાસે લાયન્સ હોલમાં આ શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ યોજાયો હતો, જે શિક્ષણના માધ્યમથી મહિલાઓને સશક્ત કરવા માટેના સમૂહના નિરંતર પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ ક્ષણ હતી. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં તથા અમદાવાદના જિલ્લા શિક્ષણ અધિકારી કૃપા ઝા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ વિશિષ્ટ અતિથિઓ ઉપરાંત આ કાર્યક્રમમાં મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની લીડરશીપ ટીમે ભાગ લીધો હતો, જેમાં સ્થાનિક બ્રાન્ડ હેડ, શુભેચ્છકો, ગ્રાહકો અને શિષ્યવૃત્તિ પ્રાપ્તકર્તાઓ સામેલ હતાં. આ પહેલ વિશે પ્રતિક્રિયા આપતાં મલાબાર ગ્રૂપના ચેરમેન એમપી અહમદે જણાવ્યું હતું કે, શિક્ષણમાં રોકાણ એટલે ભવિષ્યમાં રોકાણ કરવું. વિદ્યાર્થીનીઓના શિક્ષણને સપોર્ટ કરતાં અમે તેમના સપના સાકાર કરવામાં મદદ કરવાની સાથે-સાથે મજબૂત અને વધુ સમાન સમાજના વિકાસમાં યોગદાન આપી રહ્યાં છીએ.

મલાબાર ગ્રૂપે તેની શરૂઆતથી તેની સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓ દ્વારા સમાવેશક વિકાસ પ્રત્યેની મજબૂત કટીબદ્ધતા દર્શાવી છે. આ પ્રયાસોને માળખું આપવા અને તેના વિસ્તાર માટે વર્ષ 1999માં મલાબાર ચેરિટેબલ ટ્રસ્ટ (એમસીટી)ની રચના કરાઈ હતી.

# ફલોડ ગામના વ્યક્તિનું તળાવના પાણીમાં ડૂબી જવાથી મોત



કિશન રોહિડા । જરોદ

વાઘોડિયા તાલુકાના ફલોડ ગામના વતની જેન્તીભાઇ રાઠોડીયા ના ઘરે રહેતા તેમના સાળા મનહરભાઈ શનાભાઈ રાઠોડીયા ઉ વર્ષ 58 મૂળ રહે,લીલોરા હાલ રહે ફલોડ બનેવી ને ત્યાં રહીને બકરા બકરી ઓ ચરાવતા હતા ગામ નજીક આવેલ દેવ નદી ના કાઠે તે બકરા ચરાવી પરત ઘરે આવતી વેળાએ તેણે દેવ નદી પસાર કરવાની હતી તે દરમિયાન વહેતાં પાણી માં મનહરભાઈ ને મગર આવી ચઢી ને ખેંચી ગયો હતો નદી ના કિનારે હાજર ગ્રામ જનો ની નજર પડતાં બુમરાણ કરી મુકતા મનહરભાઈ ના પરીવારજનો સહિત ગામના સરપંચ સહિત સૌ આવી ચઢતા મનહરભાઈ ના બનેવી એ વાઘોડિયા પોલીસ તેમજ ફોરેસ્ટ ઓફિસર ને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા ત્યારે સ્થાનિક તરવૈયાઓની દ્વારા મનહરભાઈ ની શોધખોળ આરંભી હતી ભારે જહેમત બાદ મનહરભાઈ ની લાશ હાથ લાગતાં તરવૈયા ઓ હાશકારો અનુભવ્યો હતો અને મનહરભાઈ ના પરીવારજનો માં ગમગીની ફેલાઈ જતાં રોકકળ થ ઈ જવા પામી હતી મનહરભાઈ ના થાપા ના ભાગે ઈજાઓ પહોંચી હતી બાદમાં પાણીમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ હતું.

# આગામી 25 ફેબ્રુઆરીના રોજ બનાસકાંઠા જિલ્લા મેગા પ્લેસમેન્ટ ફેર-૨૦૨૫નું આયોજન કરાશે

(માહિતી બ્યુરો,પાલનપુર)

બનાસકાંઠા જીલ્લાની સરકારી અને અનુદાનિત ટેકનિકલ તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્નાતક અને અનુ સ્નાતકના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે તે હેતુથી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને Knowledge Consortium of Gujarat (KCG) દ્વારા વિશિષ્ટ પહેલ વર્ષ-૨૦૧૯થી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ વર્ષે પણ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી પોલીટેકનીક,પાલનપુર મુકામે આગામી ૨૫ ફેબ્રુઆરીના બનાસકાંઠા જીલ્લાના મેગા પ્લેસમેન્ટ ફેર-૨૦૨૫નું આયોજન કરાશે. આ પ્લેસમેન્ટ કેમ્પમાં, બનાસકાંઠા જીલ્લાની ૧૪ સરકારી અને અનુદાનિત કોલેજના અંતિમ વર્ષમા અભ્યાસ કરતા બી.ઇ., ડિપ્લોમા, બી.સી.એ., બી.એસ.સી., એમ.એસ.સી., બી.એ., બી. કોમ. અને એમ.કોમ. ના કુલ ૧૭૯૩ વિદ્યાર્થીઓ માટે ૪૦થી વધારે ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે તેમ શ્રી એસ.ડી.ડાભી નોડલ અધિકારી પ્લેસમેન્ટ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આગામી દિવસોમાં આવતી ધોરણ 10 ધોરણ 12ની પરીક્ષાઓમાં મોબાઈલ તથા કેન્દ્ર નજીક આવતા ઝેરોક્ષ અન્ય પણ પ્રતિબંધ મુકયો

## ધો. 10- ધો.12 ગુજરાત બોર્ડ પરીક્ષા પરીક્ષા કેન્દ્રોની 100 મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઝેરોક્ષ,ફેક્સ મશીનના ઉપયોગ, પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ લઇ જવા પર પ્રતિબંધ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

આગામી તા.૨૭ ફેબ્રુઆરી,૨૦૨૫થી અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ધો.૧૦ અને ધો.૧૨ ગુજરાત શિક્ષણ બોર્ડની પરીક્ષા યોજાશે. જિલ્લામાં અમરેલી ઝોનના ૩૯ કેન્દ્રો અને સાવરકુંડલા ઝોનના ૪૧ સહિત ૮૦ કેન્દ્રો પર ધો.૧૦ની પરીક્ષા યોજાશે. અમરેલી ઝોનના ૨૧ કેન્દ્રો પર સાવરકુંડલા ઝોનના ૧૭ સહિત ૩૮ કેન્દ્રો પર ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા યોજાશે. જિલ્લામાં અમરેલી ઝોનના ૦૯ કેન્દ્રો અને સાવરકુંડલાના ૦૨ ઝોન એમ ૧૧ ઝોનમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા યોજાશે. જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પારદર્શિપણા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આગામી તા.૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા.૧૭ માર્ચ, ૨૦૨૫ દરમિયાન પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક બાબતો થઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ-ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે.પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ લઇ જવા પર અને પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવાં પર પ્રતિબંધ છે.

પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત્ત વ્યક્તિ સિવાય અનઅધિકૃત્ત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થી કે તેના સાથે સંકળાયેલા કોઈ પણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જઈ શકશે નહીં. અનિવાર્ય સંજોગોમાં સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે પરંતુ મોબાઈલ જે-તે સંસ્થાના આચાર્યશ્રીના રુમમાં, સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરુપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેક્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. પરીક્ષા સ્થળના આસપાસના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા દરમિયાન દરેક કેન્દ્રના સંચાલકોએ શાળામાં ઝેરોક્ષ મશીન, સ્કેનર સીલ કરીને રાખવાના રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે ખરાઈ કરી અને આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્રના સંચાલક પાસેથી અચૂક મેળવી લેવાનું રહેશે. આ હુકમ તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫થી સવારે તા.૧૭ માર્ચ, ૨૦૦૨૫ સુધી અમલી રહેશે. રજાના દિવસો તા.૦૨ માર્ચ, ૨૦૨૫ રવિવાર, તા.૦૯ માર્ચ, ૨૦૨૫ રવિવાર, તા.૧૪ માર્ચ, ૨૦૨૫ શુક્રવાર તથા તા.૧૬ માર્ચ, ૨૦૨૫ રવિવારે અમલી થશે નહીં. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાપાત્ર છે. જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સંબંધિત દરેક પરીક્ષાના કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા અમરેલી જિલ્લા પોલીસ સ્ટેશનના થાણા અધિકારીશ્રીઓને અધિકૃત્ત કરવામાં આવ્યા છે.

# ગેર-ઉપનગરીય ખંડ પર અનરિઝર્વ્ડ ટિકિટના એડવાન્સ બુકિંગની સુવિધા

અમદાવાદ : પશ્ચિમ રેલ્વે તેના મુસાફરોને સુવિધાજનક અને મુશ્કેલી રહિત મુસાફરીનો અનુભવ આપવા માટે પ્રતિબદ્ધ છે.આ દિશામાં, રેલ્વે દ્વારા મુસાફરોને ગેર -ઉપનગરીય ખંડ પર 200 કિમીથી વધુની મુસાફરી માટે ત્રણ દિવસ અગાઉ (મુસાફરીનો દિવસ સિવાય) અનરિઝર્વ્ડ ટિકિટ બુક કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. આ સુવિધા અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (UTS) ના તમામ કાઉન્ટરો પર ઉપલબ્ધ છે, જેનાથી મુસાફરો માટે ટિકિટ બુક કરવાની સુવિધા અને સરળતા સુનિશ્ચિત કરે છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ પહેલનો ઉદ્દેશ્ય ટિકિટ કાઉન્ટરો પર ખાસ કરીને હોળી, દિવાળી, ઉનાળા/શિયાળાની રજાઓ, ક્રિસમસ અને અન્ય રજાઓ જેવી પીક ટ્રાવેલ સીઝન દરમિયાન ભીડ અને લાઈનો ઘટાડવાનો છે. પશ્ચિમ રેલ્વે મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ યૂટીએસ બુકિંગ વિન્ડો પર છેલ્લી ઘડીની ભીડ થી બચવા અને પરેશાની મુક્ત મુસાફરીનો આનંદ માણવા માટે આ એડવાન્સ બુકિંગ સુવિધાનો લાભ ઊઠાવે. શ્રી વિનીતે માહિતી આપી હતી કે ઘણા મુસાફરો હજુ પણ આ સુવિધાજનક જોગવાઈથી અજાણ છે અને પશ્ચિમ રેલ્વે તેના વિશે જાગૃતિ ફેલાવવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. આ સુવિધા ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો માટે ફાયદાકારક છે, કારણ કે તે તેમને તેમની મુસાફરીનું આયોજન કરી શકે છે અને ટિકિટ પણ અગાઉથી બુક કરી શકે છે. આનાથી મુસાફરોને પીક ટ્રાવેલ સીઝન દરમિયાન રાહત મળશે. મુસાફરોને તેમની મુસાફરીનું આયોજન અગાઉથી કરવા અને સરળ, તણાવમુક્ત અને આરામદાયક મુસાફરી અનુભવ માટે આ સુવિધાનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ સુવિધા અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (UTS) ના તમામ કાઉન્ટરો પર ઉપલબ્ધ છે, જેનાથી મુસાફરો માટે ટિકિટ બુક કરવાની સુવિધા અને સરળતા સુનિશ્ચિત કરે છે.

# કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ

## 0-5 વર્ષના બાળકોના રસીકરણ પર ભાર આપવા જિલ્લા કલેકટરશ્રીની સૂચના

કિશોર આર. સોલંકી જાફરાબાદ



અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) અને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાની તમાકુ નિયંત્રણ સ્ટિયરિંગ સમિતિ બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આરોગ્ય શાખા દ્વારા વર્ષ-૨૦૨૪ના એપ્રિલ થી શરુ કરી અને જાન્યુઆરી-૨૦૨૫ સુધી કરવામાં આવેલા રસીકરણની કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. રસી મેળવવાના બાકી હોય તેવા બાળકોને રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવશે. ફિલ્ડ પર સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા બાબતે હાથ ધરવાની કાર્યવાહી વિષયક ચર્ચા કરવામાં આવી હતી. ૦-૫ વર્ષના બાળકોના રસીકરણ પર ભાર આપવા જિલ્લા કલેકટરશ્રીએ સૂચના આપી હતી.જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ અન્વયે જિલ્લામાં હાલ સંચારી રોગમાં કોઈ રોગચાળો ફેલાયેલ નથી કે સીઝનલ ફ્લુનો પણ કોઈ કેસ નોંધાયેલ નથી. આમ છતાં સીઝનલ ફ્લુ જેવી સ્થિતિ સર્જાય તો આરોગ્ય શાખા પાસે તે માટે જરુરી દવાઓ, માસ્ક સહિતનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાનું આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યુ હતુ.

ઉનાળાની ઋતુની શરુઆત હોય ગરમી અને લૂથી બચવા વિશેષ સાવધાની રાખવાના પગલાઓ ધ્યાને લેવા સૂચના આપવામાં આવી હતી. પીવાના પાણીના ક્લોરિનેશન સહિતની બાબતે કામગીરી માટે જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓને સૂચનાઓ આપી હતી. મચ્છર ઉપદ્રવ નિયંત્રણ માટે ફોગીંગ કામગીરી અને અન્ય પગલાઓ હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. અમરેલી જિલ્લા કલેક્ટરશ્રીએ ઈન્ટિગ્રેટેડ સર્વેલન્સ પ્રોગ્રામ બાબતે સમીક્ષા કરી હતી.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઇ હતી. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ-તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા શાળા કાર્યક્રમ માર્ગદર્શિકા મુજબ શાળા વિસ્તારથી નજીક હોય તેવા વિસ્તારમાં તમાકુ યુક્ત પદાર્થોનું વેચાણ થઇ શકે નહિ તે બાબતે કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તે સહિતની વિશેષ સૂચનાઓ જિલ્લા કલેક્ટરશ્રીએ આપી હતી.જિલ્લા સ્કવોડ, આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વાહનવ્યવહાર, ખોરાક અને ઔષધ નિયમન, નગરપાલિકાઓ દ્વારા તમાકુ નિયંત્રણ ધારાના ભંગ બદલ એપ્રિલ-૨૦૨૪ થી જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન ૧,૫૧૭ કેસ નોંધાયા અને રૂ.૧,૫૫,૨૮૦ દંડની રકમની વસૂલાત કરવામાં આવી હતી. બેઠકનું સંચાલન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ કર્યુ હતું. આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા-તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ, વિવિધ કચેરીના અધિકારીશ્રીઓ-કર્મયોગીશ્રીઓ અને સમિતિના સભ્યશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સ્પાઇનલ ફ્યુઝનને સમજો : આ ક્યારે આવશ્યક છે?

લેખક: ડૉ. અમિત ઝાલા સિનિયર કન્સલ્ટન્ટ સ્પાઇન સર્જન એચસીજી હોસ્પિટલ્સ, અમદાવાદ

રોડરજ્જુ એ માનવ શરીર રચનાની કરોડરજ્જુ છે. આ માળખાકીય સપોર્ટ પૂરો પાડે છે, લવચીકતા સક્ષમ કરે છે અને કરોડરજ્જુનું રક્ષણ કરે છે. આ સાથે મગજ અને શરીર વચ્ચે મુખ્ય સંચાર માર્ગ તરીકે સેવા આપે છે. જોકે, કરોડરજ્જુ ઘણીવાર નબળી મુદ્રા, બેઠાડુ જીવનશૈલી, ઈજાઓ અથવા ઉંમર સંબંધિત અધોગતિને કારણે પડકારોનો સામનો કરે છે. ઘણી પરિસ્થિતિઓમાં, કરોડરજ્જુમાં ક્રોનિક પીડા વધુ અસ્વસ્થતાનું કારણ બને છે અને હર્નિયેટ ડિસ્ક, સ્પાઇનલ સ્ટેનોસિસ અથવા સ્કોલિયોસિસ જેવી પરિસ્થિતિઓ ગતિશીલતા અને જીવનની ગુણવત્તાને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે. ક્રોનિક સ્પાઇનલ પીડાને સંચાલિત કરવા માટે વિવિધ સારવાર વિકલ્પો ઉપલબ્ધ છે પરંતુ સ્પાઇનલ ફ્યુઝન એક યુનિક અભિગમ તરીકે બહાર આવે છે જે ઘણીવાર વધુ આરામ અને સ્થિરતા પ્રદાન કરે છે.

સ્પાઇનલ ફ્યુઝન શું છે ?

સ્પાઇનલ ફ્યુઝનમાં હાડકાના કલમ, સ્ક્રૂ, સળિયા અથવા પ્લેટનો ઉપયોગ કરીને બે અથવા વધુ કરોડરજ્જુને જોડવાનો સમાવેશ થાય છે અને તેનો ધ્યેય અસરગ્રસ્ત કરોડરજ્જુ વચ્ચેની હિલચાલને દૂર કરવાનો છે, જેનાથી દુખાવો ઓછો થાય છે અને વધુ નુકસાન થતું અટકાવી શકાય છે. સમય જતાં, કરોડરજ્જુ એક જ ઘન હાડકામાં વિકસે છે જે વધુ સ્થિરતા પ્રદાન કરે છે.

સ્પાઇનલ ફ્યુઝનની જરૂર પડતી સામાન્ય સ્થિતિઓ કઈ છે?

સ્પાઇનલ ફ્યુઝન એ પ્રથમ લાઇન સારવાર નથી પરંતુ તે ગંભીર સ્થિતિઓ માટે આરક્ષિત છે, જેમ કે:

ડીજનરેટિવ ડિસ્ક રોગ: જ્યારે કરોડરજ્જુ વચ્ચેની ગાદીવાળી ડિસ્ક તૂટી જાય છે ત્યારે તે પીડા અને અસ્થિરતા તરફ દોરી શકે છે.

સ્કોલિયોસિસ: કરોડરજ્જુના ગંભીર વળાંકના કિસ્સામાં, કરોડરજ્જુનું ફ્યુઝન કરોડરજ્જુને ફરીથી ગોઠવવા અને સ્થિર કરવામાં મદદ કરે છે.

સ્પાઇનલ સ્ટેનોસિસ: કરોડરજ્જુની નળીનું સંકુચિત થવું ચેતાને સંકુચિત કરી શકે છે, જેના કારણે દુખાવો, નબળાઇ અને નિષ્ક્રિયતા આવે છે.

સ્પોન્ડિલોલિસ્ટેસિસ: આ સ્થિતિ ત્યારે થાય છે જ્યારે એક કરોડરજ્જુ બીજા પર લપસી જાય છે જેના કારણે અસ્થિરતા અને ચેતામાં બળતરા થાય છે.

ફ્રેક્ચર અથવા ગાંઠ: કરોડરજ્જુમાં ગંભીર ઈજા અથવા ગાંઠોને માળખાકીય અખંડિતતા પુનઃસ્થાપિત કરવા માટે કરોડરજ્જુના ફ્યુઝનની જરૂર પડી શકે છે.

સ્પાઇનલ ફ્યુઝન ક્યારે જરૂરી છે?

સ્પાઇનલ ફ્યુઝન ત્યારે ધ્યાનમાં લેવામાં આવે છે જ્યારે:

નોન-સર્જિકલ સારવાર નિષ્ફળ: શારીરિક ઉપચાર, દવાઓ અને ઈન્જેક્શનથી પૂરતી રાહત મળી નથી.

ક્રોનિક પીડા ચાલુ રહે છે: પીડા જીવનની ગુણવત્તા અને દૈનિક પ્રવૃત્તિઓ પર નોંધપાત્ર અસર કરે છે.

કરોડરજ્જુની અસ્થિરતા અસ્તિત્વમાં છે: કરોડરજ્જુ વચ્ચેની હિલચાલથી પીડા અથવા ચેતાને નુકસાન થાય છે.

ન્યુરોલોજીકલ લક્ષણો દેખાય છે: ચેતા સંકોચનને કારણે નબળાઈ, નિષ્ક્રિયતા આવે છે અથવા આંતરડા/મૂત્રાશય પર નિયંત્રણ ગુમાવવું.

જોખમો અને વિચારણાઓ

કોઈપણ મોટી શસ્ત્રક્રિયાની જેમ, સ્પાઇનલ ફ્યુઝનમાં પણ સહજ જોખમો હોય છે જેનો દર્દીઓએ કાળજીપૂર્વક વિચાર કરવો જોઈએ. સંભવિત ગૂંચવણોમાં ચેપ, લોહી ગંઠાવવાનું અને ચેતાને નુકસાનનો સમાવેશ થાય છે જે નિષ્ક્રિયતા, નબળાઇ અથવા ક્રોનિક પીડામાં પરિણમી શકે છે. બીજી નોંધપાત્ર ચિંતા એ છે કે એસેજન્ટ સેગમેન્ટ ડિસીઝ, એક એવી સ્થિતિ જ્યાં ફ્યુઝ્ડ સેગમેન્ટની નજીકના કરોડરજ્જુમાં તણાવ વધે છે જે સમય જતાં અધોગતિ તરફ દોરી જાય છે. સ્પાઇનલ ફ્યુઝનમાંથી પુનઃપ્રાપ્તિ એ એક ક્રમિક પ્રક્રિયા છે જેમાં ઘણીવાર લાંબા પુનર્વસન સમયગાળાની જરૂર પડે છે.

# જિદ્દી બ્લેકહેડ્સથી પરેશાન છો અસરકારક ઘરેલૂ નુસખા

આજકાલ અનેક લોકોને બ્લેકહેડ્સની સમસ્યા રહે છે. આ પછી તેઓ અનેક નુસખા અપનાવી લેતા હોય છે. જ્યારે લોકો ઘરની બહાર નીકળે છે ત્યારે હવા અને પ્રદૂષણના કારણે તેમની સ્કીન પર અનેક પ્રકારની ગંદગી જામે છે. આ પછી તેઓ તેને લઈને પરેશાન રહે છે. બ્લેકહેડ્સના કારણે ચહેરાનો લૂક પણ ખરાબ થાય છે. તો જાણો તેને હટાવવા માટે મોંઘી પ્રોડક્ટ્સના બદલે કયા ઘરેલૂ નુસખા ટ્રાય કરી લેવાથી ફાયદો થશે.



## બેકિંગ સોડા

તેમાં એન્ટી બેક્ટેરિયલ અને એન્ટીફંગલ ગુણો જોવા મળે છે. તે ત્વચાના મૃત કોષો અને વધારાના સીબમને દૂર કરવામાં મદદ કરી શકે છે. તેને બનાવવા માટે 1 ટેબલસ્પૂન બેકિંગ સોડાને 2 ટેબલસ્પૂન પાણીમાં મિક્સ કરો. તેને બ્લેકહેડ્સવાળી જગ્યા પર લગાવો. તેને 10 થી 15 મિનિટ સુધી રાખ્યા બાદ તેને પાણીથી સાફ કરી લો.



## સ્ક્રબ

એક્સફોલિએટિંગ સ્ક્રબ ત્વચા પર હાજર તમામ બ્લેકહેડ્સ અને ડેડ સ્કિન સેલ્સને દૂર કરીને ત્વચાને કોમળ બનાવે છે. તેને બનાવવા માટે 1 ચમચી કોફીમાં 1 ચમચી નારિયેળ તેલ અને અડધા લીંબુનો રસ સારી રીતે મિક્સ કરો. ત્યારપછી ચહેરા પર હળવા હાથે મસાજ કરો. ખાસ કરીને જ્યાં બ્લેકહેડ્સ હાજર હોય ત્યાં તેને લગાવો. આ પછી પાણીથી ચહેરો ધોઈ લો.

## ટામેટા અને લીંબુ

એક બાઉલમાં અડધા ટામેટાની પ્યુરી બનાવો અને અડધા લીંબુને નિચોવીને બરાબર મિક્સ કરો. પછી કોટન પેડનો ઉપયોગ કરીને તેને તમારા ચહેરા પર લગાવો અને 10 થી 15 મિનિટ સુધી રાખ્યા પછી તેને ઠંડા પાણીથી ધોઈ લો અને રૂમાલની મદદથી ચહેરો સુકાવો. થોડો સમય આ કામ કરવાથી તમને ફરક જોવા મળશે.



## મધ અને લીંબુ

2 ચમચી લીંબુના રસમાં અડધી ચમચી દાણાદાર ખાંડ અને અડધી ચમચી મધ મિક્સ કરો. તેને સારી રીતે મિક્સ કરો. પછી આ મિશ્રણને તમારા ચહેરા પર લગાવો અને લગભગ 2 મિનિટ સુધી હળવા હાથે મસાજ કરો. પછી હુંફાળા પાણીથી ચહેરો ધોઈ લો. જો તમારી ત્વચા શુષ્ક લાગે તો મોઈશ્ચરાઈઝર લગાવો. તેને આંખો અને મોંની આસપાસ લગાવવાનું ટાળો.

# વજન ઘટાડવા માટે અસરકારક છે 3 ડ્રિંક્સ, જાણો કેવી રીતે થશે ફાયદો



## હર્બલ ડિટોક્સ ટી



જો તમે વજન ઘટાડવા ઈચ્છો છો તો સવારે ઊઠીને ખાલી પેટે આ ચા પીવી સારી રહે છે. વજન ઘટાડવા માટે આ ડ્રિંક ફાયદારૂપ રહેશે. સાથે આ ચા તમારા શરીરને ડિટોક્સીફાઈ કરવામાં મદદ કરે છે. તમે આદુ, કાળા મરી, ફૂદીનાથી બનતી ચા પી શકો છો. તે તમારા શરીરને એક્ટિવ અને એનર્જિટિક બનાવી રાખવામાં મદદ કરે છે.

## નારિયેળ કાજૂ પ્રોટીન સ્મૂધી

વજન ઘટાડવા માટે નારિયેળ પાણીને ફાયદારૂપ માનવામાં આવે છે. લોકો સવારે ઊઠીને ભૂખ્યા પેટે નારિયેળ પાણી પીવાનું પસંદ કરે છે. તે હેલ્થ માટે સારું રહે છે. તેમાં ભરપૂર પ્રમાણમાં હેલ્ધી ફેટ અને પ્રોટીન હોય છે અને કેલેરી ઓછી હોય છે. સાથે કાજૂમાં કાર્બનું પ્રમાણ વધારે હોય છે. જે બોડીને એનર્જેટિક બનાવી રાખવામાં મદદ કરી શકે છે. એવામાં નારિયેળ કાજુ પ્રોટીન સ્મૂધી વેટ લોસ કરવામાં તમારી મદદ કરી શકે છે. તમે કાજુ, નારિયેળ પાણી,અળસીના બીજનો ઉપયોગ કરી શકો છો.

## એપલ સાઈડર વિનેગર



વજન ઘટાડવા માટે એપલ સાઈડર વિનેગર ડ્રિંક બેસ્ટ ઓપ્શન છે. સાથે જે બ્લડ શુગર લેવલને કંટ્રોલમાં રાખવામાં મદદ કરે છે. તમે એપલ સાઈડર વિનેગરનું પાણી મધ સાથે પીશો તો ફાયદો થશે. ધ્યાન રાખો કે કોઈ પણ વસ્તુના વધારે સેવનથી તેના ફાયદાને બદલે નુકસાન થઈ શકે છે.

# ગરમ કપડા જાળવવાની આ છે સાચી રીત, કપડા રહેશે નવા જ

શિયાળાની ઋતુ પુરી થઈ ગઈ છે. એવામાં તમે હવે ગરમ કપડાને ફરી પાછા આગામી શિયાળા સુધી સુરક્ષિત રીતે વોર્ડરોબમાં રાખવાનું શરુ કરી દીધું હશે. ઉનાળો શરૂ થતાની સાથે જ મોટાભાગના લોકો તેમના ગરમ કપડા ધોઈને બોક્સમાં રાખે છે. પરંતુ ગરમ કપડા પેક કરવાની આ યોગ્ય રીત નથી. જો તમે આ રીતે વૂલન કપડા પેક કરો છો તો તમને જણાવીએ કે શિયાળાના કપડાને બોક્સમાં રાખતા પહેલા કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.



**આ રીતે કરો પાર્ટીશન |** જો તમે એક જ બોક્સમાં ઘણા ગરમ કપડા રાખવા માંગતા હોય તો તમારે દરેક કપડા વચ્ચે પેપરનું પાર્ટીશન રાખવું જોઈએ. ઘણા લોકો પ્લાસ્ટિકની થેલીઓમાં કપડા પેક કરતા હોય છે જે ખરેખર ખોટી રીત છે. પ્લાસ્ટિકની થેલીની અંદર લાંબા સમય સુધી કપડા ન રાખવું જોઈએ. તેના બદલે મારે જૂના અખબારોમાં કપડા પેક કરીને બોક્સમાં રાખવા જોઈએ.

**કેવી રીતે રાખવા નેપ્થાલિન બોલ્સ? |** ઘણા લોકો કપડાની વચ્ચે નેપ્થાલિન બોલ્સ રાખતા હોય છે. જે બિલકુલ ખોટી રીત છે. તમારે નેપ્થાલિન બોલ્સને કપડાની વચ્ચે નહિ પરંતુ બોક્સના ચારેય ખૂણામાં 2-2 નેપ્થાલિન બોલ મૂકવા જોઈએ. જો તમે વધુ સંખ્યામાં નેપ્થાલિન બોલનો ઉપયોગ કરો છો તો બીજીવાર એ કપડા વાપરતી વખે તેમાંથી નેપ્થાલિન બોલ્સની દુર્ગંધ આવશે. એવામાં તમારે પાતળા સુતરાઉ કપડામાં નેપ્થાલિન બોલ્સને બાંધીને બોક્સમાં મૂકવા જોઈએ.

**આ વસ્તુનો પણ કરી શકો છો ઉપયોગ |** નેપ્થાલિન બોલ્સ સિવાય, તમે કોટન પેડમાં લીમડાના પાન, લીમડાનું તેલ અથવા લવંડર તેલના થોડા ટીપાં નાખીને બોક્સમાં મૂકી શકો છો. તેનાથી તમારા વૂલન કપડાં પણ સુરક્ષિત રહેશે.

**યોગ્ય રીતે ફોલ્ડ કરો |** વૂલન કોટ કે જેકેટ જેવા ગરમ કપડાં બૉક્સમાં રાખતી વખતે, તેને યોગ્ય રીતે ફોલ્ડ કરો. આમ ન કરવાથી તેના પર વધુ કરચલીઓ પડી જશે, જેનાથી તેમનો લુક બગડી જશે. આ ઉપરાંત, તમને કપડાં પેક કરવામાં પણ સમસ્યાનો સામનો કરવો પડશે.

**ગરમ કપડા ક્યાં રાખવા |** પેકિંગની સાથે, તમારે એ પણ ધ્યાનમાં રાખવું પડશે કે તમે જ્યાં ગરમના કપડા રાખો છો તે જ્યાં ભેજવાળી તો નથીને! ભેજવાળી જગ્યા ગરમ કપડા રાખવાથી તેમાંથી દુર્ગંધ આવી શકે છે. તેમજ આ જગ્યાએ સીધો સૂર્યપ્રકાશ પણ ન આવવો જોઈએ.

# ભયંકર કબજિયાતથી પણ મુક્તિ અપાવી શકે છે અળસી



કબજિયાત પાચન સંબંધિત ગંભીર સમસ્યા છે. જો અઠવાડિયામાં ત્રણ કે તેનાથી પણ ઓછી વાર પેટ સાફ આવતું હોય તો તેને કબજિયાત કહેવાય છે. આ સ્વાસ્થ્ય સમસ્યા અનિયમિત જીવનશૈલીનું પરિણામ હોય છે. સાથે જ જ્યારે તમે પાણી ઓછું પીવો છો, મસાલેદાર ભોજન વધારે કરો છો અને ફિઝિકલી એક્ટિવ નથી રહેતા તો કબજિયાત થવાનું જોખમ વધી જાય છે. ઘણા લોકોને કબજિયાત થોડા દિવસોમાં ઠીક થઈ જાય છે પરંતુ કેટલાક લોકોને આ સમસ્યા ખૂબ જ પરેશાન કરે છે. જો સમય રહેતા કબજિયાતનો ઉપાય કરવામાં ન આવે તો તેના કારણે હરસ જેવી ગંભીર સમસ્યા પણ થઈ શકે છે. સ્વાસ્થ્ય નિષ્ણાંતો જણાવે છે કે કબજિયાતથી તુરંત રાહત મેળવવી હોય તો અળસી સૌથી સરળ અને અસરકારક ઉપાય છે. રિસર્ચમાં પણ સાબિત થયું છે કે અળસી કબજિયાતને મટાડવામાં ઝડપથી અસર કરે છે. અળસીના બીજમાં પ્રોટીન, ઓમેગા 3 ફેટી એસિડ, ડાયેટરી ફાઈબર અને સાથે જ વિટામીન હોય છે. આ બધા પોષક તત્વો પાચન ક્રિયાને ઝડપી બનાવે છે અને કબજિયાતની સમસ્યાથી તુરંત રાહત અપાવે છે. એક રિસર્ચ અનુસાર અળસી એક પ્રાકૃતિક રેચક છે. જેનું સેવન કર્યાના 12 થી 24 કલાકની અંદર જ પેટ સારી રીતે સાફ થઈ જાય છે. આંતરડામાં જામેલો મળ પણ છૂટો પડીને નીકળી જાય છે. કબજિયાતથી રાહત મેળવવા માટે અળસીનું સેવન કર્યાની સાથે દિવસ દરમિયાન પાણી પીવું પણ જરૂરી છે. કબજિયાત સહિત પાચન સંબંધિત સમસ્યાથી બચવા માટે રોજ એક ચમચી અળસીના બીનું સેવન કરવું જોઈએ. તમે અળસીના બીને પાણીમાં પલાળી તે પાણી પણ પી શકો છો. જો રોજ તમે આ રીતે અળસીના બીજનું સેવન કરશો તો શરીરને જરૂરી ફાયબર મળી રહેશે અને કબજિયાતની સમસ્યા ક્યારેય નહીં થાય.

# શબ્દો વગરની દુનિયા નિશબ્દ અંધકારમાં ફસાયેલ મૌન સાધના સમાન

૨૧મી ફેબ્રુઆરી ના દિવસ ને વિશ્વ "માતૃભાષા" દિવસ નિમિતે ધામધૂમ થી મનાવે છે.૨૭ નવેમ્બર ૧૯૯૯ એ યુનેસ્કો એ ૨૧ ફેબ્રુઆરી ને માતૃભાષા દિવસ નિમિતે ઉજવવાની જાહેરાત કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર ની સામન્ય સભા એ "ભાષાઓ" ના સંરક્ષણ માટે આ ઠરાવ ને ૧૬મી મે ૨૦૦૭ માં માન્યતા આપી દીધી હતી. આમ તો આંતર રાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવવાનો મૂળ વિચાર બાંગ્લાદેશ નો હતો. સિદ્ધિઓ માટે આપવામાં આવે છે.દુનિયાભર માં ઊજવાતા ૨૧ મી ફેબ્રુઆરી એ માતૃભાષા દિવસ નિમિતે વિવિધ આયોજનો થતા હોય છે. ગુજરાત માં અમદાવાદ માં હાથીની અંબાડી પર ગુજરાતી ભાષામાં લખાયેલ નામ ચિન્હ પુસ્તકો ને મૂકીને એની શોભા યાત્રા કાઢવામાં આવે છે. નાના મોટા શહેરો માં ગુજરાતી માતૃભાષા ના પ્રભુત્વ વિશે લખકો અને કવિઓ કૃતિઓ દ્વારા વ્યાખ્યાન આપતા હોય છે.

**બદલતા આધુનિક સમયની મોટામાં મોટી સમસ્યા "માતૃભાષા" ને મૂળ માંથી બદલી અંગ્રેજી રંગ ઢબ તદન બદલી નાખ્યા છે. બાળકો ને બાળપણ થી દાદી ના બદલે ગ્રેની,નાની ને નેની, બારી ને વિન્ડો,ચમચી ને સ્પૂન,બુટ ને શુઝ,વગેરે ગુજરાતી અંગ્રેજી બોલવવાની આદત માં ઘણીવાર બાળકો કન્ફૂઝ હાલત માં રહેતા હોય છે.**

૨૧ફેબ્રુઆરી એ બાંગ્લાદેશ ના લોકો એ બાંગ્લા ભાષા માટે આપેલ લડતની વર્ષગાંઠ છે. આ દિવસે બંગલા દેશ ના લોકો માતૃભાષા માટે લડનાર શહીદો ના નામમાં બનાવેલ સ્મારક "શહીદ મિનાર" ની મુલાકાત લઈને શહીદો ને યાદ કરતા હોય છે. યુનાઈટેડ સ્ટેટ્સ માં માતૃભાષા દિવસ નિમિતે વોશિંગ્ટન ડી સી માં માતૃભાષા ફિલ્મ મોહિત્સવ નું આયોજન કરે છે. બાર્સેલોના માં ૨૧ ફેબ્રુઆરી ના દિવસે લિંગુપેક્સ પુરસ્કાર નું મોટાપાયે આયોજન થતું હોય છે. આ ઈનામ ભાષાકીય વિવિધતા ની જાળવણી,ભાષાકીય સમુદાય ના પુનર્જીવન અને બહુ ભાષાવાદ ને પ્રોત્સાહન આપવા ઉત્કૃષ્ટ

"માં" એટલે માતૃભાષા માનવામાં આવે છે જેમ રંગ વગરની દુનિયા એકદમ ફિક્કી અનુભવાય છે એજ રીતે શબ્દો વગરની દુનિયા નિશબ્દ અંધકાર માં ફસાયેલ મૌન સાધના સમાન સમજો. શબ્દ ની માતૃભાષા માં પૂર્ણ પરમાત્મા એ સૃષ્ટિ નું સર્જન કર્યું છે એટલે માત્ર મનુષ્ય ની માતૃભાષા અલગ અલગ નથી સપૂર્ણ વિશ્વ માં જીવ એક પરંતુ માતૃભાષા અનેક પ્રકારની છે. કદાચ સંપૂર્ણ વિશ્વ ની માતૃભાષા ની ગણતરી કરવા બેઠશો તો પણ થવી મુશ્કેલ છે.શબ્દ ની તાકાત એ કુદરત પૂર્ણ વિકાસ પામી ને જલ તરંગ ની ધ્વનિ બધેય ફેલાવે છે. કોણ કહે છે કે હવા,પાણી અને પ્રકાશ ને શબ્દ નથી હોતા. સવાર સવાર માં સૂર્યોદય થતા પહેલા રેડ મિશ્રિત સ્કાય બ્લ્યુ આકાશ તરફ દ્રષ્ટિ કરતા આકાશ ની માતૃ ભાષા નું સ્પંદન સમજાશે. ખળખળ વહેતા ઝરણાં ના ગીત ગુંજન ની માતૃભાષા દૂર દૂર સુધી કિનારા પર પછાડતા મોજા ના દિલ માં અંકિત થઈ જાય છે ને એ પ્રેમ ના ઢાઈ અક્ષર નદીઓ ને મોકલી ને વર્ષા ઋતુ માં મિલન માટે સંદેશો મોકલે છે.ઊંચે ઉડતા કલકલ પક્ષીઓ ના વૃંદો ની અલગ અલગ ભાષા સંભળી ને મનમાં પ્રશ્ન થાય છે કે કોયલ ના સુર સમજવા કબૂતર ને, મોર નું ટેહુંક કાગડા ન કો કો માટે મુશ્કેલ હશે.ચકલી ની ચી ચી માં ની ભાષા પોપટ ટર ટર છતાંય બધાય એક છત્ર આકાશની નીચે શબ્દોની ભાષામાં ગીત ગુંજન કર્યા કરતા હોય છે. પક્ષીઓની માતૃભાષા અલગ અલગ હોવા છતાંય શિકારી થી ગંધ આવતા બધા પોતપોતાની ભાષા માં ભય ના શબ્દો ઉચ્ચારી ને શિકારી પક્ષીને ભગાડી મુકે છે.



- રુપાલી દવે

તાજા જન્મેલ નાનકડા બાળકની સતત રડવાની સમસ્યા પર ક્યારેય ઝીણવટ પૂર્વક નિરીક્ષણ કર્યું છે.કેમ? બાળક નીંદર પહેલા અને નીંદર પછી રડારોળ મચાવ્યા કરતા હોય છે. જે વાતાવરણ માંથી એનું અવતરણ થયું છે ત્યાંની ભાષા અને વર્તમાન ભાષામાં બાળક હદ થી વધારે કન્ફ્યુઝ થયા કરતું હોય છે.બીજી સમસ્યા એ છે કે તાજા જન્મેલ બાળક ના હોઠ જન્મતા વેંત શબ્દો જીભ પર નથી હોતા અને બાળક એના આગલા જન્મ ની ભાષા ભૂલી ચૂક્યો હોય છે.કરે તો શું કરે? અચાનક નાનકડી આંખ ખોલતા જ નજર સામે અજાણ્યા માણસો નું હાસ્ય સાથે "દીકુ દીકુ" શબ્દ કાને પડતાં જ બાળક મુંઝાઈ ને રડવાનું શરૂ કરી દેતા હોય છે.

એકવાર અજાણ્યા ટાપુ માં પ્રવાસી ભ્રમણ કરવા નીકળી ગયો. યુ. ટ્યૂબ દ્વારા ટાપુ વિશે બધી ફૂડ, કુદરતી સૌંદર્ય,દરિયો,હોટેલ વગેરે વગેરે માહિતીઓ મેળવી લીધી હતી.ત્યાંની હોટલ માં વેજ ફૂડ મળતું હતું એટલે એ ખુશ હતો. ગુજરાતી લોકોની એની આદત મુજબ આરામ, નાસ્તા અને જમવામાં સમાધાન નથી કરતા હોતા. ખુશ હતો કે આદત અનુસાર બધું ત્યાં મળી જવાનું છે.અમુક અંતર સુધી પ્લેન ની મુસાફરી અને એ પછી એણે પ્રાઈવેટ કાર ભાડે કરી લીધી.ગુજરાતી ની માતૃભાષા એ પ્રવાસ દરમિયાન અંગ્રેજી ભાષા સાથે દોસ્તી કરી લીધી હતી એટલે ટાપુ પર પહોંચતા સુધીમાં બધું ચાલ્યું. જેવો એ ટાપુ માં પગ મૂકતા જ પરેશાની એની પરેશાની શરૂ થઇ ગઈ.ભલે ટાપુ થી માત્ર પચાસ કિલોમીટર દૂર અંગ્રેજી ભાષા બોલાતી હતી પરંતુ ટાપુ માં ફ્રેન્ચ સિવાઈ અન્ય ભાષા ત્યાંના રહેવાસી ને સમજાતી કે આવડતી નહતી. યુ ટ્યુબ માં માણસ એ બધું સર્ચ કર્યું પરંતુ ટાપુ ના લોકોની માતૃભાષા વિશે ચેક નહતું કર્યું એટલે ટાપુ ની સુંદરતા માણવા ના બદલે લોટ્સ ઓફ સમસ્યા નો સામનો કરવો પડ્યો હતો.

અંગ્રેજી મે કહેતે હે કી આઈ લવ યુ,
ગુજરાતી માં બોલે તને પ્રેમ કરું છું..છું..છું..
બેંગોલી મે કહેતે હે કી આમી તુમકો ભાલો વાસી..

ભારત ભૂમિ એ વિવિધ કુદરત ના રંગો સાથે વિવિધ ભાષા અને તહેવારો ની સંસ્કૃતિ છે.ભાષા ની વિવિધતા દરેક સ્ટેટ એ માતૃ ભાષા અલગ અલગ છે. છતાંય વિવિધતા માં એકતા ના ગઠબંધન માં યુગો થી ભારતીય સંસ્કૃતિ અડીખમ ઊભી છે.ગુજરાત ના અમદાવાદ સુરત જેવા મેટ્રો પોલિટન શહેર માં દેશના વિવિધ ભાગો માંથી લોકો રોજી રોટી કે નોકરી ના હેતુ આવીને વરસો થી વસ્યા હોય છે. ભલે માતૃભાષા બંગાળી,મહારાષ્ટ્રીયન કે પંજાબી હશે પરંતુ વાટકી વ્યવહાર તો ગુજરાતી ભાષા માં જ કરતા હશે.આમપણ માં અને માસી બન્ને નું સ્થાન સરખું જ રહેવાનું. સાઉથ માં કાંચી પૂરમ માં ગુજરાતી વસ્તી વધારે છે ત્યાં ના સાડી ઉદ્યોગ પર ગુજરાતીઓ નું વર્ચસ્વ વધારે જોવા મળે છે.કાંચી પૂરમ માં રહેતા ગુજરાતીઓ એ માતૃભાષા ગુજરાતી સાથે ત્યાંની ભાષા ને પણ અપનાવી લીધી છે. ત્યાં વસતા ગુજરાતીઓ નો ભાષા સાથે બધુજ ભોજન,વાતચીત કરવાના હાવભાવ કાંચી પૂરમ સ્ટાઇલ સમજો.મહારાષ્ટ્રનું મુંબઈ,પૂણે વગેરે શહેરો ઈકોનોમિક અને ધંધા રોજગાર દૃષ્ટિ એ અન્ય સ્ટેટ કરતા આગળ છે.ભારત ની કુલ વસ્તી ના બધાજ સ્ટેટની માતૃભાષા મુંબઈ માં વસવાટ કરે છે. મુંબઈ માં વસતા લોકો એ ગુજરાતી માતૃભાષા સાથે માસી એવી મરાઠી ભાષા ને રૂટિન દિનચર્યા બનાવી દિલ થી અપનાવી લીધી છે. ત્યાં વસતા લોકોની માતૃભાષા અલગ છે પણ "આમ ચી મુંબઈ" બોલવામાં ગર્વ અનુભવે છે.

બદલતા આધુનિક સમય ની મોટા માં મોટી સમસ્યા "માતૃભાષા" ને મૂળ માંથી બદલી અંગ્રેજી રંગ ઢબ તદન બદલી નાખ્યા છે. બાળકો ને બાળપણ થી દાદી ના બદલે ગ્રેની,નાની ને નેની, બારી ને વિન્ડો,ચમચી ને સ્પૂન,બુટ ને શુઝ,વગેરે ગુજરાતી અંગ્રેજી બોલવવાની આદત માં ઘણીવાર બાળકો કન્ફૂઝ હાલત માં રહેતા હોય છે.બાપા માંથી બા કાઢી ને પપ્પા,માં માંથી મમ્મી શબ્દો બન્યા બાદ બાળકો ના મનમાં પહેલાની માફક જે રિસ્પેક્ટ માતા પિતા પ્રત્યે હતી એ વર્તમાન સમયે અડધો અડધ થઈ ગઈ છે.શું અંગ્રેજી ભાષાના ભણતર માં મૂળ માતૃભાષા ને ભૂલવી જરૂરી છે? તો આ પ્રશ્ન નો જવાબ છે ના બિલકુલ નહી.ભાષા સાથે કેરિયર ને ખાસ લેવાદેવા નથી,જો હોત તો "લિજ્જત પાપડ" ની બ્રાન્ડ દેશ વિદેશ માં પ્રસિદ્ધ ન થઈ હોત. ચા નો મીઠો ઓડકાર લઈને "વાહ ચા.. વાઘ બકરી ચા" ના થતું હોત.ભારત ના ટોપ બિઝનેસ મેન મુકેશ અંબાણી,ગૌતમ અદાણી, સાયરસ પુનાવાળા,દિલીપ સંઘવી, રાધા કિશન દામણી, કુમાર બિરલા, શિવા નાદર,સાવિત્રી જિંદલ વગેરે ના અંગત પારિવારિક જીવન માં માતૃભાષા નું મહત્વ જોવા મળશે.વર્તમાન સમયમાં અંગ્રેજી શિક્ષણ જરૂરી છે પરંતુ મૂળ માતૃભાષા ને અવગણી ને અંગ્રેજી નું પ્રભુત્વ વધારવું નો મતલબ ખુદ ની ઓળખાણ ગુમાવવી..



# ભાઈની મેંદીમાં પાકિસ્તાની સૂટ પહેરીને પહોંચી કરીના...



## આલિયા, રણબીર અને કરિશ્માએ જશ્નનો માહોલ બનાવ્યો, સેરેમનીની સ્પીચ બાદ ટ્રોલ થયો આદર જૈન

બુધવારે રાત્રે આદર જૈન અને અલેખા અડવાણીની મેંદી સેરેમની સાથે તેમનું ગ્રાન્ડ વેડિંગનું સેલિબ્રેશન શરૂ થઈ ગયું છે. આ સેલિબ્રેશનમાં કપૂર પરિવારની સાથે તેમના નજીકના મિત્રો પણ હાજર રહ્યા હતા. મેંદી સેરેમનીના ઘણા વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યાં છે. ઘણા બધા વીડિયોમાંથી એક ક્લિપમાં, કરીના કપૂર ખાન, તેની બહેન કરિશ્મા કપૂર, આલિયા ભટ્ટ અને પતિ રણબીર કપૂર સાથે ડાન્સ કરતાં જોવા મળ્યાં હતાં. પરંતુ હવે તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેના પછી નેટિઝન્સે આદર જૈનને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં, આદર જૈન તેની થનારી દુલ્હન વિશે ઈમોશનલ સ્પીચ આપતો દેખાયો. આ દરમિયાન તેણે અલેખા અડવાણી પ્રત્યે પ્રેમ અને આદર વ્યક્ત કર્યો. તેણે સ્પીચમાં કહ્યું, હું હંમેશાં તેને પ્રેમ કરતો આવ્યો છું અને હું હંમેશાં સાથે રહેવા માગતો હતો. એટલા માટે તેણે મને ટાઈમપાસ કરવા માટે 20 વર્ષની લાંબી સફર પર મોકલ્યો. તે રાહ જોવાનું યોગ્ય હતું, કારણ કે મને આ સુંદર મહિલા સાથે લગ્ન કરવાનો મોકો મળ્યો, જે એક સ્વપ્ન જેવું લાગે છે. મેં હંમેશાં તેને પ્રેમ કર્યો છે. આ એક રહસ્ય છે, મેં મારા જીવનનાં ચાર વર્ષ ટાઈમપાસ માટે વિતાવ્યાં છે. પણ હવે હું તારી સાથે છું, બેબી.”

નેટિઝન્સે ટ્રોલ કર્યું આદર જૈને પ્રેમથી આ સ્પીચ આપી હતી, પરંતુ ‘ટાઈમપાસ’ શબ્દનો ઉપયોગ નેટિઝન્સને પસંદ આવ્યો ન હતો. સોશિયલ મીડિયા યુઝર્સે તેના નિવેદનને એક્ટ્રેસ તારા સુતારિયા સાથેના તેના પાસ્ટ સાથે જોડ્યું, બંનેએ 2023માં બ્રેકઅપ પહેલાં ચાર વર્ષ સુધી ડેટ કર્યું હોવાના અહેવાલ છે. આના પર નેટિઝન્સે પોતાનું રિએક્શન આપવાનું શરૂ કર્યું. એક યુઝરે લખ્યું કે, ટાઈમપાસનો સંદર્ભ તેના પાત્રને વ્યાખ્યાયિત કરે છે. બીજાએ લખ્યું, તમે તારા સાથે ખોટું કર્યું.




**કરીના પાકિસ્તાની સૂટ પહેરીને મેંદી સેરેમનીમાં પહોંચી હતી** આદર-અલેખાની મેંદીમાં કરિશ્મા કપૂર અને કરીના કપૂરનો લુક પણ ચર્ચામાં રહ્યો. મેંદી સેરેમનીની તસવીરો સામે આવી છે, જેમાં કપૂર બહેનોની સાદગી જોવા મળી અને તેનો લુક સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. પાકિસ્તાની સૂટ પહેરીને કરીના મેંદી સેરેમનીમાં પહોંચી હતી. જ્યારે દેવર આદર જૈનની મેંદીમાં, આલિયા શરારા સ્ટાઈલના પીળા કલરના ડ્રેસમાં જોવા મળી હતી, જેમાં મોતીનું વર્ક અને એમ્બ્રોઈડરી કરી હતી. તેના લુકમાં જોવા જેવી વાત તેની હેરસ્ટાઈલ હતી. એક્ટ્રેસની હેરસ્ટાઈલે તેની સુંદરતામાં વધારો કરી રહી હતી. આલિયાની માતા સોની રાઝદાન પણ પાર્ટીમાં હાજર રહ્યાં હતાં અને તેમને દીકરી-જમાઈ સાથે ફોટો પડાવ્યો હતો.

આ સ્ટાર્સ પણ મેંદીમાં હાજરી આપી હતી નીતુ કપૂર તેમની પુત્રી રિદ્ધિમા કપૂર સાથે પાર્ટીમાં પહોંચી હતી. પાર્ટીમાં નીતુ કપૂર લીલા રંગના સલવાર સૂટમાં એથનિક લુકમાં જોવા મળી હતી. ત્યાં રિદ્ધિમા કપૂર પણ લહેંગામાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. એટલું જ નહીં, અન્ય સેલેબ્સ પણ મેંદીમાં હાજર રહ્યા હતા. જેમાં ટીના અંબાણી, જયા બચ્ચન અને રિતેશ સિધવાની જેવા સ્ટાર્સનાં નામ શામેલ છે. શશિ કપૂરના પુત્રો કરણ અને કુણાલ કપૂર પણ મદીમાં હાજર રહ્યા હતા.

આદર જૈન રાજ કપૂરનો પૌત્ર છે આદર રીમા જૈન અને મનોજ જૈનનો પુત્ર છે. રીમા જૈન સ્વર્ગસ્થ રાજ કપૂરની પુત્રી છે. કપૂર પરિવાર સાથે જોડાયેલા, તેઓ હંમેશાં ફિલ્મો તરફ ઝુકાવ ધરાવતાં હતાં અને આદર 2017માં કૈદી બેન્ડ સાથે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. આ પછી તે મોગલ અને હેલો ચાર્લી ફિલ્મોમાં જોવા મળ્યો. જોકે આદરની ત્રણ ફિલ્મો બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નથી.



# ધર્મેન્દ્ર સેટ પર ચોરીછૂપીથી દારૂ પીતા હતા

(એજન્સી) મુંબઈ | તા.20

બોલિવૂડ એક્ટર ધર્મેન્દ્રએ જણાવ્યું હતું કે તે ‘શોલે’ ફિલ્મના સેટ પર ચોરીછૂપીથી દારૂ પીતાં હતા. એકવાર તેમણે 12 બોટલ દારૂ પીધો હતો. એક ફિલ્મના સેટ પર, એક્ટ્રેસ મૌસમી ચેટર્જીએ તેમને દારૂ પીતા પકડ્યો. ધર્મેન્દ્રએ કહ્યું હતું- જો પ્રેમ અને દારૂ ન હોત તો શું જીવન જીવવા યોગ્ય હોત? અમારા કેમેરામેન જીમ અમારી સાથે ફિલ્મ ‘શોલે’માં કામ કરી રહ્યો હતો. તે સેટ પર 5-6 બોટલ દારૂ લાવતો. હું સેટ પર તેમના સ્ટોકમાંથી ચોરીછૂપીથી દારૂ પીતો હતો. ધર્મેન્દ્રએ આ વાતો ‘આપ કી અદાલત’ શોમાં કહી હતી.

ધર્મેન્દ્રએ એક દિવસ 12 બોટલ દારૂ પીધો હતો એક દિવસ કોઈએ ધર્મેન્દ્રને કહ્યું કે તેમણે 12 બોટલ દારૂ પીધો છે, તો તે આશ્ચર્યચકિત થઈ ગયો અને કહ્યું - આ કેવી રીતે બન્યું. મને ખબર નથી. ધર્મેન્દ્રએ કહ્યું હતું કે- વચ્ચે, હું 6 મહિના માટે દારૂ પીવાનું છોડી દઉં છું. હું બેડમિન્ટન રમું છું અને પરસેવો પાડું છું અને પછી ફરી શરૂઆત કરું છું. હું થોડો એક્સટ્રિમ છું. મૌસમીએ ધર્મેન્દ્રને સેટ પર બીયર પીતા પકડ્યા ધર્મેન્દ્રએ એ પણ ખુલાસો કર્યો હતો કે એકવાર મૌસમી ચેટર્જીએ તેમને સેટ પર બીયર પીતા પકડ્યા હતા. તેમણે કહ્યું હતું, એક દિવસ

**જ્યારે મૌસમી ચેટર્જીએ તેમને રંગે હાથ પકડ્યા, ત્યારે એક્ટરે કહ્યું- હું લસ્સી પી રહ્યો છું, બીયર નહીં**

બપોરે, મને બીયર પીવાનું મન થયું. મેં પ્રોડક્શન ટીમને બીયરને ફીણવાળું બનાવવા કહ્યું હતું જેથી તે લસ્સી જેવું દેખાય.

જ્યારે મેં બીયર પીવાનું શરૂ કર્યું, ત્યારે મૌસમીએ મને જોયો અને કહ્યું - ધર્મેન્દ્ર, તું શું પી રહ્યો છે. મેં ખોટું બોલ્યું કે હું લસ્સી પી રહ્યો છું. આના પર મૌસમીએ કહ્યું - ઠીક છે, મને પણ થોડું આપો. હું જોરથી હસ્યો અને તેને કહ્યું કે હું બીયર પી રહ્યો છું. બીયર પીવાથી કંઈ થતું નથી.

અમારા કેમેરામેન જીમ અમારી સાથે ફિલ્મ ‘શોલે’માં કામ કરી રહ્યો હતો. તે સેટ પર 5-6 બોટલ દારૂ લાવતો. હું સેટ પર તેમના સ્ટોકમાંથી ચોરીછૂપીથી દારૂ પીતો હતો. ધર્મેન્દ્રએ આ વાતો ‘આપ કી અદાલત’ શોમાં કહી હતી.

# સોહાએ ફિલ્મો માટે બેંકની નોકરી છોડી હતી

## એક્ટ્રેસે કહ્યું- માતા-પિતા આ નિર્ણયથી ખુશ નહોતા, મારા કારણે સૈફ પર આરોપ લગાવ્યાં હતો

(એજન્સી) મુંબઈ | તા.20

સોહા અલી ખાન ક્યારેય ફિલ્મોમાં આવવા માગતી નહોતી. તે બેંકમાં કામ કરતી હતી. જોકે, જ્યારે અમોલ પાલેકરે તેમને પહેલી ફિલ્મ ઓફર કરી, ત્યારે તેણે બેંકની નોકરી છોડી દીધી. પરંતુ પાછળથી ન તો તેમને ફિલ્મ મળી અને ન તો તે પોતાની નોકરી બચાવી શકી.

સોહાએ કહ્યું- માતા ફિલ્મોમાં કામ કરતી હતી, પણ અમે બહુ હિન્દી ફિલ્મો જોઈ નહોતી. શરૂઆતમાં, મેં પણ ફિલ્મોમાં આવવાનું વિચાર્યું ન હતું. હું મારા અભ્યાસ પર વધુ ધ્યાન આપતી હતી. આ કારણે માતા-પિતા પણ ખૂબ ખુશ હતા. તેણે મારા શિક્ષણ પાછળ ઘણા પૈસા ખર્ચ્યા. તેઓ એમ પણ ઈચ્છતા હતા કે હું ફિલ્મોમાં ન જાઉં અને બીજું કંઈક ન કરું, અને મેં તેમ કર્યું. હું બેંકર હતી. મેં આ કામ 13 મહિના સુધી કર્યું. સોહાએ ક્વિઝીટોક સાથેના એક ઈન્ટરવ્યૂમાં આ વાતો કહી હતી. માતા-પિતા તેના ફિલ્મોમાં આવવાથી ખુશ નહોતા સોહાએ કહ્યું, ‘આ દરમિયાન, અમોલ પાલેકરે મને એક ફિલ્મ ઓફર કરી. તેઓ મને અને બીજા એક એક્ટરને લોન્ચ કરવા માગતા હતા. આ ફિલ્મ એક પઝલ હતી. મેં આ ઓફર સ્વીકારી લીધી હતી. મને ખબર હતી કે માતા-પિતા આ માટે ક્યારેય તૈયાર નહીં થાય. આ કારણે, મેં આ વાત મારા પરિવારથી 3 મહિના સુધી છુપાવી રાખી.



અને સોહાએ બેંકની નોકરી પણ છોડી દીધી. બધી બચત ખતમ થઈ ગઈ હતી. જ્યારે એક્ટ્રેસે માતા-પિતાને આ વાત કહી, ત્યારે તે બિલકુલ ખુશ ન હતા. જોકે, અંતે તે પહેલી ફિલ્મનો ભાગ બની શકી નહીં અને રાની મુખર્જીને કાસ્ટ કરવામાં આવી.

‘માતાએ તેના ભાઈને ચેતવણી આપી હતી’ સોહાએ જણાવ્યું કે માતા શર્મિલા ટાગોરે ભાઈ સૈફ અલી ખાનને ચેતવણી આપી હતી કે જો તે ફિલ્મોમાં આવશે તો તે સૈફની ભૂલ હશે. તેણે કહ્યું, માતાએ મારા ભાઈને કહ્યું હતું કે તું જ સોહાના મનમાં ખોટી વાતો ભરી દે છે.

સોહાએ 2004 માં અભિનયની શરૂઆત કરી હતી સોહાએ 2004 માં આવેલી ફિલ્મ ‘દિલ માંગે મોર’થી હિન્દી ફિલ્મમાં પ્રવેશ કર્યો. સોહા ‘રંગ દે બસંતી’, ‘મુંબઈ મેરી જાન’ અને ‘તુમ મિલે’ જેવી ફિલ્મોમાં જોવા મળી છે.



# સામંથા, વામિકાની રક્તબ્રહ્માંડના નિર્માણમાં કરોડોની ઉચાપત...

મુંબઈ : આદિત્ય રોય કપૂર, સામંથા રુથ પ્રભુ, વામિકા ગબ્બી તથા અલી ફઝલ જેવા જાણીતા કલાકારો ધરાવતી વેબ સીરિઝ ‘રક્તબ્રહ્માંડ’ના નિર્માણમાં કરોડોની ઉચાપત થઈ ગઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ સીરિઝનું હજુ ૨૬ દિવસનું શૂટિંગ માંડ થયું છે ત્યાં જ તેના બજેટના ૫૦ ટકા રકમ વપરાઈ ગઈ છે. આ વાત ધ્યાન પર આવતાં નેટફ્લિક્સ દ્વારા સીરિઝના સર્જકોને ઓડિટનો આદેશ આપવામાં આવ્યો હતો. રાજ અને ડીકે આ સીરિઝ બનાવી રહ્યા છે. જોકે, તેમણે પોતાના સ્ટાફને કેટલીક નાણાકીય સત્તાઓ આપી દીધી હતી. તેનો દુરુપયોગ થયો હોવાનું કહેવાય છે. આ ઉપરાંત નેટફ્લિક્સને સીરિઝની

**સ્ક્રિપ્ટમાં પણ અનેક લોચા જણાતાં નેટફલિક્સ દ્વારા પુનઃલેખનનો આદેશ**

અત્યાર સુધીની સ્ક્રિપ્ટમાં પણ ભારે ગાબડાં જણાયાં છે. આથી દિગ્દર્શક રાહી અનિલ બર્વે અને લેખિકા સીતા આર મેનનને સ્ક્રિપ્ટમાં અનેક ફેરફારો કરવા જણાવાયું છે. નેટફ્લિક્સ દ્વારા શરુઆતથી જ બાઉન્ડેડ સ્ક્રિપ્ટનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. જોકે, સર્જકોએ જેમ જેમ શૂટિંગ આગળ વધતું જાય તેમ તેમ સ્ક્રિપ્ટ આગળ લખતા જવાનો એપ્રોચ અપનાવ્યો હતો. આ અભિગમ નેટફ્લિક્સને પસંદ આવ્યો નથી.

# મહાકુંભમાં લાખોની ભીડ વચ્ચે શૂટિંગ કરતો જોવા મળ્યો અભિષેક બેનર્જી : ફિલ્મનું નામ અને સ્ટોરી સ્ક્રેટ રાખવામાં આવી છે...

(એજન્સી) મુંબઈ | તા.20

અભિષેક બેનર્જી હાલમાં પ્રયાગરાજમાં પોતાની નવી ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા છે. તાજેતરમાં જ તેની કેટલીક તસવીરો સામે આવી છે. આ તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. તસવીરોમાં, એક્ટર લાખો લોકોની ભીડ વચ્ચે શૂટિંગ કરતો જોવા મળે છે.

અભિષેક બેનર્જી મહાકુંભમાં શૂટિંગ કરતો જોવા મળ્યો હતો મહાકુંભ દરમિયાન અભિષેક બેનર્જી એક નવા પ્રોજેક્ટ માટે શૂટિંગ કરતો જોવા મળ્યો હતો. તેની આસપાસ સુરક્ષા પણ જોવા મળી. હાલમાં આ ફિલ્મ વિશે વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી. ફિલ્મનું નામ અને સ્ટોરી પણ સ્ક્રેટ રાખવામાં આવી છે. અહેવાલો અનુસાર, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ તેની અત્યાર સુધીની સૌથી મોટી ફિલ્મોમાંની એક હશે.

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં અભિષેકની કો-એક્ટ્રેસ શહાના ગોસ્વામી પણ તેની સાથે જોવા મળી હતી. બંને ફિલ્મની ટીમ સાથે શૂટિંગ કરતાં જોવા મળ્યાં હતાં.

અભિષેક બેનર્જી ટૂંક સમયમાં રાજકુમાર રાવના ડેબ્યૂ પ્રોડક્શનમાં એક કેમિયો કરશે. એક્ટર એક ઈવેન્ટમાં ખુલાસો કર્યો હતો કે તે રાજકુમાર રાવના ડેબ્યૂ પ્રોડક્શનમાં કેમિયો કરવા માટે સંમત થયો હતો. અભિષેકે કહ્યું હતું કે તેની અને રાજકુમાર વચ્ચે ઓન સ્ક્રીન અને ઓફ સ્ક્રીન પર સારી મિત્રતા છે. આ મિત્રતાને કારણે જ તેણે રાજકુમારના ડેબ્યૂ પ્રોડક્શન ‘ટોસ્ટર’માં કેમિયો કરવા માટે હા પાડી. ‘ટોસ્ટર’ ફિલ્મ પત્રલેખા અને



રાજકુમાર રાવની પ્રોડક્શન ડેબ્યૂ ફિલ્મ છે.

‘ટોસ્ટર’ એક કોમેડી ફિલ્મ છે. નેટફ્લિક્સ દ્વારા એક કાર્યક્રમમાં ‘ટોસ્ટર’ ની જાહેરાત કરવામાં આવી હતી. અભિષેક અભિષેક બેનર્જી એક એક્ટર હોવા ઉપરાંત, કાસ્ટિંગ ડિરેક્ટર પણ છે. અભિષેક ફિલ્મ ‘સ્ત્રી’માં જાનાનું પાત્ર ભજવીને ચર્ચામાં આવ્યો હતો. આ એક્ટર ‘સ્ત્રી’, ‘સ્ત્રી 2’, ‘ભેડિયા’ અને ‘પાતાલ લોક’ ઉપરાંત ‘ડ્રીમ ગર્લ’, ‘ડ્રીમ ગર્લ 2’, ‘રશ્મિ રોકેટ’ અને ‘વેદા’માં જોવા મળ્યો હતો.

## જ્યારે એક્ટરે રિપ્લેસમેન્ટનું કારણ પૂછ્યું, ત્યારે સુભાષ ઘાઈએ કહ્યું- મેં તેના પિતાને વચન આપ્યું હતું

# રોનિત રોયને ‘પરદેસ’ માટે કાસ્ટ કરાયો હતો

(એજન્સી) મુંબઈ | તા.20

1997માં રિલીઝ થયેલી ફિલ્મ ‘પરદેસ’ સુપરહિટ રહી હતી, જેમાં શાહરુખ ખાને લીડ રોલ ભજવ્યો હતો. જોકે, શાહરુખ પહેલા આ ભૂમિકા ફેમસ એક્ટર રોનિત રોયને મળવાની હતી. એક જૂના ઈન્ટરવ્યૂમાં, રોનિતે કહ્યું હતું કે ફિલ્મમાં તેનું કાસ્ટિંગ લગભગ નક્કી હતું, પરંતુ જ્યારે ફિલ્મની જાહેરાત કરવામાં આવી ત્યારે બીજા કોઈને કાસ્ટ કરવામાં આવ્યો.




રોનિત રોય સુભાષ ઘાઈને પોતાના પિતા સમાન માને છે. એક સમયે રોનિતના પિતા બ્રોતીન્દ્રનાથ રોય અને સુભાષ ઘાઈ ગાઢ મિત્રો હતા. જ્યારે રોનિત મુંબઈ આવ્યો ત્યારે તે લાંબા સમય સુધી સુભાષ ઘાઈના ઘરે રહ્યો. આવી સ્થિતિમાં, તેમણે સુભાષ ઘાઈ પાસેથી ઘણી બધી બાબતો શીખી.

એક જૂના ઈન્ટરવ્યૂમાં, જ્યારે રાજીવ ખંડેલવાલે રોનિતને પૂછ્યું કે સુભાષ ઘાઈ તારા પિતા જેવા હતા, પણ તેમણે તને ક્યારેય લોન્ચ કેમ ન કર્યો. આના જવાબમાં રોનિતે કહ્યું, ‘પરદેસ’ નામની ફિલ્મ બની રહી છે. શાહરુખ સાહેબ તેમાં હતા. મુક્તા પ્રોડક્શન હાઉસની આખી ટીમ કહી રહી હતી કે તમને તેમાં કાસ્ટ કરવામાં આવ્યા છે. આ 99.9 ટકા ફાઈનલ હતું. જ્યારે અચાનક મેં ફિલ્મની જાહેરાત વાંચી, ત્યારે તેમાં કોઈ બીજાનું નામ હતું. જે આજે મારા નાના ભાઈ જેવો છે.

રોનિત રોયે આગળ કહ્યું, મેં તેમને ક્યારેય પૂછ્યું નથી કે તેમણે મને કેમ ન લીધો. મેં ફક્ત એટલું પૂછ્યું તે કેમ? તેમણે જવાબ આપ્યો, મેં તેના પિતાને વચન આપ્યું હતું. હું મારું વચન પાળી રહ્યો છું. મેં તેને પહેલાં કે પછી કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં.

રોનિત રોયે 1992માં આવેલી ફિલ્મ ‘જાન તેરે નામ’થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું, જે ખૂબ જ હિટ રહી હતી. તેણે ‘લક્ષ્ય’, ‘સૈનિક’, ‘રોક સ્ટાર’ જેવી ફિલ્મોમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. જોકે, તેમને ખરી ઓળખ ટીવી ‘શો કસૌટી ઝિંદગી કી’માં શ્રી બજાજની ભૂમિકાથી મળી. રોનિતને 2011ની ફિલ્મ ‘ઉડાન’ માટે બેસ્ટ સ્પોર્ટિંગ રોલ માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યો છે.

# ઐતરાઝ ટૂમાં તાપસી પન્નુ મુખ્ય ભૂમિકા ભજવે તેવી શક્યતા...


મુંબઈ : સુભાષ ઘઈ ‘ઐતરાઝ ટૂ’ ફિલ્મ બનાવી રહ્યા છે. તેમાં મુખ્ય હિરોઈન તરીકે તાપસી પન્નુની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે. અક્ષય કુમારની જ ફિલ્મ ‘ઓહ માય ગોડ ટૂ’ના દિગ્દર્શક અમિત રાયને આ ફિલ્મનું સુકાન સોંપાયું છે. ચર્ચા અનુસાર સુભાષ ઘઈ તથા તાપસી વચ્ચે આ પ્રોજેક્ટ માટે વાતચીત ચાલુ થઈ ચુકી છે. સુભાષ ઘઈએ તાપસીને સ્ક્રિપ્ટ વંચાવી છે. તાપસીને પણ આ સ્ક્રિપ્ટ પસંદ પડી હોવાનું કહેવાય છે. જોકે, હજુ સુધી તેણે ફિલ્મ સાઈન કરી નથી. ‘ઐતરાઝ’ ફિલ્મ ૨૦૦૪માં રીલીઝ થઈ હતી. તેમાં અક્ષય કુમાર, પ્રિયંકા ચોપરા તથા કરીના કપૂરે મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. પ્રિયંકાએ તે વખતે આ ફિલ્મમાં નેગેટિવ ભૂમિકા ભજવવાની હિંમત દર્શાવી હતી. ‘ઐતરાઝ ટૂ’માં પ્રિયંકા જેવા જ નેગેટિવ રોલ માટે તાપસીનો સંપર્ક કરાયો હોવાનું કહેવાય છે. સુભાષ ઘઈએ થોડા સમય પહેલાં પોતે ‘ઐતરાઝ ટૂ’ બનાવી રહ્યા હોવાની જાહેરાત કરી હતી. તે વખતે તેમણે મૂળ ફિલ્મમાં પ્રિયંકાએ ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. જોકે, તેમણે બીજા ભાગમાં મૂળ ફિલ્મના કોઈ કલાકાર રીપિટ થશે કે કેમ તે સ્પષ્ટ રીતે જણાવ્યું ન હતું.



# સેલ્ટિક સામેની મેચ ડ્રો કરી બાયર્ન મ્યૂનિચ અંતિમ-16મા

(એજન્સી) લંડન તા 20

સેલ્ટિક સામે છેલ્લી મિનિટોમાં નોંધાયેલા ગોલની મદદથી બાયર્ન મ્યૂનિચે ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટના અંતિમ-16માં સ્થાન નિશ્ચીત કર્યું હતું. તે હવે ક્લબ બ્રૂગે અને બેનફિકા સાથે નોકઆઉટ તબક્કામાં પહોંચી ગઇ છે. બીજી તરફ એસી મિલાનના અભિયાનનો અંત આવ્યો હતો. ફેયેનૂર્ડ સામે એસી મિલાનનો મુકાબલો 1-1થી ડ્રો રહ્યો હતો. મિલાન માટે સાન્ટેગો ગિમેનેઝે પહેલી મિનિટે તથા જુલિયન કારેન્ઝાએ 73મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા.



બંને ટીમના એક-એક ખેલાડી થિઓ હર્નાન્ડેઝને તથા ગિવારિયા રિડને રેડ કાર્ડ આપવામાં આવ્યા હતા. સેલ્ટિક માટે નિકોલસ ગેરિય કુહનેએ 63મી મિનિટે ગોલ કરીને ટીમને 1-0થી આગળ કરી દીધી હતી. અલફાન્સો ડાવિસે મેચના અંત ભાગમાં 94મી મિનિટે ગોલ કરીને મ્યૂનિચ માટે મુકાબલો ડ્રો થાય તે સુનિશ્રીત કર્યું હતું. બાયર્ન મ્યૂનિચે એગ્રિગેટ 3-2ના સ્કોરથી વિજય મેળવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. બેનફિકા અને મોનાકો વચ્ચેની મેચ 3-3ના સ્કોરથી ડ્રો રહી હતી. આ મેચમાં બેનફિકા માટે મુહમ્મદ કરીમે 22મી, વેંગલિસ પાવિલ્ડિસે 76મી તથા ઓર્કુન કોકૂએ 84મી મિનિટે ગોલ કર્યા હતા. મોનાકો માટે તાકુમી મિનામિનોએ 32મી, ઈલિસ બેન સુગીરે 51મી તથા જ્યોર્જે 81મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. ક્લબ બ્રૂગેએ એટલાન્ટા એફસીને 2-1થી હરાવી હતી.

# પાકિસ્તાનને પહેલી મેચમાં શરમજનક હાર : કિવીઝ સામે 60 રને પરાજય થયો

## ટીમને ધીમી બેટિંગ નડી; ન્યૂઝીલેન્ડ તરફથી યંગ-લાથમની સેન્ચુરી

(એજન્સી) કરાંચી તા 20

ચેમ્પિયન્સ ટ્રોફીની ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાનને ટુર્નામેન્ટની પહેલી જ મેચમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. યજમાન ટીમનો ન્યૂઝીલેન્ડ સામે 60 રનથી પરાજય થયો. બુધવારે, 321 રનના ટાર્ગેટને ચેઝ કરતા પાકિસ્તાન 47.2 ઓવરમાં 260 રનમાં ઓલઆઉટ થઈ ગયું. વિલિયમ ઓ'રોર્ક અને મિચેલ સેન્ટનરે 3-3 વિકેટ લીધી. મેટ હેનરીએ 2 વિકેટ લીધી. અગાઉ પાકિસ્તાને કરાચીના નેશનલ સ્ટેડિયમમાં બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ન્યૂઝીલેન્ડે 5 વિકેટે 320 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડ તરફથી વિલ યંગે 107, ટોમ લાથમે 118 અને ગ્લેન ફિલિપ્સે 61 રન બનાવ્યા હતા. પાકિસ્તાન તરફથી નસીમ શાહે 2 વિકેટ લીધી. અબરાર અહેમદ અને હારિસ રઉફે પણ 1-1 વિકેટ લીધી. પાકિસ્તાન તરફથી ખુશદિલ શાહ (69 રન) અને બાબર આઝમ (64 રન)એ અડધી સદી ફટકારી હતી.



**પહેલી જ મેચમાં પાકિસ્તાન ઢેર :** ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે કરાચીના નેશનલ સ્ટેડિયમને ફરીથી બનાવવા માટે કરોડો રૂપિયા ખર્ચ્યા હતા. પાકિસ્તાની ચાહકો ચમકતા નવા સ્ટેડિયમમાં તેમની ટીમ પાસેથી શાનદાર પ્રદર્શનની અપેક્ષા રાખતા હતા, પરંતુ 8 કલાક લાંબી મેચમાં તેમણે મેદાન પર જે જોયું તે ભૂતકાળના યુગનું ક્રિકેટ હતું. આ મેચની પહેલી 10 ઓવર સિવાય પાકિસ્તાની ટીમ આગામી 88 ઓવર સુધી ન્યુઝીલેન્ડથી પાછળ રહી ગઈ હતી.

### ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી જ મેચમાં હોસ્ટ પાકિસ્તાનને મોટો આંચકો

ન્યુઝીલેન્ડ સામે પાકિસ્તાનને કારમી હારનો સામનો કરવા પડ્યો હતો. પહેલા ખરાબ બોલિંગ અને બાદમાં બાબર આઝમની ધીમી બેટિંગ પાકિસ્તાનને હાર તરફ લઈ ગઈ. આ જીત સાથે ન્યુઝીલેન્ડે ટુર્નામેન્ટની ધમાકેદાર શરૂઆત કરી હતી, તો બીજી તરફ પાકિસ્તાનને શરમજનક હારથી મોટો ઝટકો લાગ્યો છે. લગભગ 3 દાયકા પછી ICC ટુર્નામેન્ટ પાકિસ્તાનમાં પાછી આવી પરંતુ તે પાકિસ્તાની ટીમ અને તેના ચાહકો માટે એક દુઃસ્વપ્ન સાબિત થયું. બુધવાર, 19 ફેબ્રુઆરીથી શરૂ થયેલી ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની પહેલી જ મેચમાં યજમાન પાકિસ્તાનને ન્યુઝીલેન્ડ બિનઅસરકારક બેટિંગને કારણે માત્ર 260 રનમાં ઓલઆઉટ થયું અને 60 રનથી કારમી હાર મળી હતી.

**લાથમ-યંગની સદી, પાકિસ્તાની ખરાબ બોલિંગ :** ટોસ જીતીને બોલિંગ કર્યા પછી પાકિસ્તાની ટીમે નવમી ઓવર સુધીમાં ડેવોન કોનવે અને કેન વિલિયમસનને પેવેલિયન પાછા મોકલી દીધા હતા, જ્યારે ડેરિલ મિશેલ પણ થોડા સમય પછી આઉટ થઈ ગયો હતો અને સ્કોર 3 વિકેટે માત્ર 73 રન હતો. અહીંથી વિલ યંગ અને ટોમ લાથમે ઈનિંગ પર નિયંત્રણ મેળવ્યું અને પાકિસ્તાની બોલરોને ફટકાર લગાવવાનું શરૂ કર્યું. વિલ યંગે તેની ODI કારકિર્દીની પહેલી સદી ફટકારી અને લાથમ સાથે 118 રનની ભાગીદારી કરી. તેના આઉટ થયા પછી લેથમે ગ્લેન ફિલિપ્સ સાથે મળીને 125 રનની ભાગીદારી કરી અને ટીમનો સ્કોર 300ને પાર કરાવ્યો. આ દરમિયાન લાથમે માત્ર 95 બોલમાં પોતાની કારકિર્દીની આઠમી સદી પૂર્ણ કરી, જ્યારે ફિલિપ્સે માત્ર 39 બોલમાં 61 રનની વિસ્ફોટક ઈનિંગ રમી. 104 બોલમાં 118 રન બનાવીને લાથમ અણનમ પાછો ફર્યો.

# સ્ટાર ખેલાડી માટે 20 મિનિટનો પ્રતિબંધ?

(એજન્સી) કરાંચી તા 20

ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી મેચ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહી છે. 321 રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા, પાકિસ્તાનની ઈનિંગની શરૂઆત બાબર આઝમે સઈદ શકીલ સાથે મળીને કરી હતી કારણ કે આઈસીસીના નિયમોને કારણે ફખર ઝમાન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તમને જણાવીએ કે શા માટે અને કયા નિયમને કારણે ફખર ઝમાન ઓપનિંગ માટે આવી શક્યો નહીં. ફખર ઝમાન ફિલ્ડિંગ કરતી વખતે ઘાયલ થયો અને તે પહેલી જ ઓવરમાં મેદાન છોડીને ચાલ્યો ગયો. તે 33મી ઓવરમાં 135 મિનિટ પછી મેદાનમાં પાછો ફર્યો. પાકિસ્તાની બોલિંગ દરમિયાન તે ફક્ત 110 મિનિટ માટે મેદાન પર રહ્યો. ફખર ઝમાન નિર્ધારિત સમય કરતાં ઓછા સમય માટે મેદાન પર રહ્યો. ICCના નિયમો મુજબ પાકિસ્તાનની બેટિંગ દરમિયાન ફખર ઝમાન પ્રથમ 25 મિનિટ સુધી મેદાન પર આવી શકતો ન હતો. તેમના સ્થાને, સઈદ શકીલે બાબર આઝમ સાથે પાકિસ્તાની ઈનિંગ્સની શરૂઆત કરી. ICCના નિયમોને કારણે, ફખર ઝમાન ત્રીજા નંબર પર પણ બેટિંગ કરી શક્યો નહીં. ખરેખર, ચોથી ઓવરના ચોથા બોલ પર સઈદ શકીલ 6 રન બનાવીને આઉટ થઈ ગયો હતો. આ સમય દરમિયાન, પાકિસ્તાની ઈનિંગ્સના 20 મિનિટ પણ પૂરા થયા ન હતા, જેના કારણે કેપ્ટન મોહમ્મદ રિઝવાનને ત્રીજા નંબરે બેટિંગ કરવા આવવું પડ્યું. જો ન્યુઝીલેન્ડની ઈનિંગ્સ પાકિસ્તાન સમય મુજબ સાંજે 6.25 વાગ્યા સુધી ચાલુ રહી હોત, તો ફખર ઝમાનનો પેનલ્ટી ટાઈમ પૂર્ણ થયો હોત. આ સ્થિતિમાં, તે ઈનિંગ શરૂ કરી શક્યો હોત પરંતુ ન્યુઝીલેન્ડની ઈનિંગ સાંજે 6:05 વાગ્યે સમાપ્ત થઈ ગઈ.



# રણજી ટ્રોફી સેમિફાઈનલ: ગુજરાતની જબરદસ્ત બેટિંગ:કેરળ સામે 222/1 સ્કોર

(એજન્સી) અમદાવાદ/નાગપુર તા 20



મુંબઈના વિકેટકીપર-ઓપનર આકાશ આનંદે 11 ચોગ્ગા ફટકારીને પોતાની સદી પૂરી કરી. રણજી ટ્રોફીની બંને સેમિફાઈનલ મેચ રમાઈ રહી છે. બુધવારે મેચના ત્રીજા દિવસે વિદર્ભ મુંબઈ સામે 260 રનથી આગળ છે. ટીમે તેના બીજા દાવમાં 4 વિકેટ ગુમાવીને 147 રન બનાવ્યા. મુંબઈ તરફથી આકાશ આનંદે પ્રથમ ઈનિંગમાં સદી ફટકારી હતી.

અન્ય સેમિફાઈનલમાં ગુજરાત કેરળ સામે 235 રન પાછળ છે. ટીમે તેની પહેલી ઈનિંગમાં 1 વિકેટ ગુમાવીને 222 રન બનાવ્યા છે. કેરળે પહેલી ઈનિંગમાં 457 રન બનાવ્યા હતા. સેમિફાઈનલ-1: વિદર્ભ Vs મુંબઈ નાગપુરના VCA સ્ટેડિયમ ખાતે મુંબઈએ ત્રીજા દિવસની રમત 188/7 ના સ્કોરથી ફરી શરૂ કરી. તનુષ કોટિયને 5 રન અને ઓપનર આકાશ આનંદે 67 રન બનાવીને ઈનિંગ્સને આગળ ધપાવી હતી. ટીમ 270 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. આકાશે 106 રન બનાવ્યા. કોટિયન 33 રન બનાવીને આઉટ થયો હતો અને મોહિત અવસ્થી 10 રન બનાવીને આઉટ થયો હતો.

વિદર્ભ તરફથી પાર્થ રેખાડેએ 4 વિકેટ લીધી. યશ ઠાકુર અને હર્ષ દુબેએ 2-2 વિકેટ લીધી. જ્યારે દર્શન નાલકંડે અને નચિકેત ભુતેએ 1-1 વિકેટ લીધી. વિદર્ભે પોતાની પહેલી ઈનિંગમાં 383 રન બનાવ્યા હતા, તેથી તેમને 113 રનની લીડ મળી હતી. વિદર્ભે બીજા દાવમાં માત્ર 56 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. અથર્વ તાયડે ખાતું પણ ખોલાવી શક્યો નહીં. જ્યારે ધ્રુવ શોરેએ 13, દાનિશ માલેવરે 29 અને કરુણ નાયરે 6 રન બનાવ્યા હતા. રમતના અંતે, યશ રાઠોડ 56 રને અને અક્ષય વાડકર 31 રને અણનમ હતા.અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ત્રીજા દિવસની રમત કેરળે 418/7 ના સ્કોરથી ફરી શરૂ કરી. આદિત્ય સરવતે 11 રન, એમડી નિધેશ 5 રન અને એન બેસિલ 1 રન બનાવીને આઉટ થયા હતા. મોહમ્મદ અઝહરુદ્દીન 177 રન બનાવીને અણનમ પાછો ફર્યો. ટીમે 457 રન બનાવ્યા.વિદર્ભે 4 વિકેટ ગુમાવ્યા બાદ 147 રન બનાવ્યા છે. તેથી, તેમની પાસે હાલમાં 260 રનની લીડ છે. મુંબઈ તરફથી શમ્સ મુલાનીએ 2 વિકેટ લીધી છે. શાર્દૂલ ઠાકુર અને તનુષ કોટિયાને 1-1 વિકેટ લીધી.



# ગિલે બાબર આઝમને પછાડ્યો

(એજન્સી) નવી દિલ્હી તા 20

ભારતીય ઓપનર શુભમન ગિલ ICC ODI રેન્કિંગમાં નંબર-1 બેટર બની ગયો છે. તેણે પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન બાબર આઝમને પાછળ છોડી દીધો. ગયા અઠવાડિયે ગિલ બીજા સ્થાને હતો. ICC એ બુધવારે નવા રેન્કિંગ્સ જાહેર કર્યા. બોલિંગમાં શ્રીલંકાના મહિશ થિકસાનાએ અફઘાનિસ્તાનના રાશિદ ખાનને પાછળ છોડીને ટોચનું સ્થાન મેળવ્યું છે.

બેટિંગ રેન્કિંગમાં ચાર ભારતીય બેટર ટૉપ-10માં છે. કેપ્ટન રોહિત શર્મા ત્રીજા સ્થાને અને વિરાટ કોહલી છઠ્ઠા સ્થાને યથાવત છે. શ્રેયસ અય્યરે એક સ્થાનનો ફાયદો મેળવ્યો છે અને તે નવમા સ્થાને પહોંચી ગયો છે.ગિલે તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ત્રણ મેચની સિરીઝની પહેલી બે વન-ડેમાં અડધી સદી અને ત્રીજી વન-ડેમાં સદી ફટકારી હતી, અને તેનો ફાયદો તેને મળ્યો છે. તેણે ત્રણ મેચમાં 259 રન બનાવ્યા. આ બીજી વખત છે જ્યારે ગિલે ODI ક્રિકેટમાં નંબર-1 રેન્કિંગ હાંસલ કર્યું છે. તેણે 2023માં મેન્સ ODI વર્લ્ડ કપની વચ્ચે બાબરને પાછળ છોડીને ટોચનું સ્થાન મેળવ્યું હતું.શ્રીલંકાનો સ્પિનર મહિશ થિકસાનાએ બોલર્સ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. તેણે અફઘાનિસ્તાનના રાશિદ ખાનને પાછળ છોડી દીધો છે. બોલરોની યાદીમાં ટોપ-10માં બે ભારતીય બોલર કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાજ છે. કુલદીપને એક સ્થાનનો ફાયદો થયો છે. સિરાજ 10મા સ્થાને યથાવત છે.

# રોહિત શર્માના બેટનું વજન કેટલું છે?

(એજન્સી) નવી દિલ્હી તા 20

ક્રિકેટ બેટનું વજન અલગ અલગ ખેલાડીઓ માટે અલગ અલગ હોય છે. આ વજન ખેલાડીની તાકાત અને રમવાની શૈલી પર આધાર રાખે છે. સામાન્ય રીતે, ક્રિકેટ બેટનું વજન 1 થી સવા 1.40 કિલોની વચ્ચે હોય છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન અને કેપ્ટન



રોહિત શર્મા કઈ બેટથી રમે છે અને તેનું વજન કેટલું છે? જાણો આ આર્ટીકલમાં. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન અને કેપ્ટન રોહિત શર્મા એડિશન ઈંગ્લિશ વિલો ક્રિકેટ બેટથી રમે છે. આ એડિશન ઈંગ્લિશ વિલો બેટ રોહિત શર્માની રમવાની શૈલીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે. હિટમેન રોહિત શર્માના બેટનું વજન 1160 થી 1220 ગ્રામ ( 1.1 થી 1.2 કિલોગ્રામ) છે. રોહિત શર્માના બેટની કિંમત 45 હજારથી 52 હજાર રૂપિયા સુધીની હોય છે.

# ઈલેના રિબાકિના સંઘર્ષપૂર્ણ તથા ઈગાસ્વિયાતેક આસાન વિજય સાથે ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશી



(એજન્સી) લંડન તા 20

ઈગા સ્વિયાતેક ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશી

વિશ્વની ટોપ-10 મહિલા ખેલાડીઓમાં સામેલ કેટલીક ખેલાડીઓએ દુબઈ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં વિવિધ પરિણામ મેળવ્યા હતા. બીજી ક્રમાંકિત ઈગા સ્વિયાતેક, છઠ્ઠી ક્રમાંકિત ઈલેના રિબાકિના તથા સોફિયા કેનિને પોતાના અભિયાનને આગળ વધાર્યું હતું. પાંચમી ક્રમાંકિત અમેરિકાની જેસિકા પેગુલા તથા ચોથી ક્રમાંકિત જાસ્મિન પાઓલિનીનો પરાજય થયો હતો. કારકિર્દીમાં ત્રણ ફ્રેન્ચ ઓપન સહિત પાંચ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલી પોલેન્ડની સ્વિયાતેકે ડારિયા યાસ્ત્રેમસ્કાને 7-5, 6-0થી હરાવી હતી. છઠ્ઠી ક્રમાંકિત રિબાકિનાએ પાઉલા બડોસા સામેની મેચ બે વખત ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ 4-6, 7-6 (10-8), 7-6 (7-2)થી હરાવી હતી. ચીનની યુવા ખેલાડી તથા સાતમી ક્રમાંકિત કિનવેન ઝેંગનો પેટોન નોસ્કોવા સામે 6-3, 7-6 (10-3) પરાજય થયો હતો. આઠમી ક્રમાંકિત ઈમા નવારોએ સ્વિસ ખેલાડી બેલિન્ડા બેનકિચ સામે 6-7 (6-8), 6-2, 3-6થી, સોરેને ક્રિસ્ટયૂનો એલિસન પાર્ક્સ સામે 3-6,6-4, 6-1થી તથા 12મી ક્રમાંકિત મિરા આન્દ્રિવાનો માર્કેટા વોન્ડ્રોસોવા સામે 7-5, 6-0થી વિજય થયો હતો.

# કોહલી પોતાની બેટ પર સ્ટીકર લગાવી મેચ રમવાના કેટલા કરોડ ચાર્જ કરે છે?

(એજન્સી) નવી દિલ્હી તા 20

ક્રિકેટ વિશ્વની બીજી સૌથી લોકપ્રિય રમત છે અને વિરાટ કોહલી વર્તમાન સમયનો સૌથી મોટો અને સફળ ક્રિકેટર છે. વિરાટ જે પણ બ્રાન્ડ સાથે જોડાય છે તેની વેલ્યૂ ચોક્કસથી વધી જાય છે. વિરાટ મેચ, એન્ડોર્સમેન્ટ અને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટથી કરોડોની કમાણી કરે છે. જેમાં પોતાના બેટ પર સ્ટીકર લાગવી રમવાના પણ વિરાટ કરોડો લે છે. ઘણીવાર તમે જોયું હશે કે બેટ્સમેનના બેટ પર કોઈ કંપનીનું નામ લખેલું હોય છે, હકીકતમાં તે બેટ બનાવતી કંપની નથી, તે કંપનીનો લોગો છે જે તે ચોક્કસ ખેલાડીને સ્પોન્સર કરી રહી છે. વિરાટ કોહલી વર્તમાન સમયનો સૌથી લોકપ્રિય ક્રિકેટર છે અને તે પણ પોતાની બેટ પર એક કંપનીનો લોગો લગાવી મેદાનમાં રમતો જોવા મળે છે. વિરાટ કોહલીના બેટ પર બોલ્ડ અંગ્રેજી અક્ષરોમાં 'MRF' લખેલું હોય છે, જે એક ભારતીય ટાયર ઉત્પાદક કંપની છે. વર્ષ 2017 માં વિરાટ અને MRF વચ્ચે 8 વર્ષ માટે 100 કરોડ રૂપિયાનો સોદો થયો હતો, આ સોદો વર્ષ 2025 સુધી ચાલશે.



# ન્યુઝીલેન્ડના ખેલાડીનો ચોરાયો કિંમતી સામાન, સોશિયલ મીડિયા ફેન્સ થયા ગુસ્સે

(એજન્સી) કરાંચી તા 20

પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફી ચાલી રહી છે અને પહેલી મેચ ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહી છે. આ પહેલા પણ કિવી ટીમ ત્રિકોણીય સિરીઝ માટે પાકિસ્તાન આવી હતી. આમાં ત્રીજી ટીમ દક્ષિણ આફ્રિકાની હતી. આ ટુર્નામેન્ટ ન્યુઝીલેન્ડે જીતી હતી અને ફાઈનલમાં તેને પાકિસ્તાનને હરાવ્યું હતું. ત્રિકોણીય સિરીઝ દરમિયાન જ આવી ઘટના બની, જેને જોયા પછી પાકિસ્તાનની ચારેબાજુ ટીકા થઈ. કિવી ટીમના ખેલાડી રચિન રવિન્દ્રને લાહોરમાં બોલ વાગ્યો હતો અને તે ખરાબ રીતે ઘાયલ થયો હતો. લોહીનો પ્રવાહ વહેવા લાગ્યો. તેને તાત્કાલિક મેદાનની બહાર લઈ જવામાં આવ્યો અને બાદમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. આ ઘટના પછી, લાહોરમાં સ્થાપિત નવી ફ્લડ લાઈટ્સને નિશાન બનાવવામાં આવી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે ખેલાડીઓ બોલ જોઈ શકતા ન હોવાથી લાઈટ યોગ્ય રીતે લગાવવામાં ન આવી હોવાથી આ ઘટના બની હતી. રચિન રવિન્દ્રને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યાં તેની સાથે એક એવી ઘટના બની જેના માટે પાકિસ્તાન જાણીતું છે. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર લોકો આ દેશને ભિખારી કહી રહ્યા છે. પાકિસ્તાની લોકો દ્વારા કરવામાં આવેલા આ ઘૃણાસ્પદ કૃત્ય બાદ ફેન્સનો ગુસ્સો ફાટી નીકળ્યો.

# પાકિસ્તાની એરફોર્સે ન્યુઝીલેન્ડના ખેલાડીઓને ડરાવી મૂક્યા

(એજન્સી) કરાંચી તા 20

કરાંચી સ્ટેડિયમમાં પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી મેચ રમતાં ન્યુઝીલેન્ડના ખેલાડીઓ ડર્યા હતા કારણ કે ઉપર પાકિસ્તાની એરફોર્સના વિમાનો ઉડ્યાં હતા. પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી મેચ બુધવારે કરાંચીના નેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. પાકિસ્તાનના કેપ્ટન મોહમ્મદ રિઝવાને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. બંને ટીમો ટુર્નામેન્ટમાં પોતાની પહેલી લડાઈ શરૂ કરવા માટે પોતપોતાના ડ્રેસિંગ રૂમમાંથી પરત ફરતી વખતે, પાકિસ્તાન વાયુસેનાએ એક એર શો રજૂ કર્યો, જે પ્રતિષ્ઠિત ICC ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત દર્શાવે છે.

# પૂર્વ વિજેતા ટીમ આ વખતે ટૂર્નામેન્ટમાં કેમ નથી?

(એજન્સી)કરાંચી તા 20

ખિતાબ જીતનાર ટીમ કેમ બહાર? ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં 8 ટીમ ભાગ લઈ રહી છે. પરંતુ આ 8 ટીમ સિવાય અન્ય બે ટીમ એવી છે જે ચર્ચાનો વિષય બની છે. આ ચર્ચાનું કારણ એટલા માટે છે કે આ બંને ટીમ એક-એક વાર વિજેતા ટ્રોફીનો ખિતાબ જીતી ચુકી છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં 8 ટીમ છે. 4-4ના બે ગ્રુપમાં આ ટીમને મુકવામાં આવી છે. ગ્રુપ-એમાં ભારત, પાકિસ્તાન, ન્યૂઝીલેંડ અને બાંગ્લાદેશને મુકવામાં આવી છે. આજથી ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની શરૂઆત થઇ રહી છે. ખિતાબ જીતનાર ટીમ કેમ બહાર? ચેમ્પિયન્સ ટ્રોફીમાં 8 ટીમ છે. 4-4ના બે ગ્રુપમાં આ ટીમને મુકવામાં આવી છે. ગ્રુપ-એમાં ભારત, પાકિસ્તાન, ન્યૂઝીલેંડ અને બાંગ્લાદેશને મુકવામાં આવી છે. આજથી ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની શરૂઆત થઇ રહી છે. પ્રથમ મુકાબલો મેજબાન ટીમ પાકિસ્તાન અને ન્યૂઝીલેંડ વચ્ચે યોજાવાનો છે. આ વખતે આ ટૂર્નામેંટમાં અફગાનિસ્તાન અને બાંગ્લાદેશ જેવી ટીમ ભાગ લઇ રહી છે. આ ટીમોએ હમણા સુધી ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ પણ હાંસલ નથી કર્યો. તો બીજી તરફ, શ્રીલંકા અને વેસ્ટઇન્ડીઝ જેવી પૂર્વ આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના વિજેતા ટૂર્નામેંટની બહાર છે. આ ટીમોની ગેરહાજરીના કારણે ક્રિકેટ રસિકો પણ મુંઝવણમાં છે કેમ આ ટીમ પોતાનું પ્રદર્શન આ ચેમ્પિયન્સ ટ્રોફીમાં નથી કરી શકતી. ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં શ્રીલેકા અને વેસ્ટઇન્ડિઝની ટીમને બાકાત રાખવામાં આવી છે. આ બંને ટીમે 1-1 વાર ખિતાબ પોતાના નામે કર્યો છે. વનડે વિશ્વ કપ-2023માં જે ટીમ ટોપ-8માં રહી હતી. માત્ર એ જ ટીમો આ ટૂર્નામેંટમાં રમી શકશે.

# વધુ એક ક્રિકેટરના છૂટાછેડા: લગ્નના 14 વર્ષ બાદ પત્નીથી અલગ થયો

(એજન્સી) દક્ષિણ આફ્રિકા તા 20

દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ક્રિકેટર જેપી ડુમિનીએ છૂટાછેડા લઈ લીધા છે. ડુમિનીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને આ અંગે જાણકારી આપી હતી. ડુમિની અને તેની પત્ની સુ વચ્ચેના સંબંધો ઘણાં સમયથી વણસી ગયા હતા. ડુમિની અને સુના લગ્ન થયાના 14 વર્ષ થઇ ગયા હતા. ડુમિનીની ક્રિકેટ કારકિર્દી શાનદાર રહી છે. તે



ઈન્ડિયન પ્રિમિયર લીગ (IPL)માં પણ રમી ચૂક્યો છે. ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં ડુમિનીએ શું કહ્યું? જેપી ડુમિનીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે, 'ઘણું વિચાર્યા બાદ મેં અને સુ એ એકબીજાથી અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે બંને ભાગ્યશાળી છીએ કે લગ્ન પછી અમારી પાસે ઘણી સુંદર યાદો છે. અમારી બે પુત્રીઓ છે. અમે તમને બધાને વિનંતી કરીએ છીએ કે કૃપા કરીને આ સમયે અમારી પ્રાઈવસીની આદર કરશો.' ડુમિનીની ક્રિકેટ કારકિર્દી જો જેપી ડુમિનીની ક્રિકેટ કારકિર્દીની વાત કરીએ તો તેણે દક્ષિણ આફ્રિકા માટે 199 વનડે મેચ રમી ચૂક્યો છે. તેણે આ દરમિયાન 5117 રન બનાવ્યા હતા. જેમાં ડુમિનીએ ચાર સદી અને 27 અડધી સદી ફટકારી હતી. આ ફોર્મેટમાં તે 69 વિકેટ ઝડપી ચૂક્યો છે. આ સિવાય ડુમિની IPLમાં પણ રમી ચૂક્યો છે. જેમાં તેણે 83 મેચ રમીને 2029 રન બનાવ્યા હતા. જેમાં તેણે 23 વિકેટ ઝડપી હતી.

## વાત માની લે નહીંતર દેશ પણ નહીં બચે; ઝેલેન્સ્કીએ ટ્રમ્પને રશિયન દુષ્પ્રચારના શિકાર ગણાવ્યા

# યુદ્ધ મુદ્દે ટ્રમ્પ-ઝેલેન્સ્કી વચ્ચે વાગ્યુદ્ધ : કહ્યું, ઝેલેન્સ્કી સરમુખત્યાર

(અજન્સી) વૉશિંગ્ટન તા 20

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી વચ્ચ વાગ્યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' ઝેલેન્સ્કીને 'સરમુખત્યાર' કહ્યા છે. ટ્રમ્પે ઝેલેન્સ્કી પર રશિયા-યુક્રેન યુદ્ધને ભડકાવવાનો આરોપ લગાવ્યો હતો. એટલું જ નહીં, પ્રથમવાર ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિને મામૂલી કોમેડિયન કહ્યા હતા. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું, 'આ દરમિયાન, અમે રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવા સફળતાપૂર્વક વાતચીત કરી રહ્યા છીએ. આ કંઈક એવું છે જેને સૌ માને છે કે માત્ર ટ્રમ્પ અને ટ્રમ્પ પ્રશાસન જ કરી શકે છે. બાઈડેને ક્યારેય પ્રયાસ ન કર્યો, યુરોપ શાંતિ લાવવામાં નિષ્ફળ રહ્યું છે અને ઝેલેન્સ્કી કદાચ કંઈ કર્યા વિના પૈસા કમાવવાનું ચાલુ રાખવા માગે છે. મને યુક્રેન માટે પ્રેમ છે પણ ઝેલેન્સ્કીએ ખૂબ ખરાબ કામ કર્યુ છે. તેમનો દેશ વિખેરાઈ ગયો છે અને લાખો લોકો અકારણ માર્યા ગયા છે અને એ ચાલુ જ છે.'ટ્રમ્પે દાવો કર્યો કે ઝેલેન્સ્કીએ પોતે સ્વીકાર્યું છે કે અમેરિકા પાસેથી મળેલી આર્થિક મદદનો અડધો હિસ્સો ગાયબ થઈ ગયો છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું, 'જરા વિચારો, એક મામૂલી સફળ કોમેડિયન વોલોદિમીર ઝેલેન્સ્કીએ અમેરિકાને 350 અબજ ડોલર ખર્ચ કરાવી દીધા, એ પણ એક એવા યુદ્ધ માટે જે ક્યારેય થવું જોઈતું નહોતું અને જેને જીતી શકાય તેમ નહોતું. જો અમેરિકા અને 'ટ્રમ્પ' ન હોત તો ઝેલેન્સ્કી આનો કોઈ ઉકેલ ક્યારેય લાવી શક્યા ન હોત.



### યુક્રેન યુદ્ધ રોકવા રશિયા સાથે ચર્ચા ટ્રમ્પ જ કરી શકેઃ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ

ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું, 'આ દરમિયાન, અમે રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવા સફળતાપૂર્વક વાતચીત કરી રહ્યા છીએ. આ કંઈક એવું છે જેને સૌ માને છે કે માત્ર ટ્રમ્પ અને ટ્રમ્પ પ્રશાસન જ કરી શકે છે. બાઈડેને ક્યારેય પ્રયાસ ન કર્યો, યુરોપ શાંતિ લાવવામાં નિષ્ફળ રહ્યું છે અને ઝેલેન્સ્કી કદાચ કંઈ કર્યા વિના પૈસા કમાવવાનું ચાલુ રાખવા માગે છે. મને યુક્રેન માટે પ્રેમ છે પણ ઝેલેન્સ્કીએ ખૂબ ખરાબ કામ કર્યુ છે. તેમનો દેશ વિખેરાઈ ગયો છે અને લાખો લોકો અકારણ માર્યા ગયા છે અને એ ચાલુ જ છે.'. ટ્રમ્પે લખ્યું, 'ઝેલેન્સ્કીએ ચૂંટણી યોજવાનો ઈનકાર કરી દીધો, યુક્રેનના પોલમાં તેમનું પ્રદર્શન નબળું રહ્યું, અને એકમાત્ર ચીજ કે જેમાં તેઓ સારા હતા, તે-બાઈડેનને વાજાંની જેમ વગાડવા. ઝેલેન્સ્કી એક સરમુખત્યાર છે.

### ઝેલેન્સ્કીએ ટ્રમ્પના દાવાનું કર્યુ ખંડન

કિવમાં પત્રકારો સાથે વાત કરતા ઝેલેન્સ્કીએ ટ્રમ્પના દાવાઓને નકારતા કહ્યું કે તેઓ 'ખોટી માહિતી'ના પ્રભાવમાં છે. તેમણે કહ્યું, 'દુર્ભાગ્ય છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ રશિયન દુષ્પ્રચારના પ્રભાવમાં છે. અમેરિકી જનતાએ હંમેશા અમને સમર્થન આપ્યું છે અને અમે તેની પ્રશંસા કરીએ છીએ. પરંતુ યુદ્ધને ખતમ કરવા માટે યુક્રેનની ભાગીદારી જરૂરી છે." કેમકે, તેમણે એવું પણ કહ્યું હતું કે યુક્રેન ગમે ત્યારે રશિયાનો હિસ્સો બની શકે છે.

**ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે ઝેલેન્સ્કીએ પોતે સ્વીકાર્યું છે :** અમેરિકા પાસેથી મળેલી આર્થિક મદદનો અડધો હિસ્સો ગાયબ થઈ ગયો છે. તેમણે ઝેલેન્સ્કી પર ચૂંટણી ન યોજવાનો પણ આરોપ લગાવ્યો અને કહ્યું કે યુક્રેનમાં તેઓ અત્યંત અપ્રિય થઈ ગયા છે જેઓ ચૂંટણી યોજવાનો ઈનકાર કરી રહ્યા છે. તેમણે જલદી પગલાં લેવા પડશે નહીંતર તેમની પાસે દેશ પણ નહીં બચે.'

### રશિયા અંગે ટ્રમ્પના નરમ વલણ પર પ્રશ્નાર્થ

ટ્રમ્પ અગાઉ પણ રશિયા-યુક્રેનને લઈને વિવાદિત નિવેદન આપી ચૂક્યા છે. તેમણે કહ્યું હતું કે આ યુદ્ધ શક્ય એટલી જલદીથી ખતમ થવું જોઈએ, ભલે પછી એ માટે યુક્રેને પોતાની જમીન અંગે સમાધાન કરવું પડે. ટ્રમ્પના આ વલણથી કિવ અને તેના પશ્ચિમી સહયોગીઓ ચિંતિત છે. ટ્રમ્પના હાલના વલણથી અમેરિકા અને તેમના સહયોગી દેશોમાં ચિંતા વધી છે,

## જાપાની PM પર હુમલો કરનારને 10 વર્ષની જેલ

(એજન્સી) ટોક્યો તા 20

જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ફુમિયો કિશિદા પર હુમલો કરવાના દોષિત વ્યક્તિને 10 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. બુધવારે વાકાયામા જિલ્લા અદાલતે સજાની જાહેરાત કરી હતી. હુમલાખોર, રયુજી કિમુરા (25) ને પાંચ આરોપોમાં દોષિત ઠરાવવામાં આવ્યો છે. તેમણે 15 એપ્રિલ, 2023ના રોજ વાકાયામા શહેરમાં એક ચૂંટણી રેલી દરમિયાન કિશિદા પર સ્મોક બોમ્બ ફેંક્યો હતો. કિશિદા આ હુમલામાં બચી ગયા, પરંતુ અન્ય બે લોકો ઘાયલ થયા. કિમુરાને પોલીસે સ્થળ પર જ ધરપકડ કરી લીધી. તેની બેગમાંથી એક છરી પણ મળી આવી હતી. ફેબ્રુઆરીની શરૂઆતમાં તેની ટ્રાયલ દરમિયાન કિમુરાએ હત્યાના પ્રયાસના આરોપને નકારી કાઢ્યો હતો. તેણે દાવો કર્યો કે તેનો કિશિદાને મારવાનો કોઈ ઈરાદો નહોતો. આ વિસ્ફોટ પછીની તસવીર છે. આમાં જોઈ શકાય છે કે સુરક્ષા કર્મચારીઓએ શંકાસ્પદ વ્યક્તિને જમીન પર પછાડીને પકડી લીધો હતો. આ વિસ્ફોટ પછીની તસવીર છે. આમાં જોઈ શકાય છે કે સુરક્ષા કર્મચારીઓએ શંકાસ્પદ વ્યક્તિને જમીન પર પછાડીને પકડી લીધો હતો. આ તસવીર એ સ્મોક બોમ્બની છે જેનાથી કિશિદા પર હુમલો કરવામાં આવ્યો હતો. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, કિશિદા વાકાયામા શહેરમાં એક ચૂંટણી રેલીમાં ભાષણ આપવા પહોંચ્યા હતા. આ વિસ્ફોટ 15 એપ્રિલના રોજ સ્થાનિક સમય મુજબ સવારે વડા પ્રધાન કિશિદાએ વાકાયામા શહેરમાં પોતાનું ભાષણ પૂર્ણ કર્યું. તેમણે કહ્યું- અમે ચૂંટણી પ્રચારની વચ્ચે હાજર છીએ.

## અમેરિકામાં ફરી વિમાન દુર્ઘટના :ટક્સનના મરાના રિજનલ એરપોર્ટ પર બે નાનાં વિમાન ટકરાઈ ગયાં

(એજન્સી) વૉશિંગ્ટન તા 20

અમેરિકાના સાઉથ એરિઝોનામાં બે નાના વિમાન ટકરાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં 2 વ્યક્તિનાં મોત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત બુધવારે ટક્સનના મરાના રિજનલ એરપોર્ટ પર થયો હતો. બે લોકોના મોત ફેડરલ એર-સેફ્ટી તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે ટક્સનની બહારના ભાગમાં આવેલા મારાના પ્રાદેશિક એરપોર્ટ નજીક જ્યારે વિમાન અથડાયુ ત્યારે દરેક વિમાનમાં બે-બે લોકો સવાર હતા. અકસ્માતની જાણ કર્યા પછી, મારણા પોલીસ વિભાગે બે લોકોના મોતની પુષ્ટિ કરી. એક વિમાન કોઈ જાણકારી વિના લેન્ડ થયું અને બીજું રનવેની નજીક જમીન પર અથડાયું અને તેમાં આગ લાગી, જેમાં બે લોકોનાં મોત થયા, એમ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડે તેના તપાસકર્તાઓના આગમન પહેલાંની પ્રાથમિક માહિતીના આધારે જણાવ્યું હતું.



**અમેરિકાના ફિલાડેલ્ફિયામાં વિમાન દુર્ઘટના, 6 લોકોનાં મોત:** વિમાન દુર્ઘટના કારના ડેશકેમમાં રેકોર્ડ થઈ હતી. વિમાન ક્રેશ થયા પછી એક મોટો ધડાકો થયો અને આગ લાગી ગઈ. 1 ફેબ્રુઆરીના રોજ અમેરિકાના પેન્સિલવેનિયાના ફિલાડેલ્ફિયામાં એક નાનું મેડિકલ વિમાન ક્રેશ થયું. આ અકસ્માતમાં 6 લોકોનાં મોત થયાં હતાં. વિમાનમાં સવાર બધા લોકો મેક્સિકોના હતા.

### અમેરિકામાં તાજેતરમાં બનેલી વિમાન દુર્ઘટનાઓ

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર, લિયરજેટ 55 નામનું આ વિમાને નોર્થઈસ્ટ ફિલાડેલ્ફિયા એરપોર્ટથી સાંજે 6:30 વાગ્યે (સ્થાનિક સમય) ઉડાન ભરી હતી. માત્ર 30 સેકન્ડ પછી એ 6.4 કિલોમીટર (4 માઈલ) દૂર ક્રેશ થયું.

### બરફના વાવાઝોડામાં ટોરન્ટોમાં ડેલ્ટા એરલાઇન્સનું વિમાન ઊંધું થયું:18 ઘાયલ

કેનેડાના ટોરોન્ટોમાં પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન ડેલ્ટા એર લાઈન્સનું વિમાન ક્રેશ થયું. આમાં 18 લોકો ઘાયલ થયા હતા, જેમાંથી 2ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. વિમાનમાં 80 લોકો સવાર હતા. વિમાનમાં 76 મુસાફર અને 4 ક્રૂ-સભ્યો સવાર હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિમાન અમેરિકાના મિનિયાપોલિસથી ટોરોન્ટો આવી રહ્યું હતું. ફ્લૅપ એક્ટ્યુએટર ફેલ્યોર (FAF)ના કારણે વિમાન અચાનક પલટી ગયું.

## સુનીતા વિલ્યમ્સને બાયડેન જાણી જોઈને પાછાં નથી લાવ્યા ?

(એજન્સી) અમેરિકા તા 20

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સ્પેસ એક્સના સીઈઓ એલન મસ્કે બુધવારે અમેરિકાના પૂર્વ પ્રમુખ જો બાયડેનની સરકાર ઉપર ગંભીર આક્ષેપ મુકતાં કહ્યું હતું કે બાયડેન પ્રશાસને નાસાનાં અંતરિક્ષ યાત્રી સુનીતા વિલ્યમ્સ અને તેઓના સાથી બુચ વિલ્મોર જાણી જોઈને અંતર રાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (આઈએસએસ) ઉપર રહેવા દીધાં છે. મસ્કે તો ત્યાં સુધી કહ્યું કે તેઓને પાછાં લાવવામાં વાર લગાડવા પાછળ રાજકીય કારણ છે. આ સાથે મસ્કે એવી પણ ખાતરી ઉચ્ચારી હતી કે સ્પેસ સ્ટેસનમાં ફસાયેલા તે બંને અંતરિક્ષ પ્રવાસીઓને પાછા લાવવાના અમે તમામ પ્રયત્નો કરી રહ્યા છીએ. ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું : જો બાયડેન સુનીતા વિલ્યમ્સ સહિત નાસાના અંતરિક્ષ યાત્રીઓને પરત નહી લાવવા માટે રાષ્ટ્રીય કારણો હતાં. જ્યારે મસ્કે કહ્યું કે માટે ઝડપભેર કાર્યવાહી કરી રહ્યા છીએ. આ કાર્યવાહી હજી સુધી સ્થગિત રખાઈ તે બાબત જ હાસ્યાસ્પદ છે.

## અમેરિકાનાં 6 રાજ્યમાં પૂર, 14 લોકોનાં મોત

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 20

અમેરિકાનાં છ રાજ્ય- કેન્ટુકી, જ્યોર્જિયા, વર્જિનિયા, પશ્ચિમ વર્જિનિયા, ટેનેસી અને ઈન્ડિયાના પૂરનો સામનો કરી રહ્યા છે. સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય કેન્ટુકી હતું, જ્યાં 12 લોકો મૃત્યુ પામ્યા હતા, જ્યારે પશ્ચિમ વર્જિનિયા અને જ્યોર્જિયામાં એક-એક મૃત્યુ થયું હતું. સીબીસી ન્યૂઝ અનુસાર, પોલર વૉર્ટેક્સને કારણે અમેરિકાના પૂર્વી રાજ્યોમાં લગભગ 90 મિલિયન લોકો તીવ્ર ઠંડીનો સામનો કરી રહ્યા છે. તાપમાન રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે, શાળાઓ બંધ થઈ ગઈ છે, પાઈપો ફાટી ગઈ છે. 14 હજારથી વધુ ઘરોમાં વીજળી કાપી નાખવામાં આવી છે અને 17 હજાર સ્થળે પાણીપુરવઠો બંધ થઈ ગયો છે. રાષ્ટ્રીય હવામાન સેવાના હવામાનશાસ્ત્રી એન્ડ્રુ ઓરિસને જણાવ્યું હતું કે મધ્ય અમેરિકા હાલમાં સૌથી નીચું તાપમાન અનુભવી રહ્યું છે. મધ્યપશ્ચિમના કેટલાક વિસ્તારોમાં તાપમાન માઈનસ 50થી માઈનસ 60 ડિગ્રી સુધી પહોંચી ગયું છે. પશ્ચિમ વર્જિનિયાના ગવર્નર પેટ્રિક મોરિસીએ જણાવ્યું હતું કે પાણીના સ્તરમાં સતત વધારો થવાને કારણે ઘણા લોકો ગુમ થયા છે. બચાવ ટીમે કેન્ટુકી અને આસપાસના વિસ્તારોમાં 1,000થી વધુ બચાવ કામગીરી હાથ ધરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં કેન્ટુકીના કેટલાક ભાગોમાં 6 ઈંચ (15 સેમી) સુધી વરસાદ પડ્યો હતો, એના કારણે વ્યાપક પૂર આવ્યું હતું. ભારે વરસાદને કારણે નદીઓના પાણીનો સ્તર ઝડપથી વધ્યો અને વાહનો પાણીમાં ફસાઈ ગયાં. રાષ્ટ્રીય હવામાન સેવાએ કેન્ટુકી રાજ્ય માટે ચેતવણી જારી કરીને કહ્યું છે કે આગામી થોડા દિવસોમાં રાજ્યના ઘણા વિસ્તારોમાં નદીના પાણીના સ્તર વધુ વધશે. આ સાથે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાપમાન વધુ ઘટશે. કેન્ટુકીના ગવર્નર એન્ડી બેશિયરે લોકોને કહ્યું- જો તમારા ઘરમાં થોડા દિવસો સુધી વીજળી ન હોય, તો ગરમ જગ્યાએ સુરક્ષિત રહો. પોલર વૉર્ટેક્સ સાથે સંઘર્ષ કરી રહ્યું છે અમેરિકા અમેરિકામાં આ પૂર પાછળ પોલર વૉર્ટેક્સને કારણે બર્ફીલું તોફાન મુખ્ય કારણ માનવામાં આવે છે. અમેરિકાનાં ઘણાં રાજ્યો છેલ્લા બે મહિનાથી તીવ્ર ઠંડા પવનોનો સામનો કરી રહ્યાં છે. આનું મુખ્ય કારણ પોલર વૉર્ટેક્સ હોવાનું માનવામાં આવે છે. પોલર વૉર્ટેક્સમાં પવન ઘડિયાળની વિરુદ્ધ દિશામાં વહે છે.

## 'ખોવાયેલા સ્વર્ગ'ને નવી રાજધાની બનાવવા જઈ રહ્યું છે!

(એજન્સી) ઈરાન તા 20

ઈરાન તેની રાજધાની તેહરાનથી અન્ય કોઈ જગ્યાએ ખસેડવાનું વિચારી રહ્યું છે. તેહરાનમાં વધુ પડતી વસ્તી, પાણીની અછત, વીજળીની સમસ્યા, ટ્રાફિક જામ જેવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનની સરકાર તેની રાજધાની બદલવા માંગે છે. એવું માનવામાં આવે છે કે નવી રાજધાની દક્ષિણ કિનારા પર સ્થિત મકરાન શહેરમાં બનાવવામાં આવશે. મકરાન પ્રદેશ સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં સ્થિત છે અને ઓમાનના અખાતના કિનારે સ્થિત હોવાને કારણે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. 1979થી ઈરાનની રાજધાની બદલવાનો વિચાર ઘણી વખત ઉઠાવવામાં આવ્યો છે. પરંતુ ખર્ચ અને પડકારોને કારણે તે આગળ વધ્યો નથી. પરંતુ ગયા વર્ષે જુલાઈમાં પદ સંભાળનારા ઈરાનના સુધારાવાદી રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને તાજેતરમાં દેશની રાજધાની બદલવાની વાત કરી છે.

### પહેલી બેઠકનો હેતુ અમેરિકા અને રશિયા વચ્ચે વિશ્વાસ વધારવાનો હતો

## પુતિન ઝેલેન્સકી સાથે વાત કરવા તૈયાર

(એજન્સી) વોશિંગ્ટન તા 20

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે કહ્યું કે તેઓ યુક્રેન સાથે વાટાઘાટો કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે યુક્રેનને યુદ્ધ રોકવા માટેના કોઈપણ કરારમાંથી બાકાત રાખવામાં આવશે નહીં. હકીકતમાં, ઝેલેન્સકીએ મંગળવારે સાઉદી અરેબિયામાં રશિયા અને અમેરિકા વચ્ચે થયેલી વાતચીત પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે અમને મીટિંગમાં બોલાવવામાં ન આવ્યા તે આશ્ચર્યજનક છે. અમારી સાથે વાત કર્યા વિના કોઈ પણ સોદો કેવી રીતે કહ્યું કે રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વિશ્વાસ વધાર્યા વિના યુક્રેન યુદ્ધ સહિત ઘણા મુદ્દાઓ ઉકેલી શકાતા નથી. રિયાધમાં યોજાયેલી બેઠકનો હેતુ આ હતો.

### બંને દેશો શક્ય તેટલી વહેલી તકે પોતાના દૂતાવાસો કાર્યરત કરવાનું શરૂ કરશે

તે અંગે સંમતિ સધાઈ હતી. અમે અહીં સ્ટાફની ભરતી કરીશું જેથી બંને દેશો વચ્ચે તણાવની સ્થિતિ ન સર્જાય. યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી, બંને દેશોએ દૂતાવાસમાંથી સ્ટાફને બહાર કાઢ્યા. દૂતાવાસો લગભગ ત્રણ વર્ષ સુધી બંધ રહ્યા. આ તસવીર મંગળવારે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં અમેરિકા અને રશિયાના વિદેશ મંત્રીઓની બેઠક પછીની છે. આ તસવીર મંગળવારે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં અમેરિકા અને રશિયાના વિદેશ મંત્રીઓની બેઠક પછીની છે.

### પુતિને કહ્યું- હું પણ ટ્રમ્પને મળવા માંગુ છું

આ સાથે પુતિને રશિયા અને અમેરિકા વચ્ચેની વાતચીતને સારી ગણાવી. તેમણે કહ્યું કે બંને દેશોએ કોઈપણ પક્ષપાત વિના વાટાઘાટોમાં ભાગ લીધો હતો. તેમણે એમ પણ કહ્યું કે તેઓ ટ્રમ્પને મળવા માંગે છે પરંતુ આ મુલાકાતની તૈયારીઓ હજુ બાકી છે. ટ્રમ્પે કહ્યું- યુક્રેને ઉકેલ શોધવામાં ત્રણ વર્ષ બગાડ્યા તે જ સમયે, ઝેલેન્સકીની નારાજગી અંગે ટ્રમ્પે કહ્યું કે હું ઝેલેન્સકીને એમ કહેતા સાંભળી રહ્યો છું કે અમે તેમને વાતચીતમાં સામેલ કર્યા નથી. સત્ય એ છે કે તેમની પાસે વાટાઘાટો કરવા માટે ત્રણ વર્ષ હતા. તેઓ તે પહેલાં પણ વાત કરી શક્યા હોત, પણ તેમણે તે સમય બગાડ્યો.હું યુક્રેન માટે સોદો કરી શક્યો હોત. જો આવું થયું હોત.

## ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ વડા પોપ ફ્રાંસિસને બંને ફેફસામાં ન્યુમનોનિયા થયો

વેટિકન સીટી : ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ નેતા પોપ ફ્રાંસીસને બંને ફેફસામાં ન્યૂમોનિયાની ભારે અસર થઈ છે. તેઓને અત્યારે હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. પરંતુ તેઓની પરિસ્તિતિ નાજુક બની રહી છે. આ માહિતિ આપતાં વેટિકનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આટલી માંદગી છતાં તેઓ ખુશમિજાજમાં રહ્યા છે. તેઓનું મનોબળ અસામાન્ય છે. પોપ ફ્રાંસીસને શુક્રવારે રોમની ગેમેલ્વી હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. સોમવાર સુધીમાં તેઓના બહુવિધ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તે પછી તબીબોએ તેઓની ટ્રીટમેન્ટમાં ફેરફાર કર્યા હતા. તેવામાં મંગળવારે તેઓને પોલીમાઇક્રોબિયલ ઈન્ફેકશન લાગ્યું હતું. તે વખતે તેઓને એસ્થેમેટિક બ્રોન્કાઈટિસ તો હતો જ તેથી કોર્ટિઝોન એન્ટીબાયોટિક થેરાપી આપવામાં આવી રહી છે. પરંતુ તેમ છતાં હાલત ગૂંચવણભરી તો છે જ. આ સંત માત્ર ૨૧ વર્ષના જ હતા ત્યારે તેઓને ગંભીર પ્લુરિસી થયું હતું. તેથી તેઓનું અર્ધુ જમણુ તંદુરસ્તી અંગે દુનિયાભરમાં પ્રાર્થનાઓ થાય છે. પોપ ફ્રાંસિસ ૨૦૧૩થી આ પદ સંભાળે છે. તેઓએ હજી સુધીમાં નાદુરસ્તી તબીયત છતાં ઘણા દેશોની મુલાકાત લીધી છે. સપ્ટે. ૨૪માં તેઓએ એશિયા-પેસિફિક ૪ દેશોની મુલાકાત લીધી હતી. ૨૦૨૧માં તેઓને હર્નિયા અને કોલોન સર્જરી કરવામાં આવી હતી. ત્યારથી તેઓ વ્હીલ ચેરમાં જ હરી ફરી શકે છે. નામદાર પોપની તંદુરસ્તી માટે વેટિકનનાં સેન્ટ પીયર્સ સ્કવેરમાં સેંકડો ખ્રિસ્તીઓએ મીણબત્તી સાથે પ્રાર્થના કરી હતી.

## ગર્ભવતી મહિલાએ વર્ક ફ્રોમ હોમ માગ્યુ તો કંપનીએ જોબથી કાઢી મૂકી

(અજન્સી) બ્રિટન તા 20



બ્રિટનની એક કંપનીને વર્ક ફ્રોમ હોમની માગ ફગાવવાનું ભારે પડ્યું છે. કંપનીએ એક ગર્ભવતી મહિલા કર્મચારીને વર્ક ફ્રોમ હોમ કરવાની મંજૂરી ન આપતાં તેને રૂ. એક કરોડનું વળતર ચૂકવવુ પડ્યું છે. બર્મિંગમ સ્થિત રોમન પ્રોપર્ટી ગ્રૂપ લિ.માં કામ કરતી પાઉલા મિલુસ્કાને ગર્ભાવસ્થા દરમિયાન સ્વાસ્થ્ય સંબંધિત પડકારો નડ્યા હતાં. જેથી તેણે તે સમયે કંપની પાસે ઘરેથી કામ કરવાની મંજૂરી માગી હતી. જો કે, કંપનીએ તેને મંજૂરી તો ન આપી પરંતુ તેને નોકરીમાંથી પણ હાંકી કાઢી હતી. જેથી ડોક્ટરની સલાહ મુજબ તેણે કંપની સમક્ષ ઘરેથી કામ કરવાની મંજૂરી માગી હતી. જેને કંપનીએ ફગાવી દીધી હતી. તેમજ તેને નોકરીમાંથી પણ કાઢી મૂકી હતી. ટ્રિબ્યૂનલે ગર્ભાવસ્થાના કારણે કંપનીમાંથી કાઢી મૂકવાના પગલાંને ગેરકાયદે ગણાવ્યું હતું. જેથી કર્મચારીને વળતર આપવા આદેશ આપ્યો હતો. પાઉલા મિલુસ્કાની વર્ક ફ્રોમ હોમની મંજૂરી રદ કરવાની સાથે કંપનીએ તેને નોકરીમાંથી પણ બરતરફ કરવામાં આવતાં તેણે કંપની વિરૂદ્ધ કેસ ફટકાર્યો હતો. એમ્પ્લોયમેન્ટ ટ્રિબ્યૂનલે પાઉલાને કામમાંથી હાંકી કાઢવાના પગલાંને ભેદભાવપૂર્ણ દર્શાવ્યું હતું. જેના લીધે કંપનીને 94000 પાઉન્ડ અર્થાત રૂ. એક કરોડનું વળતર આપવાનો નિર્દેશ આપ્યો હતો. પાઉલા માર્ચ, 2022માં રોમન પ્રોપર્ટી ગ્રૂપ લિ.માં જોડાઈ હતી. તેણે તે વર્ષે ઓક્ટોબરમાં બોસને પોતાની ગર્ભાવસ્થાની સ્થિતિ વિશે જણાવ્યું હતું. નવેમ્બરમાં તેને સિરિયસ મોર્નિંગ સિકનેસ થયુ હતું. સ્વાસ્થ્ય સંબંધિત પડકારોના કારણે ઓફિસમાં આવી કામ કરવું મુશ્કેલ બન્યું હતું. જેથી ડોક્ટરની સલાહ મુજબ તેણે કંપની સમક્ષ ઘરેથી કામ કરવાની મંજૂરી માગી હતી. જેને કંપનીએ ફગાવી દીધી હતી. તેમજ તેને નોકરીમાંથી પણ કાઢી મૂકી હતી. ટ્રિબ્યૂનલે ગર્ભાવસ્થાના કારણે કંપનીમાંથી કાઢી મૂકવાના પગલાંને ગેરકાયદે ગણાવ્યું હતું. જેથી કર્મચારીને વળતર આપવા આદેશ આપ્યો હતો.

## અમેરિકાએ H-1B વિઝાના નિયમોમાં કર્યા ફેરફાર

(એજન્સી) અમેરિકા તા 20

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી સત્તામાં આવ્યા બાદ અનેક નિયમો બદલવાનું શરૂ કરી દીધું છે. જેમાં અમેરિકાએ H1B વિઝાના નિયમોમાં મોટા ફેરબદલ કર્યા છે. ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા નવા નિયમ હેઠળ H-1B વિઝા માટે માત્ર ટેકનિકલ ડિગ્રી પૂરતી રહેશે નહીં, પરંતુ કુશળતાને ધ્યાને લેવામાં આવશે. એટલે કે, ઉમેદવાર અરજીમાં તેની બધી લાયકાતોનો ઉલ્લેખ કરી શકે છે, પરંતુ તેમાંથી એક લાયકાત સીધી રીતે તેના કાર્ય સાથે સંબંધિત હોવી જોઈએ. અમેરિકામાં હવે ટેક્નિકલ કુશળતાને પણ ધ્યાને રાખશે અમેરિકા દર વર્ષે ટેક્નિકલ કર્મચારીઓ માટે આશરે 65 હજાર H-1B વિઝા જાહેર કરે છે. આ હેઠળ ભારત સહિતના અન્ય દેશના લોકો કામ માટે અમેરિકા જાય છે. અત્યારસુધીમાં H-1B વિઝા માટે ગ્રેજ્યુએશનની ડિગ્રી માન્ય ન હતી. પરંતુ હવે તેમાં થોડા ફેરફાર કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, પહેલા જો તમારી પાસે કોમ્પ્યુટર સાયન્સની ડિગ્રી હોય, તો તમને તેનાથી સંબંધિત કોઈપણ નોકરી માટે H-1B વિઝા માટે લાયક ગણવામાં આવતા હતા, પરંતુ હવે અરજદારોને તેમની ટેક્નિકલ કુશળતા વિશે પણ પૂછવામાં આવશે.આ એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે, જે સામાન્ય રીતે અમેરિકામાં કામ કરવા જતા લોકોને આપવામાં આવે છે. જેમની પાસે H-1B વિઝા છે તેઓ તેમની પત્ની અને બાળકોને પણ પોતાની સાથે રાખી શકે છે. જો કોઈનો H-1B વિઝા સમાપ્ત થાય છે, તો તે અમેરિકન નાગરિકતા માટે અરજી કરી શકે છે. જોકે તેનો સમયગાળો H-1B વિઝામાંથી 20 ટકા ભારતીય મૂળની ટેકનિકલ કંપનીઓ દ્વારા મેળવવામાં આવ્યા હતા. જ્યારે યુએસ નાગરિકતા અને ઈમિગ્રેશન વિભાગના ડેટા અનુસાર એપ્રિલ-સપ્ટેમ્બર 2024ના સમયગાળા દરમિયાન યુએસએ કુલ 1.3 લાખ H-1B વિઝા જાહેર કર્યા હતા, જેમાંથી 24,766 વિઝા ભારતીય મૂળની કંપનીઓને આપવામાં આવ્યા હતા.

## ટ્રમ્પ ચીન અને રશિયા પ્રત્યે મહેરબાન

(એજન્સી) વોશિંગ્ટન તા 20

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણને 30 દિવસ વીતી ગયા છે. આ દરમિયાન, ટ્રમ્પે હજારો ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કાર્યવાહી કરી છે અને તેમને સેનાના વિમાન દ્વારા ડિપોર્ટ કર્યા છે. જો કે, આ બાબતમાં ટ્રમ્પનું બેવડું વલણ સ્પષ્ટ દેખાય છે. ચૂંટણી પહેલા ચીનને ધમકી આપનાર ટ્રમ્પ હવે ચીન અને રશિયાથી 3 લાખ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા માટે સેનાના વિમાનો મોકલી રહ્યા નથી. અમેરિકાના ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ચીનથી 2 લાખ 60 હજાર અને રશિયાથી 30 હજારથી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ છે. તેમને પેસેન્જર ફ્લાઈટ્સ દ્વારા ડિપોર્ટ કરવામાં આવી રહ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પ ચીન અને રશિયા પ્રત્યે મહેરબાન લાગે છે. તેમણે રશિયન અબજોપતિઓની સંપત્તિ જપ્ત કરવા માટે જવાબદાર અમેરિકન કમિશનને વિખેરી નાખ્યું છે. ટ્રમ્પે અગાઉ ચીન પર 25% ટેરિફ લાદવાની ધમકી આપી હતી પરંતુ માત્ર 10% જ લાદવામાં આવ્યો હતો. TikTok પ્રતિબંધ અંગે પણ નરમ વલણ દાખવી રહ્યા છે. તાજેતરમાં, અમેરિકાએ સેનાની ત્રણ ફ્લાઈટમાં 332 ભારતીયોને પાછા મોકલ્યા. પહેલી ફ્લાઈટ ૫ ફેબ્રુઆરીના રોજ લેન્ડિંગ કરી હતા. બધા લોકોને હાથકડી, બેડીઓ અને સાંકળો પહેરાવીને અહીં લાવવામાં આવ્યા હતા. આ અંગે દેશમાં હોબાળો મચી ગયો હતો. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે તેઓ ખાતરી કરશે કે લોકો સાથે આવો વ્યવહાર ન કરાય.

સિટી એક્સપ્રેસ
FRIDAY 21 FEBRUARY-2025
AHMEDABAD



## અમદાવાદથી પસાર થતી બે ટ્રેન રદ, 7 મોડી પડશે

અમદાવાદ | રાજકોટ-હાપા સેક્શનમાં આવતાં પડધરી, ચાણોલ, હડમતિયા ખાટે ટ્રેક ડબલિંગ કામગીરી ચાલતી હોવાથી રેલવેએ બ્લોક લીધો છે. જેથી અમદાવાદથી પસાર થતી બે ટ્રેનો રદ કરાઈ છે. જેમાં 26 ફેબ્રુઆરીની ટ્રેન નં.09525 હાપા-નાહરલગુન તેમજ 1 માર્ચની ટ્રેન નં.09256 નાહરલગુન-હાપા સ્પેશિયલ રદ કરાઈ છે. જ્યારે બે ટ્રેન આંશિક રદ કરાઈ છે. આ ઉપરાંત 7 ટ્રેન 15 મિનિટથી લઈને 20 મિનિટ સુધી મોડી પડશે. કેટલીક ટ્રેનો મોડી ઉપડશે.

## જિ.પં.ના આરોગ્યના લેબોરેટરી ટેકનિશિયન 4 માર્ચે અનશન કરશે

ગાંધીનગર | જિલ્લા પંચાયત હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા લેબોરેટરી ટેકનિશયનને ઈન્ફેક્સન એલાઉન્સ તેમજ નોન પ્રેક્ટિસ એલાઉન્સ આપવામાં આવતું નથી. ઉપરાંત લેબ એટેન્ડન્ટ સહાયક પણ આપવામાં નહી આવતા કર્મચારીઓમાં નારાજગી ઉઠવા પામી છે. પ્રશ્નો અંગે છેલ્લા બે વર્ષથી લડત ચલાવવા છતાં ઉકેલ નહી આવતા તારીખ 4થી, માર્ચના રોજ અનશનનું શસ્ત્ર ઉગામવવાની ચીમકી ગુજરાત પંચાયત લેબોરેટરી ટેક્નીશિયન (પેથોલોજી) મહામંડળે ઉચ્ચારી છે.

# રાજ્યમાં IPS અધિકારીઓની મંજૂર થયેલી 208 જગ્યાઓ પૈકી 198 જગ્યાઓ ભરાયેલી છે: હર્ષ સંઘવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓના મંજૂર મહેકમ સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓની કુલ ૨૦૮ જગ્યાઓ મંજૂર થયેલી છે. તે પૈકી ૧૯૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ જગ્યાઓની ઘટ છે. તેમાં પણ ગત મહિને એક જગ્યા ભરાતા હવે ૯ જગ્યાઓની ઘટ છે. બાકી રહેલી જગ્યાઓ પણ ઝડપથી ભરી દેવામાં આવશે.રાજ્યના કેટલા આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે તે સંદર્ભે પૂછાયેલા પૂરક પ્રશ્નનો ઉત્તર આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, કેન્દ્રીય નીતિ મુજબ રાજ્યમાંથી ૪૫ આઇ.પી.એસ. અધિકારીઓ



કેન્દ્રમાં ડેપ્યુટેશન પર હોય શકે તેની સામે ગુજરાત રાજ્યમાંથી માત્ર ૨૪ જ આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન ઉપર છે. રાજ્યમાં મહિલા આઇ. પી.એસ. અધિકારીઓની સંખ્યા અને તેમને આપવામાં આવતી જવાબદારીમાં ભેદભાવના આક્ષેપ અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં મહિલાઓને વિશેષ જવાબદારી આપવામાં આવી રહી છે. ગુજરાતમાં પોલીસ ભરતીની સમગ્ર પ્રક્રિયા કરવાની મહત્વની કામગીરી એક મહિલા આઇ. પી.એસ. અધિકારી ડૉ.નીરજા ગોટરું સાંભળી રહ્યા છે. ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીની મહત્વની જવાબદારી એક મહિલા આઇ.પી.એસ. અધિકારી નિપુણા તોરવણે સાંભળી રહ્યા છે. તે ઉપરાંત ૩ હજાર કિમી દૂરથી ગુજરાતના સીસીટીવી હેક કરનાર લોકોને ગણતરીના કલાકમાં શોધી લેનાર પણ અમદાવાદ સાયબર ક્રાઈમના મહિલા આઈપીએસ અધિકારી ડૉ.લવીના સિન્હા છે. તે ઉપરાંત જિલ્લાઓમાં ડી.એસ.પી સહિતની મહત્વની જગ્યાઓ પર મહિલા આઈપીએસ અધિકારી જવાબદારી નિભાવી રહ્યા છે. ગુજરાત રાજ્યને ફાળવવામા આવેલા આઇ.પી.એસ. અધિકારીઓ પૈકી મહિલા આઈ. પી.એસ. અધિકારીઓની સંખ્યા ૩૪ છે.

## રેખા ગુપ્તાએ મુખ્યમંત્રી તરીકે શપથ લેતા પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલએ શુભકામના પાઠવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત બાદ આજ રોજ દિલ્હી શાલીમાર બાગ(ઉત્તર-પશ્ચિમ) બેઠક પરથી જીતેલા મહિલા ધારાસભ્ય રેખા ગુપ્તાએ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા આ સાથે અન્ય ધારાસભ્યોએ પણ કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે શપથ લીધા છે જે બદલ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર. પાટીલએ શુભકામના પાઠવી છે. સી.આર.પાટીલએ મુખ્યમંત્રી સહિત કેબિનેટમંત્રી તરીકે શપથ લેનાર તમામને શુભકામના પાઠવતા જણાવ્યું કે, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાજી વિદ્યાર્થી રાજકારણથી સક્રિય રાજકારણમાં પ્રવેશ્યા છે. તેઓ આગામી સમયમાં



ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પ પત્રમાં આપેલ વચનોને પુર્ણ કરવા કટિબદ્ધ રહેશે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી તેમજ કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઇ શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ મુખ્યમંત્રી તરીકે મહિલા ધારાસભ્યની પસંદગી કરતા તે સ્પષ્ટ થાય છે કે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં મહિલાઓને રાજકારણમાં 33 ટકા અનામત આપવાનો સંકલ્પ પુર્ણ કરે છે.

### કોંગ્રેસે બજેટનો કર્યો વિરોધ

## ખેડૂતોના દેવા માફ કરો, OPS લાગુ કરો, રત્ન કલાકારો માટે આર્થિક પેકેજ જાહેર કરો...

(એજન્સી) ગાંધીનગર । તા. 20

ગુજરાત રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ આજે ગુરુવારે (20 ફેબ્રુઆરી) વર્ષ 2024-25 નું બજેટ રજૂ કર્યું. જેમાં નાણાંમંત્રી દ્વારા શિક્ષણ, ખેડૂતો, પશુપાલન, રોજગારી સહિત અનેક યોજનાને લઈને બજેટમાં જાહેરાત કરવામાં આવી છે, ત્યારે કોંગ્રેસે બજેટને લઈને વિરોધ નોંધાવ્યો હતો અને ખેડૂતોના દેવા માફ કરો, OPS લાગુ કરો, રત્ન કલાકારો માટે આર્થિક પેકેજ જાહેર કરો સહિતની માગ મુકી હતી. ધારાસભ્ય અમિત ચાવડાનું નિવેદન સામે આવ્યું છે.

રાજ્યમાં 2024-25 નું બજેટ રજૂ કરવામાં આવ્યું છે, ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ આ બજેટને ચીલાચાલુ ગણાવ્યું હતું અને આમાં કઈ નવું નથી, ગામડા તોડાવાવાળું બજેટ છે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'ગુજરાતની જનતાની આશા હતી કે, બજેટમાં મોંઘાવારી રાહત મળશે, યુવાનો રોજગારી મળશે, ફિક્સ વેતન દૂર થશે, પરંતુ તમામ પર આશા ઠગારી નીકળી છે.' હીરા ઉદ્યોગમાં રત્ન કલાકારો સહિતના મુદ્દાને ધ્યાનમાં રાખીને અમિત ચાવડાએ કહ્યું હતું કે, 'રત્ન કલાકારોને આર્થિક પેકેજની આશા



હતી, પરંતુ ન મળ્યું. બહેનોને લગતી યોજના, આશા વર્કર, આંગણવાડીની બહેનોના લઘુતમ વેતનમાં વધારો, સરકારી કર્ચમારીઓને OPS લાગુ કરો કરવા સહિતમાં આશા ઠગારી નીકળી છે. શહેરીકરણ માટે બજેટ વધાર્યું, પરંતુ ગામડાઓમાં કોઈ વિશેષ જોગવાઈ નથી તેવું જણાવીને ગામડાઓ તોડી નાખ્યા. ખેડૂતોની આવકમાં વધારો થાય તેવી કોઈ આયોજન આ બજેટમાં જોવા મળ્યું ન હતું. આમ આ બજેટ ફક્ત જાહેરાતોવાળું છે.'

### જામનગરના ડ્રાઇવરના GST નંબરનો દુરુપયોગ

## ભાવનગરના શખ્સે 37 કરોડના બનાવટી બિલ બનાવ્યા

(એજન્સી) જામનગર | તા.20

જામનગરમાં છૂટક ડ્રાઈવિંગ કરતા યુવાનના GST નંબર પર 37 કરોડના વ્યવહારનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હરિયા કોલેજ પાછળ રહેતા મિત રશિકભાઇ ગડારાએ ભાવનગરના હનીફ શેખ સાથે ભાગીદારીમાં બ્રાસનો ધંધો શરૂ કરવાની વાતચીત કરી હતી. મિતે પોતાના બેંક અને GST સંબંધિત તમામ દસ્તાવેજો હનીફને આપ્યા હતા. ત્રણ મહિના સુધી કોઈ પ્રતિસાદ ન મળતા મિતે ફોન કર્યો. હનીફે મંદીનું બહાનું બતાવ્યું. છ મહિના પછી ફરી સંપર્ક કરતા હનીફે ફોન સ્વિચ ઓફ કરી દીધો. શંકા જતાં મિતે બેંક એકાઉન્ટની તપાસ કરાવી. તેમાં જાણવા મળ્યું કે તેની જાણ બહાર 37 કરોડના આર્થિક વ્યવહારો થયા




છે. હનીફે મિતના GST નંબરનો દુરુપયોગ કરીને આ બનાવટી બિલો બનાવ્યા હતા. મિત પહેલા પોતાના મામાના દીકરા સાથે દરેડ GIDCમાં એપેક્ષ ઈન્ડસ્ટ્રીઝ નામે બ્રાસનું કારખાનું ચલાવતો હતો. પરંતુ મનદુ:ખને કારણે આ ધંધો બંધ થયો હતો. હાલમાં મિતે પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાવનગરના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### 1 જૂન 2025ના રોજ 6 વર્ષ પૂરાં હોય તેમને અગ્રતા ક્રમના આધારે પ્રવેશ મળશે

## આરટીઈ હેઠળ ધોરણ 1માં પ્રવેશ માટે 28 ફેબ્રુઆરીથી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે

(એજન્સી) અમદાવાદ | તા.20

રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે આરટીઈ એક્ટ-2009 મુજબ શૈક્ષણિક વર્ષ 2024-25 માટે નબળા અને વંચિત જૂથના બાળકોને માટે વિનામૂલ્યે ધોરણ 1માં પ્રવેશ માટેની જાહેરાત કરી દીધી છે. આ જાહેરાત અનુસાર પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓના વાલીઓ https;//rte.orpgujarat.com વેબસાઈટ પર 28મી ફેબ્રુઆરીથી 12મી માર્ચ, સુધીમાં પ્રવેશ ફોર્મ ભરી શકશે.

આ અરજી પ્રક્રિયા માટે જરૂરી આધાર-પૂરાવા સહિતના ડોક્યુમેન્ટસની વિગતો વેબસાઈટ પર મૂકાઈ છે.વાલીએ ઓનલાઈન




ફોર્મ ભરતી વખતે જરુરી જન્મ તારીખનો દાખલો, રહેઠાણનો પૂરાવો, જાતિ-કેટેગરીનો દાખલો, સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, આઈટી રિટર્ન તથા રિટર્ન ન હોય તેવા કિસ્સામાં આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન વગેરે અસલ આધારો અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ વાલીએ પોતાની પાસે રાખવાની રહેશે.

ઓનલાઈન ભરેલુ ફોર્મ ક્યાંય જમા કરાવવાનુ રહેશે નહી. ગુજરાત સરકાર તરફથી રાજ્યની બિન અનુદાનિત અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં 25 ટકા મુજબ વિના મૂલ્યે ધો 1માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ પહેલી જૂન, 2025ના રોજ છ વર્ષ પહેલા પૂર્ણ કરેલા હોય તેઓને અગ્રતા ક્રમના આધારે પ્રવેશ અપાશે.

### રજીસ્ટ્રેશન ન કરાતા RTOએ આપી નોટિસ

## નડિયાદ મનપામાં સીટી બસોના પૈડા થંભ્યા!

(એજન્સી) નડિયાદ| તા.20

નડિયાદ મહાનગરપાલિકામાં ફક્ત 47 દિવસમાં સીટી બસોના પૈડા થંભી ગયા છે. 13 વર્ષે મળેલ સિટી બસ સેવા 47 દિવસમાં જ બંધ કરવામાં આવી છે. બસોનું રજીસ્ટ્રેશન ન કરાતા RTOએ નોટિસ આપી છે. નડિયાદ મહાનગરપાલિકામાં ફક્ત 47 દિવસમાં સીટી બસોના પૈડા થંભી ગયા છે. ગત 25 ડિસેમ્બર 2024એ ચાર સીટી બસ નંબર પ્લેટ વગરજ નડિયાદ શહેરમાં મોટા ઉપાડે શરૂ કરાઈ હતી. મહેસાણાની એજન્સી દ્વારા બસોનું રજીસ્ટ્રેશન ન કરાતા RTOએ મનપાને નોટિસ આપી છે. 13 વર્ષે નડિયાદને મળેલ સિટી બસની સેવા 47 દિવસમાં ફરી એકવાર છીનવાઈ ગઈ છે. મહાનગરપાલિકાએ એજન્સીને નોટિસ આપી તાત્કાલિક બસોનું પાસિંગ કરાવી બસો શરૂ કરવા કહ્યું છે. અન્ય જગ્યાએ બસોનું પાસિંગ કરાવેલું હતું જે રિમૂવ કરી ફરી પાસીંગ કરાવવાની કાર્યવાહીને લઈ વિલંબ થયો છે. ફરી એકવાર સીટી બસ દોડવામાં હજુ 2 અઠવાડિયા જેટલો સમય લાગશે તેવું ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું છે. RTOએ મનપા ને નોટીસ આપી સીટી બસ અંતર્ગત વાહનોના રજીસ્ટ્રેશનનો ડેટા માંગ્યો છે. રજીસ્ટ્રેશન બાકી હોય ત્યાં સુધી બસો દોડાવવાની બંધ રાખવા માટે આરટીઓએ સૂચના આપી છે. ચાર રૂટ પર દૈનિક અપડાઉન કરતા 1500 મુસાફરોને હાલ મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

## મુસાફરો મુશ્કેલીમાં મુકાયા:એન્જિનમાં ખામી સર્જાતાં દિલ્હી જતી ફ્લાઈટ પાછી વાળવી પડી

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદથી દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ખામી સર્જાતા રનવે પરથી પાછી લાવવી પડી હતી. એ પછી ફ્લાઈટને ગ્રાઉન્ડ કરી દેવાતાં 170 પેસેન્જર રઝળી પડ્યા હતા. ઈમરજન્સીમાં દિલ્હી પહોંચનારા પેસેન્જરો મુશ્કેલીમાં મુકાયા હતા. અમદાવાદથી દિલ્હી જતી ફ્લાઈટ સવારે 5.40 વાગે ટેક્સી વે પરથી રનવે પર ટેકઓફ માટે જાય તે પહેલા પાઈલટને એન્જિનમાં ખામી જણાઈ હતી.

સુરક્ષા ના કારણે ટેકઓફ રિજેક્ટ કરીને રિટર્ન કરવાનો નિર્ણય લીધો હતો. એરક્રાફ્ટ પાર્કિંગમાં લાવી ટેકનિશિયનોએ ચેક કરતાં એન્જિનમાં મોટી ખામી હોવાથી ક્લિયર ન થતાં ગ્રાઉન્ડ કરાઈ હતી. જેને કારણે પેસેન્જરો અટવાઈ પડ્યા હતા. મંગળવારે અકાશાની દિલ્હી જતી ફ્લાઈટમાં પણ ટેકનિકલ ખામી સર્જાતા 3 કલાકના વિલંબ બાદ રવાના થઈ હતી. દિલ્હીની ફ્લાઈટ રદ થતાં પેસેન્જરને અન્ય ફ્લાઈટમાં ટ્રાન્સફર કરાયા હતો કેટલાકને પૂરેપૂરું રિફંડ આપી ઘરે મોકલાયા હતા. તો કેટલાક પેસેન્જર એવા પણ હતા કે જેમને બીજા દિવસે ફ્લાઇટની તારીખ બદલી આપવામાં આવી હતી.

## સમલૈંગિક સંબંધના બહાને બોલાવી 85 હજારની ઠગાઈ

(એજન્સી) અમદાવાદ | તા.20

ઓનલાઈન એપના માધ્યમથી સંપર્કમાં આવેલા યુવકને સમલૈંગિક સંબંધ બાંધવાના બહાને બોલાવી અન્ય યુવકે 85 હજાર પડાવી લેતાં આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.મૂળ રાજસ્થાનનો 40 વર્ષીય યુવક ખાનગી કંપનીમાં મેનેજર છે. ગત ઓક્ટોબરમાં ગ્રાઈન્ડર એપના માધ્યમથી આદી ઉર્ફે વિનોદ નામના યુવક સાથે તેને ઓળખાણ થઈ હતી. બાદમાં બંને 18 ઓક્ટોબરે આનંદનગરમાં કીટલી પર મળ્યા હતા. એ સમયે આદી ઉર્ફે વિનોદે નજીકમાં તેના ફ્લેટમાં જવા યુવકને ઓફર કરી હતી. ફ્લેટના રૂમમાં પહોંચીને બંને સમલૈંગિક સંબંધ બાંધી રહ્યા હતા ત્યારે જ બે શખ્સ રૂમમાં ઘૂસી ગયા હતા, જેમાંનો એક શખ્સ આદી ઉર્ફે વિનોદનો ભાઈ અને બીજો તેનો મિત્ર હતો. બંનેએ યુવકને ધમકાવી ગાળાગાળી કરીને પોલીસ બોલાવવાનું કહેતા યુવક ડરી ગયો હતો. બાદમાં એ લોકોએ યુવકને લાફા મારીને સમાધાન માટે 1.08 લાખની માગણી કરી હતી, પરંતુ યુવક પાસે 90 હજાર હોવાથી આરોપીઓએ 85 હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા અને ધમકી આપી હતી. ત્યાર બાદ યુવકે આ મામલે આનંદનગર પોલીસને જાણ કરી હતી. પહેલાં અરજી લીધા બાદ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં એવું પણ સામે આવ્યું હતું કે આરોપીઓએ વાસણામાં રહેતા યુવક અને અન્ય બે લોકોને પણ ઘરે બોલાવી રૂપિયા પડાવ્યા હતા.

# ગંદા પાણીની દુર્ગંધથી 25 દિવસથી સ્થાનિકો હેરાન

## ગોતામાં રેલવે અંડરબ્રિજની કામગીરી સમયે ડ્રેનેજ-પાણીની લાઈન તૂટી

(એજન્સી) અમદાવાદ | તા.20

અમદાવાદના ગોતા વિસ્તારમાં વંદે માતરમ્ ક્રોસ રોડ નજીક બની રહેલા રેલવે અંડરબ્રિજની કામગીરી દરમિયાન ડ્રેનેજ અને પાણીને લાઈન તૂટી જવાના કારણે અનેક લોકોને દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે. ડ્રેનેજના ગંદા પાણીની દુર્ગંધથી નાગરિકો હેરાન પરેશાન થઈ ગયા છે. અનેક રજૂઆતો છતાં પણ કામગીરી સમયસર કરવામાં ન આવતા દરરોજ પાણી ભરાઈ જાય છે અને દુર્ગંધ મારે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની ધીમી અને નબળી કામગીરીના કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે. ભાજપના કોર્પોરેટરો પણ જે પાઈપલાઈનનો તૂટી હતી તેનું કામ ચાલુ થઈ ગયું છે, તેમ કહીને છટકી રહ્યા છે. ગોતા વિસ્તારમાં રેલવે અંડરબ્રિજ નજીક રહેતા મહેન્દ્રભાઈ પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, છેલ્લા 20થી 25 દિવસથી ગટરના ગંદા પાણીની દુર્ગંધથી ખૂબ હેરાન પરેશાન થઈ ગયા છીએ. પાંચ મિનિટ પણ અહીંયા ઊભા ના રહી શકાય તેવી સ્થિતિ હોય છે. નાના બાળકો પણ રમવા માટે અહીંયા બહાર આવી નથી



શકતા અને રોગચાળો ફાટી નીકળે તેવો ભય છે. કમલેશભાઈ નામના સ્થાનિક રહેવાસીએ જણાવ્યું હતું કે, અહીંયા ગટરની દુર્ગંધથી હેરાન પરેશાન તો છીએ સાથે નર્મદાની પાણીની પાઈપલાઈન પણ તૂટી ગઈ છે, જેના કારણે છેલ્લા 20 દિવસથી પાણી આવતું નથી. ભાજપના કોર્પોરેટરોને આ મામલે રજૂઆત કરી તો તેઓ દ્વારા ખાલી આવીને કામ ચાલુ કરાવી દીધું છે અને જોઈને જતા રહે છે. શ્રીફળ એપાર્ટમેન્ટના ચેરમેન અને સ્થાનિક રહેવાસી દ્વારકેશભાઈ પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રેલવે અંડરબ્રિજની કામગીરી દરમિયાન નર્મદાની પાઈપલાઈન પણ તૂટી ગઈ છે. જેના કારણે અમારે પાણી આવી રહ્યું નથી. આ મામલે અમે અરજી લખીને આપી છે. ફોટા-વીડિયો પણ મોકલી આપ્યા છે. કોઈપણ જવાબ આવ્યો નથી. 300 જેટલા મકાનો છે અને અમને નર્મદાનું પાણી મળતું નથી. ખાસ કરીને આ દુર્ઘટના કારણે ખૂબ હેરાન પરેશાન થઈ ગયા છે. અમારા બાળકો બીમાર પડી શકે તેમ છે. આ સમસ્યાનો જલ્દીથી નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ છે.

### મચ્છરોનો ઉપદ્રવ થાય તેવી સ્થિતિ

ગોતા વિસ્તારમાં વંદે માતરમ ક્રોસ રોડ નજીક આવેલા રેલવે ગરનાળા પર મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે દ્વારા સંયુક્ત રીતે અંડરબ્રિજ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા પાણી અને ડ્રેનેજની યુટિલિટી લાઈન અંગે કોઈ ધ્યાન આપ્યું નહીં અને જેસીબી મશીનથી કામગીરી દરમિયાન પાણીની પાઈપલાઈન તેમજ ડ્રેનેજ લાઈન તૂટી જવાના કારણે બધું પાણી રેલવે અંડરબ્રિજની કામગીરીના ખાડામાં ભરાઈ ગયું છે. પાણી ભરાઈ જવાના કારણે સખત દુર્ગંધ મારે છે અને મચ્છરોનો ઉપદ્રવ થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

## ન્યૂ ઝીલેન્ડમાં વર્ક પરમિટના બહાને 7 લોકોના રૂ.70.90 લાખ પડાવાયા

(એજન્સી) અમદાવાદ | તા.20

ન્યૂ ઝીલેન્ડમાં વર્ક પરમિટ વિઝાની સાથે રહેવાની, નોકરી આપવાની લાલચ આપી બે ઠગે સાત વ્યક્તિ પાસેથી કુલ રૂ. 70.90 લાખ પડાવી છેતરપિંડી કરી હોવાની ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાઈ છે.મેમનગરમાં રહેતા 38 વર્ષીય જયદીપ નાકરાણી વિજય ચાર રસ્તા પાસે વિઝાલી નામથી ફર્મ ધરાવી વિઝા કન્સલ્ટિંગનું તેમ જ પત્ની નિર્મિતા સાથે ભાગીદારીમાં અભિવ્યક્તિ કમ્યુનિકેશન નામની ફર્મ ધરાવી જાહેરાતો આપવાનું કામ કરે છે. તેમની ફરિયાદ અનુસાર, નવેમ્બર 2023માં ન્યૂ રાણીપ ખાતે માધવીસ બ્રિટિશ એકેડેમી ફર્મના માલિક દર્શિલ પટેલને તેઓ મળ્યા હતા. તેમણે ન્યૂ ઝીલેન્ડ વર્ક પરમિટ પર જવા માગતા હોય તેવા ભારતીયોના વિઝા તથા ત્યાં ઉતર્યા પછી એરપોર્ટથી લઈને રહેવા અને નોકરીની વ્યવસ્થા કરી આપવાની જવાબદારી લેતા હોવાનું તથા વ્યક્તિદીઠ 17 લાખનો ખર્ચ થતો હોવાનું અને ટિકિટના અલગ થતા હોવાનું જણાવ્યું હતું. આથી દર્શિલ




પર વિશ્વાસ રાખી જયદીપભાઈએ તેમના ગ્રાહક તુષાર શર્મા, વિશ્વકુમાર પટેલ, વ્યોમ ચૌધરી, દ્રુપત પટેલ, નરેન્દ્રસિંહ પરમાર, વિવેક પટેલ અને બ્લેશી પરેરાને ન્યૂ ઝીલેન્ડ ખાતે મોકલી આપવાનું કામ તેમને સોંપ્યું હતું. સાથે જ આ તમામ પાસેથી કુલ રૂ. 70.90 લાખ મેળવી પરમિટ વિઝા કરાવી આપવાની વાત કરી હતી. દર્શિલે ટિકિટ પણ આપી હતી. જોકે ટિકિટ કેન્સલ થઈ હોવાની જાણ થતા તેને ફોન કરી આપેલા પૈસા પરત માગ્યા ત્યારે તે ગલ્લાતલ્લા કરતો હતો. આથી પોતાની અને પોતાના સાત ગ્રાહકો સાથે દર્શિલ પટેલ અને તેના મળતિયા જયમીન પટેલે વિશ્વાસઘાત કર્યો હોવાની જાણ થતા જયદીપે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...